કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૭મું · મે ૯૪ · અંક ૭૯૬


સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક



ભાઈ મારા ખાંડણિયે ખંડાણાં નૂર · કોલાજ : અમૃતલાલ વેગડ



તડકાથી અદકેરો દીપે છે છાંયડો (ફોટો : એન્સલ એડમ્સ)

મોટી લેખણે

તમે મોટી મોટી લેખણે આલેખો તે
વાત કાંઈ મોટી ન થાય, મારા ભેરુ !

આજના દિવસની છાબડીમાં નાખીએ
મણ મણનો ભારે નિસાસો,
કાળ તણા ત્રાજવે તોયે જુઓ તો ભલા,
પૂરો તોળાયો નહીં માસો.
તમે મનમાન્યા તોલ લઈ બેસો તે
ધારણ ખોટી ન થાય, મારા ભેરુ !

મારાની શેરીમાં મોટી ધમાલ એમાં
આભને સીમાડે શી ધૂળ !
મારું બનીને એક મોજું વીખરાય ને
મોજાંનું જોવું ક્યાં મૂળ ?
તમે જિંદગીમાં રજ રજ વેરો તે
જિન્દગી રજોટી ન થાય, મારા ભેરુ !

મકરન્દ દવે

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૭૯૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ. ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમૅન). બિહારીલાલ પો. શાહ. ભાલચંદ્ર શાહ. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫). પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦; છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ.ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

શાંતિનિકેત આશ્રમના મહાસ્થવર આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેને તેમના 'ચિન્મય બંગ' ગ્રંથનું સમર્પણ નીચે પ્રમાણે કર્યું છે :

ઉત્સર્ગ

વર્તમાન ભારતના નવયુગના મહાનાયક શ્રી મહાત્મા ગાંધીના નામે 'ચિન્મય બંગ' ગ્રંથ વિનીતભાવે સમર્પણ કરું છું. - ક્ષિતિમોહન સેન

૧૯૨૦ સાલના ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક અધિવેશનમાં સભાપતિત્વ કરવા માટે ગુરુદેવ રવીન્દ્રનાથને આમંત્રણ આપવામાં આવ્યું હતું. શાંતિનિકેતનથી રવીન્દ્રનાથની સાથે ચાર્લ્સ એન્ડ્રુઝ, સંતોષકુમાર મજુમદાર અને હું અમદાવાદ ગયા હતા.

સાબરમતી આશ્રમમાં બેસીને બંગાળી નૂતન વર્ષના દિવસે બાંગ્લાદેશ અંગે ગાંધીજી અને ગુરુદેવને તે વખતે લાંબી ચર્ચા ચાલેલી. ભારતના નિરક્ષર સાધકોની ચિંતનધારા અંગે મારા જીવનના મોટાભાગના દિવસો વીતાવ્યા હતા. જ્ઞાનમય વિદગ્ધ જગતના સાન્નિધ્યમાં આવ્યો છું. કેવળ લોકસાધનાની સાથે છંદ-મેળ જોવા માટે.

આ બે મહાપુરુષોના મિલનમાં પેલું સંધાન ઘણી બધી રીતે સહજ થઈ જાય છે.

સાબરમતી આશ્રમની આ ચર્ચામાં શ્રોતાઓ તરીકે શાંતિનિકેતનની અમારી મંડળી સિવાય તે દિવસે હતા. ગુજરાતના કરુણાશંકર કુબેરજી ભટ્ટ, હરિપ્રસાદ (પીતામ્બરદાસ) મહેતા, મહાદેવ દેસાઈ, ઈન્દુલાલ યાજ્ઞિક અને આશ્રમવાસીઓનો સમૂહ. ચર્ચા દરમિયાન આ જ વાત સ્વીકારવામાં આવી હતી કે, કોઈ જ્ઞાતિ કે વંશ જો પોતાનાં સંસ્કૃતિગત ઐતિહ્ય અથવા ચિન્તનધારા ખોઈ નાખે તો તેના પરિણામરૂપે એક ટોળી બીજાને હેય તરીકે પુરવાર કરવા પ્રયત્ન કરતી હોય છે. બણગાં ફૂંકનારાઓની મદદથી જાતિગત કે સમાજગત વાહવાહ મેળવતી હોય છે; આણે જ વર્તમાન ભારતની પ્રાદેશિકતાનું રૂપ ધારણ કર્યું છે. સાબરમતી આશ્રમમાં અને ત્યારપછી શાહીબાગમાં ગુરુદેવની સાથે ગાંધીની ચર્ચા ચાલતી જે સમય દરમિયાન આ પ્રકારના લખાણની વાત મારા મનમાં સ્ફૂરેલી. - ક્ષિતિમોહન સેન



ચિન્મય બંગ : 1957 ગાંધીને અર્પણ કર્યું હતું. આ ગ્રંથનું પ્રચ્છદ 'ચૈતન્ય મહાપ્રભુ'નું છે, જે શ્રી નંદબાબુએ દોરેલું. (અહીં તે આપ્યું છે.) 'નતૂન' શબ્દ-પ્રયોગ કરવા જેવો છે. આપણે કરીએ - એવું ઉમાશંકરે 'સાધનાત્રયી'ના પ્રૂફરીડિંગ દરમ્યાન બેત્રણવાર મને કહેલું. આટલું જરા જણાવવા જેવું લાગ્યું.

- મોહનદાસ પટેલ (અમદાવાદ)

ચીન સાથેનું ભારતનું ઐતિહ્ય-બંધન સુદીર્ઘકાળનું હતું. એટલા માટે ચીનની યાત્રામાં કવિગુરુએ આ સંબંધી પ્રત્યક્ષ અભિજ્ઞતા અર્જન કરવા, જે તે વિષય સમજાવવામાં. તેમને સહાય કરી શકે એવા સાથીઓ - ક્ષિતિમોહન સેન, કાલિદાસ નાગ અને નંદલાલ બસુ-ને સાથે લીધા હતા. આ યાત્રા શરૂ થઈ ૨૧મી માર્ચના રોજ - ૧૯૨૪માં. કવિ હોંગકોંગ, સાંગહાઈ, હ્યાંગચાઉ નગરોમાં ચૈનિક ઐતિહ્ય અનુભવતા અનુભવતા પેકિંગ આવ્યા ત્યારે માંચુના સમ્રાટ સાથે મેળાપ થયા પછી, ૪થી મે ને દિવસે પેકિંગ આવ્યા.

(અનુસંધાન પૃ. ૨૩૫ પર)

વહેતી રાત

(ચોપાઈ)

વેત્રે ગાજી વહેતી રાત
ફંગોળે તારાનાં ગાત !

અંધકાર વૃક્ષોમાં વાય
તેજબિંદુઓ જળમાં ન્હાય !

અરે ! સાંભળું ત્રાડો-ચીસ,
તરી રહી વાઘોની રીસ,

છછુંદરોની નાસાનાસ !
શાહુડીઓના ખખળે શ્વાસ !

જંગલ તો વેરાયું દૂર
છતાં ય પડઘે એનું પૂર !

તણાય વ્હેણે સારું શ્હેર
તિમિરો લેતાં ઘુમ્મર ઘેર !

વ્રજલાલ દવે

ઘર

(ગઝલ)

વિશ્વ જેવું જ સાવ જર્જર છે;
કાયમી તો ય મારું આ ઘર છે.

સૌના પર્યાયરૂપે કળતર છે–
છત છે, દીવાલ છે ને ઉમ્બર છે.

આંગણાથી લઈને મેડી સુધી
મારા પડછાયાની જ હરફર છે.

છત ચૂવે છે દરેક ચોમાસે;
આંખની બારીમાંય ઝરમર છે.

તૂટ્યાં નળિયાંથી વરસે ચાંદરણાં,
વ્યોમ સાથેની મારી મર્મર છે.

આ તરફ એક જર્જરિત હસ્તી;
આ તરફ કાળ સાથે ટક્કર છે.

આ જ ઘરમાંથી મારી છેલ્લી સફર
જો શરૂ થાય તો એ અવસર છે.

ભગવતીકુમાર શર્મા

શું ભાગ્ય !

(ઉપજાતિ-સૉનેટ)

આકાશને ઝુમ્મર કો મઢેલા
તારા, કશી તારી અપૂર્વ આભા !
તું સ્વર્ગની સુંદરતા બનીને
રેલી રહે તેજલ રશ્મિધારા.

પૃથ્વી થકી કેટલું ઉચ્ચ આસન
બિરાજવાને યુગના યુગોથી
અમાસમાંયે અદકો પ્રકાશ
'શું ભાગ્ય, તારાં, નવ તેજવંત...!'

કહ્યું... અરે, ત્યાં ઇહ શું નિહાળું ! –
જડાયલા પાય ઉખેડી દૈન
તું ઊડવા મુક્ત મથંત વ્યર્થ
વ્યથાથી ઈર્ષ્યાભરી આંખડીએ
નિહાળતો મસ્ત ઊડી રહેલા
પૃથ્વીપટે, કોઈક આગિયાને !

ગીતા પરીખ

માણેકથંભ

(મંદાક્રાન્તા-સ્રગ્ધરા-સૉનેટ)

લ્યો લેવાણાં લગન ઘડિયાં, ઢોલ ઊઠ્યા ઢબૂકી,
ગુંજી ઊઠી શરણાઈ, સખી ! સૈયરો કેરી ટોળી
આવી પ્હોંચી હરખભર કૈં. (પાસ તારેય ઢૂંકી)
રેલ્યાં ગાણાં રસમય, દીધું ગામ આખું હિલોળી !

આવ્યો પેલો કલગી-સુહતો ગર્વથી લાલ સાફો !
પોંખાયો એ, તુજ કર ગ્રહ્યો, ચોરીના ચાર ફેરા
તારી સંગે ફરી, હરી બધું આપણું. લઈ ડેરા
ચાલ્યો એ તો. નજરથી જતો દૂર ને દૂર સાફો !

રંગેચંગે અવસર પત્યો, માણતાં હાશકારો
તારાં સર્વે સ્વજન. પણ હું તો સુણું છું નિસાસો
તારો-મારો અહીં તહીં. પડ્યો સ્વપ્નને કંઠ ફાંસો !
ઊભો છું આંગળ તવ, ન કાઢી શકું ઊંહકારો !

ખોડાયો આંગણે હું સુઘડ જડ શકે લાલ માણેકથંભ
કોળે જે ના કદીયે. જીવતર સઘળું રે ! હવે વિપ્રલંભ !

જિતેન્દ્ર કા. વ્યાસ



તપોમૂર્તિ ભક્તિબા

— સુશીલા જોશી —

ગાંધીજીની હાકલ સાંભળી કંઈ કેટલીયે વ્યક્તિઓએ ભારતની મુક્તિ કાજે પોતાની જાતને વિસારી સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ઝંપલાવ્યું હતું. આવા નિષ્કામ સેનાનીઓમાં દરબારશ્રી ગોપાળદાસ દેસાઈ અને તેમનાં પત્નતી ભક્તિબાનાં કામ અને નામ અતિ ઊજળાં છે. રાજકીય જંગમાં જ નહીં, પરંતુ સામાજિક દૂષણો અને અન્યાય સામે માથું ઊંચકી સૌરાષ્ટ્રમાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ તેમણે આદરી હતી.

ભક્તિબા નાનપણથી અત્યંત નીડર; ધાર્મિક સંસ્કાર અને કરુણાથી રંગાયેલાં. રાજભવનની ફૂલશય્યા પર પોઢનાર આ સન્નારીએ જેલજીવનની યાતનાઓ હસતે મુખે આવકારી. લીંબડી રાજ્યના દીવાન શ્રી ઝવેરચંદ અમીનનાં એ પુત્રી. જન્મ ૧૮૯૯માં. તેમનું બાળપણ લીંબડીના ઠાકોરસાહેબનાં કુંવરી રૂપાળીબાનાં કમ્પેનિયન તરીકે પસાર થયું. રાજમહેલનાં રસોડામાં ખવાસ ને વડારણો રસોઈ કરે એટલે ભક્તિબા સવારે દૂધમાં બનાવેલ ભાખરી ને છૂંદો લઈને આવે ને સાંજે ઘેર જાય. ઘણીવાર રાણીસાહેબ એમની પાસે જુદી જુદી વાનગીઓ બનાવડાવે. સામે બેસીને શિખવાડે. આમ કામની ફાવટ નાનપણથી આવી.

૧૯૧૩માં દરબારશ્રી ગોપાળદાસ દેસાઈ સાથે લગ્ન થયાં. દરબારસાહેબ રાયસાંકળી અને ઢસાના તાલુકદાર ગામધણી હતા. લગ્ન બાદ ભક્તિબા ખેડૂતોની સ્ત્રીઓ સાથે ખેતરમાં ફરી એમની સમસ્યાઓનું સમાધાન કરતાં. આઝાદીની લડતનાં બ્યૂગલ ફૂંકાતાં ભક્તિબાએ સત્યાગ્રહી બનવાની તૈયારી આદરી. પતિના દરબારી ઠાઠ ને મોજશોખ છોડી દેશહિતાર્થે આગળ વધ્યાં. સત્યાગ્રહી છાવણીઓમાં બંનેએ સાથે રહી શિસ્તબદ્ધ સૈનિકની જેમ કામ શરૂ કરી દીધું. રસોઈથી માંડી વાસણ માંજવાનું કામ હોય કે કૂવેથી પાણી ભરવાનું - તમામ કામો જાતે ઉપાડી લીધાં. નાગપુર ઝંડા-સત્યાગ્રહ, મીઠાનો સત્યાગ્રહ, હૈડિયાવેરાની લડત, બારડોલી કરયુદ્ધ - દરેક વખતે દરબારસાહેબ અને ભક્તિબા મોખરાની પંક્તિમાં જ હોય.

સત્યાગ્રહના જમાનામાં ૧૯૨૨માં રાયસાંકળીના દરબારગઢને બ્રિટિશ હકૂમતે તાળાં મારી દીધાં. ભક્તિબા એકલાં જઈ ચડ્યાં. તદ્દન સહજતાથી સીલતાળાં ઉઘડાવી દરબારગઢમાં પ્રવેશ કર્યો. પોલીસ-અમલદારોએ ધમકી આપી, તો તેમણે પડકાર ફેંક્યો : 'હું મારી અંગત ચીજવસ્તુ લેવા આવી છું. તમારાથી થાય એ કરી લો. મને જરા પણ ડર નથી.' તેમણે પોતાનાં તાળાં લગાવ્યાં અને હસતેમુખે ત્યાંથી વિદાય લીધી. ગામલોકો આ રાજકારણીને પાદર સુધી વળાવવા આવ્યાં. બીજી વાર આવો પ્રસંગ ઊભો થતાં જાતે કૉશ મંગાવી તાળાં તોડેલાં.

આગળ જતાં સૌરાષ્ટ્રના જનજીવનમાં અનેક સુખદુઃખની તડકી-છાંયડીમાં એ પ્રજા સાથે સમરસ બનીને રહ્યાં. શૈક્ષણિક ક્ષેત્રે તેમનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ખેડા જિલ્લા સ્કૂલ બોર્ડના અધ્યક્ષા તરીકેની તેમની સેવાઓ જાણીતી છે. રાજકોટનું પ્રવૃત્તિથી ધમધમતું પૂતળીબા ઉદ્યોગ-મંદિર તેમનાં દૃષ્ટિસંપન્ન માર્ગદર્શનનો નમૂનો છે. રાજકોટનું વલ્લભ કન્યા કેળવણી મંડળ અને નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપનાથી માંડી આજ સુધી ભક્તિબાની સેવાનો લાભ આ સંસ્થાઓને મળતો રહ્યો. રાજકોટની બાલવિકાસ સમિતિને માર્ગદર્શન આપ્યું એટલું જ નહીં, આ સંસ્થાઓ માટે જાતે આફ્રિકા, એડન અને રંગૂનનો પ્રવાસ ખેડી ફંડફાળો ભેગો કર્યો. આ અંગે એમને માનપત્રો પણ મળ્યાં.

નિષ્કામ સેવાનાં આજીવન ભેખધારી ભક્તિબા જિંદગીનાં ૮૫ વરસ વટાવી ચૂક્યાં બાદ તાજેતરમાં જ દિવંગત થયાં. તપોઃપૂત આ નારીના નિત્યક્રમમાં કોઈ નવરાશ નહોતી. એટલે જ તો એકવાર ઢેબરભાઈએ કહેલું, 'આપણા બધામાં કોઈ ખૂબ જ કાર્યરત હોય તો તે ભક્તિબા છે. વહેલી સવારથી રાતના દસ વાગ્યા સુધી કંઈ ને કંઈ કામમાં રોકાયેલાં જ હોય. નવરાશની કોઈ પળ તેમની પાસે નથી.'

એમનો કાંતણયજ્ઞ હંમેશાં ચાલુ જ હોય. સ્વામિનારાયણ

સંપ્રદાયના ચુસ્ત અનુરાગી. ભક્તિબા યાત્રાધામોમાં જાય ત્યારે ભેગાં કરેલાં જૂનાં વસ્ત્રો લઈ જાય અને ગરીબ-ગુરબાંઓને આપે.

'તેજવંતી તપસ્વિની' કહી તેમને બિરદાવનાર પ્રભુદાસ પટવારીએ કહ્યું છે, 'જેણે જીવનભર સર્વ ક્ષેત્રોમાં હોદ્દો, સ્થાન કે માનનો સ્વપ્ને પણ વિચાર કર્યો નથી એવાં કર્મયોગી, ગુણિયલ ભક્તિબાને અનેક વંદન.'


બાબુભાઈ જશભાઈ પટેલે તેમના વિષે કહેલું, 'અનાસક્ત ભાવે સમાનભાવથી સૌની સેવા કરનારું, સતત ભક્તિરસભર્યું, વ્રત, નિયમ અને તપથી પુનિત બનેલું તેમનું યજ્ઞસ્વરૂપ જીવન અનેકને માટે પ્રેરક અને અનુકરણીય રહ્યું છે. દીવાનનાં દીકરી, રાજવીનાં પત્ની, સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી જેને માતૃભાવથી જુએ છતાં અહંકાર તેમને સ્પર્શ્યો નથી.'

રાજકોટની વિવિધ સંસ્થાઓએ ભેગા મળી એમના ૭૫મા વરસે 'અમૃત મહોત્સવ' ઊજવ્યો. કુચીપુડીનાં નૃત્યકાર તેમનાં પુત્રવધૂ ગીતાશ્રીએ નૃત્ય દ્વારા તેમને ભાવભીનાં નમન કર્યાં. ગુજરાતમાં રાષ્ટ્રિય અને સામાજિક સેવાઓ કરનાર સ્ત્રી જ્યોતિર્ધરોનું જ્યોતિસંઘે અમદાવાદમાં સન્માન કર્યું ત્યારે ભક્તિબાનું પણ સન્માન કરવામાં આવેલું.

ઈ.સ. ૧૯૩૧ના ઑક્ટોબરમાં અમરેલી મુકામે સૌરાષ્ટ્ર મહિલા પરિષદના પ્રમુખ તરીકે ભક્તિબાએ જે વિચારો રજૂ કર્યા એ વિષેનો અહેવાલ ત્યાંના સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર'માં પ્રસિદ્ધ થયેલો.

તેઓ જણાવે છે : 'હું તો કાઠિયાવાડમાં જન્મી એટલે તમે ન બોલાવો તોય પરિષદમાં આવીને બેસવાનો મારો ધર્મ. પણ તમે પ્રમુખ તરીકે મારા માથે બોજ મૂક્યો. શાથી? મેં મારાં ગામ છોડ્યાં એ સ્વાર્થત્યાગથી ? પણ એ તો સમગ્ર ભારત માટે સ્વરાજ્ય મેળવવાના લાભ માટે એ નાનકડા ગામ ફેંકી દીધાં. એમાં સ્વાર્થ શાનો? કાઠિયાવાડ તો વીરભૂમિ, સિંહભૂમિ છે. અનેક નરરત્નોને જન્મ આપનાર વીર રમણીઓ આ ભૂમિનું ગૌરવ છે. આપણા સમાજમાં સ્ત્રીઓને લગ્નગ્રંથિથી બાંધી લેવામાં આવી છે. આ લગ્ન સમાનભાવે ન હોય ત્યાં સુધી સંસારરથ સરખો ન ચાલે. લગ્નમાં સમાનતા લાવવી જ જોઈએ. પુરુષની પેઠે સ્ત્રી પણ મરજીમાં આવે તો પરણે ને મરજીમાં આવે તો કુમારિકા રહીને જનસેવા કરે એમાં રોકટોક ન હોવી જોઈએ. કાઠિયાવાડી વીરાંગના એક દિવસ રણસંગ્રામમાં લોહીની છોળ ઉડાડતી, શિકારમાં સિંહની છાતી ચીરતી કે કાઠિયાવાડી સ્ત્રી કાયર બની ઘરને ખૂણે ભરાઈ બેઠી જોઈ છે? સત્યાગ્રહ સંગ્રામ વખતે પુરુષો ઘરમાં ભરાઈને બેઠા હોય તો તમે કાંડાં પકડી બહાર કાઢજો અને 'સિધાવોજી રણવાટ' ગાતાં ગાતાં શૂરાતન ચઢાવજો.'

જમાનાની નાડ પારખી આવી રણહાક કરનારા ભક્તિબા



પતિપત્ની : દરબાર ગોપાલદાસ અને ભક્તિબા

ભારત આઝાદ થયા બાદ આરામ ને આનંદ ભોગવવા નિરાંતે બેઠાં નથી; પણ તરત રચનાત્મક ક્ષેત્રે, ખાસ કરીને ખાદી અને શિક્ષણક્ષેત્રે, નોંધપાત્ર કામગીરી બજાવતાં રહ્યાં.

રાજકોટ વિદ્યાલયમાં ૨૦ વરસ પહેલાં તેમને અનેકવાર જોયાં છે, પણ એક વાર કોઈ પૂર્વસૂચના આપ્યા વગર હું ત્યાં પહોંચી ગઈ. વિદ્યાલય સાથે હકકનો દાવો તો કરો જ. ખૂબ જ આત્મીયતાપૂર્વક તેમણે વાતો કરી. હિમાલયના ધવલ શિખર જેવા ફરફરતા વાળ, રૂપાળો નમણો ગોળ ચહેરો, માંજરી આંખો, સહેજ કાંપતી કાયા, આપોઆપ નમન માટે હાથ જોડાઈ જાય એવું ભક્તિભાવથી છલકાતું ગરિમાપૂર્ણ વ્યક્તિત્વ. અતીતનો પડદો ઊંચકી એ ધીમેધીમે દૃશ્યો તાદૃશ કરે છે. સ્મૃતિ અકબંધ છે. વાતોનો પાર નથી. પણ આ બધું તારસ્વરે નથી આવતું. મારા પ્રશ્નના જવાબમાં કંઈક બીજું યાદ આવતાં ઘણીવાર પ્રશ્ન અધ્ધર લટકતો રહે ને નવું નીકળી આવે. કડીબદ્ધ વિગતોના કિનારા છૂટતા જાય, રહે માત્ર સ્મૃતિઓ. પ્રસન્ન દાંપત્યનાં સ્મરણોથી ગદ્‌ગદ થઈ જતાં મુક્તમને હસી પડતાં ભક્તિબાએ એ સમયમાં ગવાતાં ગીતો પણ ગાઈને સંભળાવ્યાં. કલમ ઝપાટાબંધ ડાયરીમાં નોંધ ટપકાવ્યે જાય અને આંખો એમના ભાવનીતરતા ચહેરા સામે મુગ્ધભાવે જોતી રહી જાય. સ્થળ-કાળને વટાવી સ્વાતંત્ર્ય-સંગ્રામની વાતો જાણે હું નજર સમક્ષ જોતી હતી. પછી તો લોકમાંગલ્યના અહર્નિશ ચિંતનમાં ડૂબેલ એમની વાણીનો પ્રવાહ વહેતો જ રહ્યો.

ભણતર કેવળ છ ચોપડી! એ પણ સ્કૂલમાં નહીં, રૂપાળીબા સાથે રાજમહેલમાં રહીને જ ભણ્યાં. લગ્ન થયું ત્યારે તેમની ઉંમર ચૌદ વરસની. લીમડીના ઠાકોરસાહેબે ૧૯૧૩માં કન્યાદાન આપેલું. આ પ્રસંગની યાદ માટે આજીવન વાર્ષિક ૨૦૦ રૂપિયાનો દાયજો બાંધી આપ્યો. રાજ્યના ગેઝેટમાં એ પ્રસિદ્ધ થયો. દરબારસાહેબને ભક્તિબાના બાપુજીએ રત્નજડિત બેડી અને તોડો ભેટમાં આપેલાં. ગાંધીજી જ્યારે સૌપ્રથમ વઢવાણ

મીટિંગમાં આવ્યા ત્યારે દરબારે એમની ઝોળીમાં દાગીના અર્પણ કરી દીધા. એમનાં લગ્ન વખતે ચીલાચાલુ રિવાજોને દૂર કરી નક્કી કરેલાં ત્રણ ગામની બહાર એમને પરણાવેલાં. વસોના કૌટુંબિક રિવાજો વિચિત્ર હતા. સ્ત્રીઓ મરજાદમાં રહે. બહાર જવાનું હોય ત્યારે સિગરામ અને પસાયતા હાજર હોય. પતિનું નામ ન લેવાય. વડીલોના દેખતાં બાળકોને ન રમાડાય. પણ ભક્તિબા અને તેમના પતિ આ સામે ઝઝૂમ્યાં અને આજે આપોઆપ એ રિવાજોનો લોપ થઈ ગયો છે. ૧૯૧૫થી ૧૯૨૦ સુધી રાજ્યધુરા સંભાળી. લીમડીના દરબારમાં ઊછરેલાં એટલે દરબારસાહેબના દરેક કાર્યમાં સાથે રહેતાં. ૧૯૨૧માં ગાંધીજીની ચળવળની વાતો શરૂ થઈ. દરબારસાહેબ એને લગતું તમામ સાહિત્ય મંગાવતા. પોતે વાંચે ને ભક્તિબાને પણ સંભળાવે.

ભક્તિબા લખે છે : 'ગુજરાત ગાયકવાડ રાજ્યમાં અમારે છડી-છત્રીનો અધિકાર હતો. સૂર્ય હોય તો અબદાગીરી સાથે ચાલે ને રાત હોય તો મશાલ લઈને પહેરેદારો સાથે ચાલે. એ બધો સરંજામ હોય ત્યારે બહાર નીકળાય. પણ લડતમાં પડ્યાં ત્યારથી બધું છોડી દીધું. છઠ્ઠી રાજકીય કૉંગ્રેસ આણંદમાં મળેલી. તેના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ. અમે બંનેએ એમાં ભાગ લીધો. પછી વાઈસરૉયે દરબારને બોલાવ્યા. પાયલાગુણ વખતે દરબારને ખાદીના પોશાકને બદલે મૂળ પોશાકમાં આવવાનો હુકમ કર્યો; પણ ના પાડતાં ખૂબ અપમાન કર્યું. હક્ક નાબૂદ કર્યા. પણ દરબારે નમતું ન મૂક્યું. મારા જેઠે પણ ના પાડી.'

એમણે અમદાવાદ કૉંગ્રેસ-અધિવેશનમાં ભાગ લીધો ત્યારથી રાજકીય કારકિર્દીની શરૂઆત. વિઠ્ઠલભાઈ પટેલે વિલાયતી કાપડનો બહિષ્કાર કરવાની ઝુંબેશ ઉપાડી. નડિયાદ ને બોરસદમાં દુકાનો પર પીકેટિંગ કરવા તે જતાં. કાપડની દુકાનોમાં અને દારૂના પીઠા પર સવારે નવ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી દુકાને દુકાને બીજી બહેનો સાથે આડાં ઊભાં રહે.

એક્વાર એઓ સરઘસ લઈને જતાં હતાં ત્યાં પોલીસો આવ્યા. ગંગાબહેન વૈદ્યને માથે લાકડીનો ફટકો પડ્યો. વિધવા હોવાથી માથું મૂંડાવેલું એટલે સખત માર લાગ્યો. પકડીને જેલમાં લઈ જતા હતા ત્યારે ઊભી બજારે લોહીના રેલા ચાલ્યા. રિપોર્ટ ગયો ત્યારે ત્યાંથી કમિશન આવ્યું. ભક્તિબાને પણ પકડીને સીધાં જેલ ભેગાં કરેલાં. ગાંધીજી સાથે સમજૂતીની વાતો થતી હતી ત્યારે અમદાવાદમાં અઢી મહિના એમને જેલમાં ગોંધી રાખ્યાં હતાં. ભક્તિબાએ લખ્યું છે :

"હોમરૂલ લીગની ચળવળ શરૂ થઈ. ઢસામાં છાપું આવે. મારા ભાઈએ લડતમાં ઝંપલાવેલું. એના ભાષણના સમાચાર આવે. એક વાર છાપું વાંચતા મેં દરબારને કહ્યું, 'જુઓ મારા ભાઈ તો રણસંગ્રામમાં ઝઝૂમે છે ને તમે હિંડોળા-ખાટે ઝૂલો છો !' તેમણે મને કહ્યું, 'તમને ગમશે ?' મેં હા પાડી, અને બસ ત્યાર પછી અમે દરેક લડતમાં સાથે રહ્યાં."

સાબરમતી આશ્રમમાં ગાંધીજી અને કસ્તુરબા પાસે મણિબહેન પટેલની સાથે ભક્તિબાને ફાવી ગયું. દરબારસાહેબે પણ આશ્રમમાં જાતે કામ ઉપાડી લીધું.

આશ્રમમાં બાપુ બહેનોના વર્ગ લેતા. ગીતા, રામાયણના દાખલા આપે, સંસ્કૃત શીખવે, 'ભજનાવલી'માંથી ભજન ગવડાવે. સવાર-સાંજ પ્રાર્થના તો હોય જ. ગરમીના દિવસોમાં બાપુ, હૃદયકુંજ કુટીરની બહાર ઓટલા પર સૂતા ત્યારે ભક્તિબા અને ગોપાળદાસ બાજુમાં શેતરંજી નાંખીને પડ્યાં રહેતાં.

બારડોલી સત્યાગ્રહ વખતે સરદાર ને બાપુનો ઉતારો ભક્તિબાની સાથે હતો. રાત્રે કસ્તૂરબા બાપુને પગે ઘી ઘસે. એમને ઉઠાડી ભક્તિબા ઘસવા લાગે ત્યારે બા માથે ઘસે. એ વખતે એક્વાર બાપુએ કહેલું, 'ભક્તિબહેન, તમને એમ લાગે છે કે, બાપુનાં આંગળાં ભાંગી જશે. તમારામાં જેટલું જોર હોય એટલા જોરથી ઘસો.'

બહાર થાણાં નાખેલા લોકોનો પ્રવાહ આવ્યા જ કરે. તેમના ચા-પાણી તથા જમવાની વ્યવસ્થા બધું ભક્તિબા અને દરબારસાહેબ સંભાળતાં. એક્વાર સાંજે ભક્તિબા અને કસ્તૂરબા પીજના પ્રખ્યાત મહાદેવના દર્શન કરવા ગયાં. બાએ કહ્યું, 'જુઓ ભક્તિબહેન, સ્વરાજ્ય મળશે તો મહાદેવને ઘંટ બાંધવો છે હોં ! હું ન હોઉં તો તમારે ઘંટ બાંધવાનો.' અને થયું પણ એવું જ ! આગાખાન મહેલમાં બાનો સ્વર્ગવાસ થયો. પણ ભક્તિબાએ સ્વરાજ્ય મળ્યા પછી પીજના મહાદેવમાં ઘંટ બાંધી વચન પાળ્યું !

એ વખતે લડતમાં ફૂલચંદભાઈ ગામડે ગામડે ગીતો લલકારતા : 'છાતીએ બાણ વાગ્યાં અમારી છાતીએ બાણ વાગ્યાં' કરીને છાતી કૂટે. ચંદુભાઈ દેસાઈ, નંદુબા, મૃદુલાબહેન અને ભારતીબહેન સારાભાઈ, ઈન્દુમતીબહેન શેઠ અને ભક્તિબા બધાં સાથે જ હતાં. અમરેલીના અંધકવિ હંસરાજ ગીતો જોડતા. એમનો 'રતનબાનો ગરબો' ત્યારે ખૂબ જ જાણીતો થયેલો : 'અંગ્રેજી રાજ તો આવ્યું, આવીને અહીં ફાવ્યું, રતનબા...' ગામેગામ સભાઓ ભરાતી. હંસરાજ બોલવા ઊભા થાય ત્યારે ત્રણવાર મહાત્મા ગાંધીની જય બોલાય. મોટો અવાજ આવે ત્યારે અવાજ ઉપરથી સંખ્યા પારખીને ભાષણ શરૂ કરે.

નાગપુર ઝંડા સત્યાગ્રહ વખતે જિલ્લાવાર ટુકડીઓ જતી. ખેડા જિલ્લાની ટુકડીમાં ભક્તિબા સમેત ૬૦ જણા ગયેલાં. ૧૦ બહેનો, બાકીના ભાઈઓ. સ્ટેશને સ્ટેશને સ્વાગત થતું. લોકોનાં ટોળેટોળાં દર્શને ઊમટતાં. ભોગ આપવા માટે જાણે હોડ ચાલતી. એ જુવાળ હતો ભોગનો. આજે ભોગવવાનો જુવાળ આવ્યો છે.

ભક્તિબા કહેતા કે, 'અમને એ વખતે ખ્યાલ પણ નહોતો કે આનો બદલો મળવાનો છે. રીતસરની લડત કૅમ્પની હદમાં થાય. ચાર રસ્તા આવે, ટુકડીઓ બેઠી હોય એમાંથી જેને પકડવાનો ઈરાદો હોય એ ઝંડો લઈને આગળ વધે એટલે તરત અમલદારો એને પકડી લે. બાકી બધાં રાષ્ટ્રિય ગીતો ગાતાં હોય. એ વખતે જેલની સજા કડક હતી. અવાવરું મકાનમાં રાખે. વીંછી, સાપ ને જીવજંતુ હોય ત્યાં શૌચક્રિયા માટે જવાનું. બળદની જગ્યાએ જોતરી ઘાણી પિલાવે. કોસ ચલાવડાવે. હાથમાં રોટલા હોય ને પાછળથી ફટકારે.

આપણી પોલીસો ક્યારેક સહકાર પણ આપતી. એક વાર મકાનમાં હતાં ને પોલીસ પકડવા આવેલી. થોડાં લોકો અંદરની બાજુથી નીકળી ગયાં. પ્રાર્થના કરતાં હોય તેમને કહે, 'નિરાંતે પ્રાર્થના કરી લો. ઉતાવળ નથી. અમે નોકરી છોડી દેશું પણ બહેનોને નહીં પકડીએ. નામ હોય તેટલાને પકડે. બહેનોને નહોતા પકડતા.

૧૯૩૫માં બોરસદ તાલુકામાં પ્લેગ ફાટી નીકળ્યો. ભક્તિબા અને બીજાંઓએ ઘેરઘેર ફરી સફાઈનું કામ ઉપાડી લીધું. વળી, બહેનો ત્યારે મણમણની રસોઈ કરતી. ધરાસણાની લડત વખતે મીઠું પકવવાની બાબતમાં ૧૦૦ સૈનિકોને રોજ જમાડતા.

૨૪ વરસની ઉંમરે ભક્તિબા પૂના જેલમાં ગયાં. ત્યાર પછી બોરસદ તાલુકામાં મહેસૂલ નહીં ભરવા અંગેની ચળવળમાં દોઢ વરસ જેલમાં રહેવું પડ્યું હતું. સાબરમતી જેલ ભરાઈ ગઈ એટલે તેમને યરવડા જેલમાં લઈ ગયા. એ અનુભવ...? આજે તો જરાક દુઃખ પડે ત્યારે સ્ત્રીઓ આપઘાત કરવા નીકળી પડે, પણ તો જેલ ભોગવી છે ને તેય કેવી ? જેલમાં બંગડી ન પહેરવા દે. બીજી બહેનોએ વિરોધ કર્યો પણ ભક્તિબા કહે છે કે, 'અમે રસ્તો કાઢ્યો. સૂતરની આંટી વીંટી લેવી. સ્ત્રી કેદીઓને ભાગે સીવણ-વણાટનું કામ આવતું. કેદીઓનાં પહેરણ, ચડ્ડીઓ, ટોપી બધું હાથસિલાઈથી કરવું પડતું. જૂના ધાબળાના કટકા આપે તેમાંથી ઊન જુદું કાઢવાનું. પછી તેને પલાળી, ધોકાવી ઊન સરખું થાય એટલે કાંતવાનું. ખાવા માટે તાંસળું-થાળી આપ્યાં હોય એ અને ધાબળા વગેરે લાઈનસર ગોઠવી રાખવાનાં. જેલર પસાર થાય ને બરાબર ન લાગે તો સજા ફટકારે. કોઈવાર રસ્તા પરનાં કાંકરા વિણાવે તો કોઈવાર ઘાસ વઢાવે.

'ખાવામાં...? સવારે મીઠું નાંખેલી જારની રાબ, બપોરે બે રોટલા ને જાડી દાળ. સાંજે બે રોટલા ને પાશેર ગૉળ, થોડું મીઠું અને કોપરેલ જુદું આપે. એક ટંકે રોટલા ખાઈ ન શકાય, એટલે રૂમાલમાં વીંટી બિસ્તરમાં સંતાડી દઈએ, મીઠું પણ ભેગું કરીએ. મૅટ્રન ઍંગ્લોઈન્ડિયન હતી. એને મમ્મી કહેવાની. અઠવાડિયામાં બે દિવસ બાજરાના રોટલા, રવિવારે ઘઉંના અને બાકીના દિવસોમાં જારના રોટલા મળતા. સૂરતની બહેનોને જારના ભાવે, અમને સૌરાષ્ટ્રવાળાંને બાજરાના. એકમેકને આપીએ ને વધે એ સંતાડી દઈએ. રાત્રે બૅરેકની જાળીમાં સૂકવવા માટે રોટલા લાઈનસર ઊભા ગોઠવી દઈએ. વહેલાં ઊઠીને લઈ લઈએ, નહીંતર મૅટ્રન જોઈ જાય તો ફેંકી દે. એ વખતે સરોજિની નાયડુ સાથે હતાં. એ ક્લાસ વનમાં હોવાથી દર રવિવારે બહાર નીકળવાની છૂટ. એ અમારા માટે કાચી કેરીના મરવા તોડી લાવે ને છાનાંમાનાં આપે. કાચી કેરીના કટકામાં ભેગો કરેલો ગૉળ ને મીઠું નાખી એક પહોંળી બરણીમાં ભરી દઈએ. એમાં પાણી છૂટે. સાંભળજો. ભૂખ લાગે ત્યારે એમાંથી ગણીને બે-ત્રણ ટીપાં રોટલા પર ચોપડીએ; પણ એમાં જે મીઠાશ આવતી ને બે ટીપાં જોતાં મોંમાં જે પાણી છૂટતું એનો સ્વાદ ઑર હતો. એકબીજાંને પાર્ટી આપતા હોઈએ એવી રોનક બની જતી. પણ બધું છાનાંમાનાં !

'બૅરેકમાં અમે ૪૦-૫૦ બહેનો હતી. અમારે બબ્બે જણાએ લાઈનસર બેસી હાજરી પુરાવવાની. કોઈ એકલું દેખાય તો મૅટ્રન મશ્કરી કરે, 'એ બાઈ, તેરી જોડી કિધર ગઈ ?' ધોયેલાં કપડાં પહેર્યાં ન હોય ત્યારે મૅટ્રન બોલ્યાં વગર ન રહે, 'એ બાઈ કિધર જાતી હૈ? સિનેમા દેખનેકૂ ?'

જેલની જારની રાબે ૩૩ રતલ વજન ઉતારી દીધું - જાણે ક્ષય લાગુ હડ્યો હોય એવી હાલત થઈ ગઈ'તી, એમની.

એમના છોકરા તો જેલમાં જ ઉછર્યા. પકડાઈ જાય ત્યારે પાછળથી કોઈ મોકલી આપે. એકવાર અંબાલાલ સારાભાઈને ત્યાંથી ઘોડિયું મોકલેલું. ડાકોરનાં એક કેદી બહેનને જેલમાં છોકરી આવી. ભક્તિબાએ એનું નામ 'જેલભારતી' પાડ્યું.

ત્રણ મહિને એકવાર કોઈને મળવા દે. દોઢ મહિને કાગળ આવે ને જેલમાંથી જવાબ લખીને મોકલાતો. જોકે એ પણ સેન્સર થઈને જ જાય. એટલે તેઓ પ્રતીક ભાષા જ વાપરે. બહારથી કાગળ આવે એમાં લખ્યું હોય - 'આપણો વહેવાર સારો ચાલે છે.' (લડત બરાબર ચાલે છે.) 'આટલી ગુણો મોકલી છે.' (એટલે આટલાં માણસો જેલમાં મોકલ્યાં છે.)

ભક્તિબા યરવડા જેલમાં હતાં ત્યારે દરબાર નાસિકની જેલમાં હતા. આમ ક્યારેક બંને સાથે, જુદી જુદી જેલમાં હોય તો ક્યારેક એક અંદર ને બીજું બહાર. એમના દીકરા સૂર્યકાન્તે પણ લગ્ન કરીને તરત ક્યાંય ફરવા જવાને બદલે સજોડે જેલવાસ વેઠ્યો. ગાંધીજીએ તરત કહેલું, 'લગ્ન તો દરબારસાહેબના દીકરાના, જેણે પરણીને સીધો પત્ની સાથે જેલવાસ સ્વીકાર્યો.'

(અનુસંધાન પૃ. ૨૦૯ ઉપર)

મનોજિત રામશરણ

દુર્ગેશ ઓઝા

રામશરણ ઘડપણના દ્વારમાં પ્રવેશી ચૂક્યો હતો, પણ લાકડીની બાબતમાં તેની સ્થિતિ તેના સમવયસ્કોને ઈર્ષા ઉપજાવનારી હતી. હા... હજુ સુધી લાકડીની તેને જરૂર ન્હોતી પડી. પ્રેમાળ અને આજ્ઞાંકિત બે દીકરારૂપી લાકડીઓ સાથે હતી ને ? વળી રામશરણ કદી પોચી પથારીમાં સૂવાનું પસંદ ન કરતો. વર્ષોથી તે આ નિયમ પાળતો આવ્યો હતો. ખોટી ખટપટ.. કડવી કચકચથી યોજનો દૂર રહેતા રામશરણ માટે એમ કહેવું સાચું હતું કે કમરથીય સીધો અને વર્તનમાંય સીધો એવો એ નિખાલસ માણસ અને સ્નેહાળ પિતા હતો; ને પ્રેમાળ પતિ તો ખરો જ. અનસૂયા નામે સમજુ અને લાગણીશીલ પત્ની તેના નસીબમાં હતી. આવાં રામશરણને લાકડીના ટેકાની જરૂરત ન વર્તાય એમાં નવાઈ શી? સાચા અર્થમાં તે 'મનોજિત' હતો. આત્મબળે તેણે પોતાનું શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખ્યું હતું. જ્યારે ગામમાં સુખી-સંપીલાં કુટુંબોની વાત થતી ત્યારે એમાં રામશરણના ઘરનો ઉલ્લેખ અવશ્ય થતો.

બીજી એક વાત પણ ઊડીને આંખે વળગે તેવી હતી. સાથે બેસી દરરોજ પ્રાર્થના કરવાનો નિયમ ઘરમાં વર્ષોથી અચૂકપણે પળાતો - ઘણાં વર્ષો પહેલાં એક મહાત્મા આવીને એમ કરવા કહી ગયેલા.

ને બસ, ત્યારથી આ નિયમ વણતૂટ્યો ચાલ્યો આવતો હતો. ઘણી વખત ત્રણ-ચાર દિવસની લાંબી મુસાફરીમાં પણ નિયમ તૂટતો નહીં. ક્યારેક રેલવે પ્લેટફોર્મ તો ક્યારેક બસ સ્ટેન્ડ તો ક્યારેક ચાલતી ટ્રેન કે બસ... પ્રાર્થનાનું સ્થળ બની રહેતું. આથી ઘણીવાર એ બધાંને 'વેદિયાં', 'ઢોંગી', 'ઠગભગતની ટોળી' એવાં બિરુદો પણ મળતાં. પરન્તુ ઘરનો કોઈપણ સભ્ય એને ધ્યાનમાં ન લેતાં પ્રાર્થનામાં ડૂબી જતો.

રામશરણને સ્મરી આવ્યું : હા.. આજે તેણે પોતાના અંતરંગ મિત્ર પ્રાણલાલને ત્યાં જવાનું હતું. બધા જૂના-લંગોટિયા મિત્રોનું એક 'સ્નેહમિલન' રાખવામાં આવ્યું હતું. રામશરણ કશુંક વિચારી રહ્યો : 'હા, પોતાના સમયવયસ્ક મિત્રોમાં લગભગ બધાએ લાકડી ધારણ કરી લીધી હતી. એક પોતે જ તેમાં અપવાદરૂપ હતો. આજે ઘણા દિવસો પછી એ બધા જૂના મિત્રોને મળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે.' પોતે લાકડીની બાબતમાં બીજા બધાથી અલગ તરી આવશે એ વિચારે એ ખુશ થઈ ઊઠ્યો. એણે દર્પણમાં પોતાનો ચહેરો ધારીધારીને જોયો.' આ ઉંમરે આટલી કરચલીઓ તો ઘણી ઓછી કહેવાય.' એમ વિચારી એણે પ્રાણલાલને ત્યાં જવાની તૈયારી કરી. મન તો ક્યારનુંય ત્યાં પહોંચી ગયું હતું.

પ્રાણલાલને જોતાંવેત રામશરણ હસી રહ્યો. પ્રાણલાલના હાથમાં રહેલી લાકડી પ્રાણલાલના હલનચલન મુજબ ડગુમગુ ડગુમગુ થઈ રહી હતી. પ્રાણલાલે રામશરણને આવકાર આપ્યો. રામશરણ આગળ વધ્યો. ખંડમાં પ્રવેશ્યો અને અટકી ગયો. તે એકીટસે જોઈ રહ્યો. હા... એ ખંડની તમામ ખીંટીઓ પર લાકડીઓએ સ્થાન જમાવી દીધું હતું. રામશરણ આવ્યાની જાણ થતાં જ સમોવડિયા મિત્રો એને ઘેરી વળ્યા ને ખબરઅંતર પૂછવા લાગ્યા. રામશરણ ભાવવિભોર બની ગયો. અચાનક કોઈએ કહ્યું, 'અલ્યા ભાઈ રામશરણ, તારી લાકડી ક્યાં ?'

'તે તને ખબર નથી ? એ ક્યાં લાકડી રાખે છે ?! 'હા... હા... યાદ આવ્યું...' રામશરણને બદલે બીજા મિત્રે કરેલી સ્પષ્ટતાથી પ્રશ્નકર્તા સમજી ગયો. પણ રામશરણ...?? તે તો લાકડીઓ નીરખવામાં જાણે તન્મય થઈ ગયો હતો. ધારીધારીને લાકડીઓને મૂલવી રહ્યો હતો.

વિવિધ પ્રકારની નાનીમોટી કલાત્મક લાકડીઓ... વિવિધ રંગોથી શોભતી લાકડીઓ. બધાનું ધ્યાન રામશરણ ભણી ગયું ને એક પછી એક તેઓ ગૌરવભેર કહી રહ્યા :

જોઈ... આ મારી લાકડી... અસલ સીસમની છે. કેવી ઝગારા મારે છે ?

'ને આ અસલ સાગના લાકડાની. ને આ જોઈ? કલાત્મક ડિઝાઈન જોઈ લાકડીની? કેવી શોભે છે?'

ને એક વદ્ધજને મમરો મૂક્યો... 'રામશરણ, તું ભલે જે માનતો હોય તે. પણ લાકડી એ તો ઘરડાંનું ઘરેણું છે, ઘરડાનો મોભો છે. તે વિના આપણે એકડા વિનાનાં મીડાં જેવા લાગીએ. આપણે બધા સાથે ફરવા નીકળ્યા હોઈએ, બધા લાકડીથી શોભતા હોઈએ ત્યારે લાકડી વિનાનો તું સારો લાગે એમ તું માને છે ? તું સાવ અલગ, અજાણ્યો બની જઈશ. હું તો કહું છું એક સારી લાકડી વસાવી લે. મારો જાણીતો છે. બોલ, લેવી છે ? સસ્તામાં અપાવી દઈશ.'

'હા. રામશરણ', હવે પ્રાણલાલે સલાહ આપનારને ટેકો આપતા, પોતે મીઠું-મરચું ભભરાવતા કહ્યું : 'આ બધાની વાત નાખી દીધા જેવી તો નથી જ. મને તો કંઈક બીજો જ વિચાર આવ્યો. આપણે એકલા હોઈએ ને જો કૂતરું-બૂતરું આપણી સામે આવી જાય તો લાકડી કામ લાગી જાય, સમજ્યો ? ને આ કાયાનો ભરોસો કેટલો ? ગમે ત્યારે ખાડામાં ગબડી પડે ને લોકો 'હા હા હી હી' કરે. રામશરણ, વટ ન રખાય. લાકડી તો આપણું ઘરેણું છે એમાં શંકાને સ્થાન જ નથી.'

રામશરણ એકધ્યાને આ વાત સાંભળી રહ્યો ને ફરી ચળકાટ મારતી વિવિધરંગી લાકડીઓ તરફ તૃષ્ણાભરી નજરે જોઈ જ

રહ્યો. સ્નેહમિલનનો કાર્યક્રમ પૂરો થઈ ગયો તે પછી પણ લાકડી તેના મગજમાંથી હટી ન શકી.

ઘર તરફ પાછા ફરતી વખતે રામશરણ આખા રસ્તે લાકડી વિશે વિચારતો રહી 'લાકડીમય' થઈ ગયો.

તે લાકડીને એક આધારને બદલે 'મોભા'ની વસ્તુ તરીકે વિશેષ જોવા લાગ્યો. 'હાથમાં લાકડી ફરતી હોય... એનો 'ખટખટ' અવાજ કેવો સરસ લાગે' એવું તે વિચારી રહ્યો. એણે રસ્તા વચ્ચે જ એક સરસ લાકડી વસાવી લેવાનો નિર્ણય મનોમન કરી નાખ્યો. દૂર-સુદૂર એક કૂતરું આરામની નીંદર માણી રહ્યું હતું, છતાં રામશરણને આજે તેનો ડર લાગ્યો. કૂતરું દોડી આવીને ભસી રહ્યું હોય એવો તેને ભ્રમ થયો. સાવધ ચાલે તે ચાલવા લાગ્યો. ઘર આવી ગયું, પણ લાકડીના વિચારે તેનો કેડો ન મૂક્યો.

અને એ સાંજે એણે બંને દીકરા સમક્ષ પોતાની અપેક્ષા રજૂ કરી, 'મારે તમને એક મહત્ત્વની વાત કહેવાની છે.'

'પિતાજી, પ્રાર્થનાનો સમય થઈ ગયો છે. તમારી વાત પછી કરો તો નહીં ચાલે ?' મોટો દીકરો વિનમ્રભાવે પૂછી રહ્યો. ને રામશરણ પ્રાર્થનાની વાત આવતા તરત જ તૈયાર થઈ ગયો. 'ચાલો, પ્રાર્થના કરી લઈએ', કહીને તેણે દીકરાની વાત સ્વીકારી લીધી.

કોણ જાણે કેમ, આજે નાનો દીકરો અશોક ખૂબ જ ખુશખુશાલ જણાતો હતો. રામશરણની આતુરતા વધી જતાં પ્રાર્થનાની થોડી પળો પહેલાં એ પૂછી બેઠો, 'બેટા અશોક, શું વાત છે ? આજે આટલો ખુશ...'

'પિતાજી, હું આજે નવું ગીત શીખ્યો છું. આજે પ્રાર્થનાના અંતે ગાઈ સંભળાવીશ.'

'સરસ... બહુ સરસ...' રામશરણે પ્રશંસા કરી... ને ધીમેધીમે પ્રાર્થનારસ જામતો ગયો. વાતાવરણ આત્માના ઓજસથી ચળકી ઊઠ્યું. નસેનસમાં એકાગ્રતા સમાઈ ગઈ અને અંતે અશોકે પેલું 'નવું ગીત' ઉપાડ્યું :

'ડરવું ના ક્યારેય માનવા,
ચળવું ના ક્યારેય માનવા.
બાહ્ય રંગોના માયામોહમાં કદીયે ના ઝૂરવું રે હો માનવા...'

અને ગીત આગળ વધતું ગયું. ગીતના શબ્દો અને ભાવપૂર્ણ અવાજના સમન્વયે સઘળાં પ્રાર્થકોને ભીંજવી દીધાં. રામશરણ તો ભાવાવેશમાં આવી ગયો. પ્રકૃતિ સાથે એકાકાર થઈ ગયો. આંખમાંથી આંસુ વહી રહ્યાં. મુખ પર ખુમારીની આભા ચમકતી જોવા મળી.

અંતે પ્રાર્થનાનો સમય પૂરો થયો. ધીમેધીમે બધા ભોજન માટે સાથે મળીને બેસી ગયાં. ભજન પછી ભોજનનો આ ક્રમ આગળ ચાલે તે પહેલાં જ મોટા દીકરાને યાદ આવ્યું... 'પિતાજી, તમે પ્રાર્થના કરતા પહેલાં કંઈક કહેવા માંગતા હતા ને ? હવે કહો શું વાત છે ?'

'ના બેટા, સપન, એ વાત તો મને યાદેય નથી; ને કરવાની જરૂર પણ નથી. ભગવાને વ્યવસ્થા જ એવી ગોઠવી છે કે મગજમાં ઘૂમરાતું હોય એ સારું અને જરૂરી હોય તો જ તે મારા હૃદયમાં યાદગીરૂપે સચવાય.' રામશરણ બોલી ઊઠ્યો.

'પણ પિતાજી... તમારી વાત અગત્યની...' સપનના પ્રશ્નને વચ્ચેથી જ અટકાવીને રામશરણ બોલી ઊઠ્યો, 'સપન, મેં તને ન કહ્યું કે મને એ વાત યાદ નથી રહી, ને મારે યાદેય નથી કરવી. એવા તો ઘણાય ઠાલા વિચારો આવીને ચાલ્યા જાય. ચાલો, જમવા માંડો બધાં.'

રામશરણ એક અજબ ખુમારી અને અનેરા આત્મવિશ્વાસભર્યા રણકા સાથે ભોજન લઈ રહ્યા... અને સૌ કોઈ રામશરણનું આ અદિષ્ટપૂર્વ રૂપ જોઈ રહ્યાં. ❑

અનુસંધાન] ભક્તિબા [પૃ. ૨૦૭ પરથી

સ્વરાજ્ય મળ્યા બાદ ઢસા પાછું સોંપવા માટે અમલદારો આવેલાં. ૨૫ વરસે પાછું સોંપાએલું. ગામેગામ ખૂબ સ્વાગત થયું. 'જન્મભૂમિ'વાળા અમૃતલાલ શેઠે, પ્લેનમાંથી પત્રિકાઓ અને ફૂલ વેર્યાં. તેઓ કહેતા, 'હું ભક્તિબાનો કારભારી છું. રામને તો ૧૪ વરસનો વનવાસ પણ ભક્તિબા અને દરબારે તો ૨૫ વરસનો વનવાસ વેઠ્યો.'

સૌએ ઢસા ગામનું નામ 'ગોપાલગ્રામ' રાખ્યું. ભક્તિબાએ જણાવ્યું કે, 'ગામમાં અમારો દરબારગઢ. આ બધી મિલકતનો અંગત ઉપયોગ તો થવાનો નથી. એટલે ૧૯૫૧માં દરબારના મૃત્યુ પછી 'દરબાર સ્મારક ટ્રસ્ટ' બનાવી પ્રજાકીય કામ માટે એ ગઢ અર્પણ કર્યો. ગોપાલગ્રામ ખાતેની મિલકત પણ પ્રજાકલ્યાણ અર્થે લેવાય એ હેતુથી 'ગ્રામસેવા સમાજ' અને સહકારી મંડળી નામની સંસ્થા સ્થાપી.

દરબારસાહેબ સૌરાષ્ટ્ર કૉંગ્રેસના વડા હતા. સ્વામી આનંદ તેમના અંગત મંત્રી. જીવનમાં ૬૩ વરસ સતત પ્રવૃત્તિમાં પસાર કરી ૧૯૫૧માં તેમણે વિદાય લીધી.

દરબારસાહેબ ગુજરી ગયા પછી ઢેબરભાઈ સાથે ભક્તિબા ખાદી બોર્ડનું કામ કરતાં. ત્યાં રહી એમને અનેક રચનાત્મક કાર્યો કરવાનો મોકો મળ્યો.

જીવનના અંતિમ શ્વાસ લગી સતત પ્રવૃત્તિમય જીવન ગાળનાર તપોમૂર્તિ ભક્તિબા દેશદાઝ, માનવપ્રેમ, સન્નિષ્ઠા, સંવેદનશીલતા, મહિલા જાગૃતિની ભાવના આદિથી ભર્યાંભર્યાં હતાં. આજની ભોગપ્રધાન પેઢીને આવાં ત્યાગપ્રધાન ભક્તિબાનું જીવન ઉમદા ઉદાહરણ સમું બની રહે તેમ છે. એમના નામને એમણે દેશ કાજે દીપાવ્યું છે ! ❑

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ગંદકીની સાપેક્ષતા

તા. ૨૬-૧૨-૭૦. ઇન્ડીઅન મૅથેમેટિકલ સોસાયટીના વાર્ષિક અધિવેશન માટે ગોરખપુર જવા ૨૫-૧૨-૭૦નો નીકળ્યો છું અને ૧૭-૧૨-૭૦ના બપોરે ૩-૩૦ વાગ્યે પહોંચીશ. અમેરિકામાં પુલમનથી લબક સુધી બે દિવસની મુસાફરી કરી હતી તેવી આ પણ બે દિવસની મુસાફરી થશે. તે મુસાફરી દરમિયાન સહપ્રવાસીઓ સાથે વાતચીતમાંથી અમેરિકાના ખેડૂત-જીવન વિશે, કાંઈક જાણવા મળ્યું હતું. અહીં પ્રથમ વર્ગમાં મુસાફરી કરતા અહીંના ખેડૂત-જીવન વિશે તો જાણવા ન મળે પણ ઉપલા મધ્યમ વર્ગના જીવન વિષે તો જાણવા જરૂર મળે. વળી, ત્યાં તો તમે વાતચીત કરો તો કાંઈક નવું જાણવા મળે પણ અહીં એવી જરૂર નહીં. હું તો ડબામાં સાવ મૂંગો જ રહ્યો છું છતાં સહપ્રવાસીઓની પરસ્પર વાતચીત તો ચાલુ જ હોય. તેમાંથી કેટલુંયે મારા જેવા મૂંગા શ્રાવક (સાંભળનાર)ને જાણવાનું મળી રહે.

અમારા ચાર બર્થવાળા ખાનામાં અમદાવાદથી તો અમે બે જ પ્રવાસી હતા. હું અને એક મારવાડી શેઠ. મારવાડી શેઠને નીચેની બર્થ આપી હતી અને મારે માટે ઉપરની. એક નીચલી અને એક ઉપલી બર્થ ખાલી હતી. શેઠનો નોકર અને મહારાજ (રસોઇયો) થર્ડ ક્લાસમાં હતા. રાત પડી એટલે મહેસાણામાં નોકર આવીને શેઠને તેનાં પૂરીશાક જમાડી ગયો. પછી શેઠની પથારી કરી પગચંપી કરી ગયો. રાત્રે આઠ વાગ્યે શેઠે લંબાવ્યું. પેલી બે ખાલી બર્થ પર કોઈ આવ્યું નહોતું. હું પણ સૂઈ ગયો. રાત્રે અગિયાર વાગ્યે આબુ રોડ સ્ટેશન પર પેલી બે ખાલી બર્થ માટે પેસેન્જર આવ્યા. શરૂઆતમાં તો ડબામાં ત્રણચાર ૧૨, ૧૫ વર્ષના છોકરા દેખાયા. એટલે મને થયું કે, આબુની પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ પર્યટન માટે જતા હશે. ત્યાં તો ૩૫-૪૦ વર્ષનાં સ્ત્રી-પુરુષ દેખાયાં. મને થયું કે ટૂર સાથેના શિક્ષકો હશે. પણ ભારતમાં મારા જેવા મૂંગા પ્રેક્ષકો જવલ્લે જ મળે. પેલાં મારવાડી શેઠ અને બહેન વચ્ચે વાતચીત શરૂ થઈ, ત્યારે ખબર પડી કે આ તો ભાઈસાહેબ સરકારી સર્વેયર છે. તેમની બદલી આબુથી જયપુર થઈ છે. ચાર છોકોરા અને પોતે બે, પણ રિઝર્વેશન બે જ બર્થનું છે, વગેરે વગેરે.

રાત્રે તો સૂઈ ગયાં પણ સવારે ઊઠતાં પાછો વાર્તાલાપ સંભળાવો શરૂ થયો. મારવાડી શેઠ ચીવાડા ગામના છે અને આ પતિ-પત્નીનું ગામ ચીવાડાની નજીક જ છે. શેઠ તો વૈશ્ય છે પણ આ પતિ-પત્ની તો 'ઠાકુર' (ક્ષત્રિય) છે. પછી તો ક્ષત્રિયોમાં બૈરાં પડદા કરે પણ આ બહેનનાં સાસરિયાં બહુ ફોરવર્ડ છે એટલે તે પડદો કરતાં નથી. એમાંથી શરૂ થયું તે શેઠિયો કહે, ઉધર મુંબઈ ઔર ગુજરાત મેં તો રેશન-બૅશન સબ ખરીદી ઓરતાં હી કરતી હૈં. એમ ગુજરાત અને મારવાડના રિવાજોની સરખામણી શરૂ થઈ તો પેલાં બહેન કહે, 'ગુજરાતીઓ ચોખ્ખા બહુ પણ તે તો ઉપર ઉપરથી. પણ ઉનકે રસોઈ-ઘરમેં બહોત ગંદગી. હાથબાથ ધોણેકા રિવાજ હી કમ. પૂરી ચોખ્ખાઈ તો હમારી મારવાડીઓંકી.'

મને થયું કે આઈન્સ્ટાઈનનો સાપેક્ષતાનો સિદ્ધાન્ત બધે જ કામ લાગે છે. A અને B વચ્ચે સાપેક્ષ વેગ હોય તો Aની નજરે Bનાં ઘડિયાળ મોડાં જાય અને Bની નજરે Aનાં ઘડિયાળ મોડાં. આપણે નથી કહેતા કે સિંધીઓનું કે મારવાડીઓનું દીવાનખાનું ચોખ્ખું પણ રસોડાં ગંદાં? આપણને મારવાડી ગંદા લાગે–મારવાડીઓને આપણે ગંદા લાગીએ !!

વાતો તો આગળ ચાલી. ગુજરાતીઓ તો તેલ બહુ વાપરે, પૂરી પણ તેલમાં તળે, મીઠાઈ તો આવડે જ નહીં, બહુ બહુ તો શ્રીખંડ કરે; એમ ચાલતાં ચાલતાં ગાડું પાછું અંગત વાતો પર આવ્યું ત્યારે ખબર પડી કે ૧૦, ૧૫ વર્ષનાં આ પાંચ પોયરાં સાથે લઈને નીકળેલાં પતિ-પત્નીને પોતાને તો કોઈ બાળક થયું જ નથી. આ તો તેમનાં ભાણેજ-ભત્રીજાંને લઈને નીકળ્યાં છે અને તેમને પોતાને ઘેર જ રાખે છે અને મોટાં કરે છે! મારી પહેલી ઇમ્પ્રેશન કે નિશાળની ટૂર અને સાથેનાં શિક્ષક-શિક્ષિકા એ કેટલી બધી સાચી અને છતાં એક રીતે જોતાં ખોટી નીકળી ?

મારવાડી ફુલેરા ઊતરી ગયા છે એટલે હવે વધુ માહિતી મળે તેમ નથી....

ઈન્દુચાચા

તા. ૨૧-૭-૭૨. ગયે સોમવાર તા. ૧૭મી જુલાઈએ સવારે ૮-૧૫ વાગ્યે ઇન્દુલાલ યાજ્ઞિકનું અવસાન થયું. ૨૫ માર્ચે બપોરે ૧-૩૦ વાગ્યે સેરિબ્રલ થ્રોમ્બોસિસનો હુમલો થતાં, પોતાની આત્મકથાનું પ્રકરણ લખતાં લખતાં તે બેહોશ થઈ ગયા. તેમને તરત જ વાડીલાલ હૉસ્પિટલમાં ખસેડ્યા. ત્યાં તે બેહોશ જ રહ્યા. પૂરા ૮૨ દિવસ બેહોશ રહ્યા પછી તેમનું અવસાન થયું. જે લાલ દરવાજા મેદાનમાં કૉંગ્રેસની સભા ગોઠવાઈ હતી અને તેની સામે જનતા કર્ફ્યૂની યોજના ઇન્દુલાલે કરી હતી તે જ લાલ દરવાજા મેદાનમાં તેમનો મૃતદેહ સોમવાર બપોરથી રાખવામાં આવ્યો હતો. આખી સાંજ અને રાત શિસ્તબદ્ધ લોકોએ મૃતદેહ પાસેથી પસાર થઈ પોતાના આ ફકીર નેતાને અંજલિ

આપી હતી. બીજે દિવસે સ્મશાનયાત્રામાં લાખો લોકો જોડાયા હતા. શહેરના પાનવાળા, રિક્ષાવાળા, હાથલારી ફેરવતા મજૂરો કારીગરો આ ફકીર નેતાને અંજલિ આપવા સ્મશાનયાત્રામાં જોડાયા હતા. સવારે ૮-૩૦ વાગ્યે નીકળેલી આ યાત્રા શહેરમાં થઈ બપોરે ૧-૩૦ વાગ્યે દૂધેશ્વરને આરે પહોંચી હતી. ઉમાશંકર જોશીના કહેવા મુજબ અમીર નગરીના આ ફકીર નેતાને આમજનતાએ આખરી વિદાય આપી.

આઝાદી પછી જ્યારે નેતાઓએ એશઆરામનો રાહ અપનાવ્યો ત્યારે ઇન્દુચાચા ગાંધી જેવા ફકીર જ રહ્યા. છેલ્લે છેલ્લે તેઓ સાત માળના એક મકાનના ગૅરેજમાં રહેતા હતા. પગે ચાલીને બધે ફરે. તાજ છાપ સિગારેટ પીએ અને કોઈ પણ કારીગર, મજૂરની જેમ હોટલમાં ચા પીએ. બીજે દિવસે બકુલ ત્રિપાઠીએ તેના 'કક્કો-બારાખડી'માં કલ્પના કરી છે કે છાપાનો ખબરપત્રી ઇન્દુલાલ પાસે જાય અને તેમને ચીડવે, આડાઅવળા સવાલ પૂછે તો ઇન્દુચાચા ખૂબ ગુસ્સે થાય. પણ પછી વાંસો થાબડીને કહે, ઠીક ભાઈ, હવે ચાપાણી થઈ જાય. મારી પાસે ૧૦ પૈસા છે. તારી પાસે કેટલા છે ?

ગુજરાતમાં ૧૯૨૧માં કૉંગ્રેસ કમિટીની સ્થાપના કરનારાઓમાંના એક અને તે કમિટીના પ્રથમ મંત્રી, ગાંધીજીના ગુજરાતનાં પ્રકાશનો 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'માં સ્થાપનાકાળથી જોડાયેલા, અખિલ ભારતીય ધોરણે કિસાન-સભાની સ્થાપના કરી આઝાદીની લડતમાં કિસાનોનો મોરચો સંભાળનાર અને છેવટે મહાગુજરાતની ચળવળ વખતે જ્યારે ગુજરાતની જનતા એક બાજુ અને ગુજરાતની કૉંગ્રેસ બીજી બાજુ જઈને ઊભી ત્યારે જનતાને પક્ષે ઊભા રહી કૉંગ્રેસને લોકશાહીનો પાઠ શીખવનાર ઇન્દુચાચાનો યુગ પૂરો થયો અને આ વિવિધ પ્રવૃત્તિવાળા ચાચાએ ફિલ્મ ઉદ્યોગમાં પણ પ્રવેશ કર્યો હતો એ જાણીએ ત્યારે કેટલું આશ્ચર્ય થાય ! અને છતાં ૭૦ વર્ષની ઉંમરે પણ યુવાનોની નેતાગીરી લેવાની તેમની શક્તિ આ વિવિધ પ્રવૃત્તિમાંથી જ ઊભી થઈ હોય તેવું લાગે. મહાગુજરાતની ૧૯૫૬ની ચળવળ પછી અમદાવાદની પાર્લમેન્ટની બેઠક અમદાવાદની જનતાએ આ ફકીરને જ સોંપી હતી. ૧૯૫૭, ૧૯૬૨, ૧૯૬૭ અને ૧૯૭૧ એમ બધી જ ચૂંટણીઓમાં મજૂર મહાજન કે મિલમાલિક એ બધા સામે અમદાવાદની જનતાએ આ ફકીરને ચૂંટ્યો હતો, કારણ નવી પેઢી આ ડોસા સાથે હતી.

ઇન્દિરા ગાંધીએ જૂની કૉંગ્રેસને સ્થાને યુવાનોની નેતાગીરી સ્થાપી તે સાથે ઇન્દુલાલનું જીવનકાર્ય જાણે પૂરું થયું અને ચાચાએ વિદાય લીધી.

ગોનવાના લૅન્ડ

તા. ૨૧-૧-૭૫. આજે મોટા સમાચાર એ છે કે, વેસ્ટર્ન રેલવેની ઇલેક્ટ્રિક ટ્રેનની આજથી શરૂઆત થાય છે. આજે સાંજે ગુજરાત ક્વિન અમદાવાદથી વલસાડ સુધી ઇલેક્ટ્રિક ટ્રેક્શનથી દોડશે. જેમ જેમ એન્જિનો આવતાં જશે તેમ તેમ વધુ ને વધુ ટ્રેનો વીજળીથી દોડતી થશે. રેલવેમાં એક બીજો ફેરફાર થયો છે તેની તમને ખબર નહીં હોય. હવે ભારતની ટ્રેનમાંથી થર્ડ ક્લાસ નાબૂદ થયો છે. જોકે આ અર્ધસત્ય છે. ભારતની રેલવેમાંથી નાબૂદ તો સેકન્ડ ક્લાસ થયો છે અને જૂના થર્ડ ક્લાસને હવે સેકન્ડ ક્લાસ કહે છે. એક દિવસ રાતોરાત બધા જ ડબા ઉપર થર્ડ ક્લાસના III ત્રણ લીટામાંથી એક લીટો ભૂંસી નાખ્યો એટલો ફેર થયો. પણ આવું તો ટીકા કરવાવાળા કહ્યા કરે. સિદ્ધાન્તની દૃષ્ટિએ તો સમાજવાદ તરફ આગેકૂચની આ નિશાની છે અને બીજા ઘણા દેશોમાં હોય છે એમ આપણે ત્યાં પણ પહેલો અને બીજો વર્ગ એમ બે જ વર્ગો રહ્યા છે.

હમણાં હિમાલય ડોલવા લાગ્યો છે. ગયે મહિને ઉત્તર-પશ્ચિમ છેડે કારાકોરમ પર્વતમાળામાં ધરતીકંપ થયો અને પાકિસ્તાનમાં આવેલાં કેટલાંય ગામ દટાઈ ગયાં તથા હજારો માણસ મરણ પામ્યાં. ગઈકાલે ઉત્તર હિમાલયમાં ધરતીકંપ થયો. તેનું કેન્દ્ર હિમાલયના તિબેટવાળા ભાગમાં હતું. તેથી ત્યાં ખૂબ નુકસાન થયું છે. ભારતમાં પણ ઠેઠ દિલ્હી સુધી તેના આંચકા લાગ્યા હતા અને હિમાચલ પ્રદેશના ઉત્તર તરફના જિલ્લાઓમાં નુકસાન થયાના સમાચાર છે.

ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ હિમાલય ઘણી નાની ઉંમરનો ગણાય છે. લગભગ દસ, વીસ લાખ વર્ષ પહેલાં દક્ષિણ ભારત, આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા એકબીજા સાથે જોડાયેલા હતા અને એ ભૂખંડ ગોંદવાણા-ભૂમિ (Gonvana Land)ના નામે ભૂસ્તરશાસ્ત્રમાં ઓળખાય છે. વીસેક લાખ વર્ષ પૂર્વે પૃથ્વીના પટ પર બહુ મોટા ફેરફારો થયા. હિમાલય સપાટીથી ઉપર ઊપસી આવ્યો અને ભારત-આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચે મોટો ખાડો પડી ગયો જે અત્યારે હિન્દ મહાસાગર બન્યો છે. આમ, ભારતના અન્ય પર્વતો અને ખાસ કરીને દક્ષિણ ભારતના ઉચ્ચ પ્રદેશ કરતાં તો હિમાલય ઉંમરમાં ઘણો નાનો છે અને તેથી ત્યાં ધરતીકંપનો સંભવ ઘણો જ છે.

ભૂસ્તરશાસ્ત્રીઓને ખરું આશ્ચર્ય તો ચાર વરસ પહેલાં થયું હતું. જ્યારે ભરૂચમાં ધરતીકંપ થયો અને મહારાષ્ટ્રના કોયનામાં થયો. દક્ષિણનો ઉચ્ચપ્રદેશ તો ગોનવાના લૅન્ડનો ભાગ છે અને તેથી ભૂસ્તરીય દૃષ્ટિએ દુનિયાના સૌથી વધુ સ્થિર વિસ્તારોમાંનો એક ગણાય છે. હજુ સુધી ભૂસ્તરશાસ્ત્રી કોયનાના એ ધરતીકંપનું તાર્કિક કારણ સમજી શક્યા નથી. ❑

નાટક/થીએટરમાં ઍક્શન-૩

હસમુખ બારાડી

યુજીન આયોનેસ્કોનું 'ચિત્ર'

'મને વાતની રજૂઆત સરસ આવડે, અને એ જ મારી સફળતાનું રહસ્ય છે; – બીજાં લોકોની વાત સાંભળે, એના દુઃખમાં ભાગ લે એવા સમજુ માણસો આજ ક્યાં જોવાય મળે છે ! એક તું એવો છે – ખરેખર તું એવો સમજુ લાગે છે !'

યુજીન આયોનેસ્કોના 'ચિત્ર' નાટકનો વગદાર ધનિક આ સંવાદ, એને આંગણે ચિત્ર વેચવા આવનાર કલાકારને લગભગ પ્રારંભમાં કહે છે.

અને પંદરેક મિનિટ પછી એ જ કહે છે :

'કૅન્વાસ એટલે કૅન્વાસ. મારે તો બસ એનાથી મારી આ દીવાલ સજાવવી છે; આ ખંડનું ભારેખમ વાતાવરણ એનાથી જરા હલકું બનવું જોઈએ; મારું આ જીવન થોડી ઓછી વેદના આપે એટલું મારે જોઈએ છે.'

આ ઊંચા, પહોળા, મજબૂત બાંધાના ધનિકે હજી,નાટક શરૂ થયાના અર્ધા કલાકેય ચિત્રકારનું ચિત્ર જોયું નથી. ચિત્રનું એને મન શું મૂલ્ય છે એ તો ઉપરના આટલા સંવાદથી સમજાય જ છે, પણ આ ગયો તે અર્ધો કલાક એણે ચિત્રકારને પોતાની કથાવ્યથા કહી છે, જાત વિશે બણગાં ફૂંક્યાં છે, કલાકારને બેસવા ખુરશી ય નથી, આમ (હકીકતે વધારાની ખુરશી નથી, છતાં 'બેસ, બેસ' કહ્યા કર્યું છે), અને પેલો લઘર-વઘર દૂબળો ચિત્રકાર અર્ધે અર્ધે ડગલે બારણેથી માંડ આ ધનિકના સમૃદ્ધ ટેબલે પહોંચ્યો છે.

શું 'બને' છે આ નાટકમાં ?-ચિત્રની માત્ર કિંમત અંગેની સોદાબાજી, કારણ કે 'કિંમત પહેલાં, કલા પછી' એવું આપણા આ મહાશય માને છે.' કલાકાર બિચારો ગભરાતાં ગભરાતાં ચિત્રની કિંમત જ લાખ ફ્રાંક માગે છે; ત્યારે 'પૈસાની કિંમત તું સમજતો નથી, શૅરબજારમાં ઊભો તો રહી જો, ખબર પડી, જાય; તારે તો કૅન્વાસ સામે માત્ર...' ચિત્રકાર ધીમે ધીમે ભાવ ઘટાડે, તે છેક ચૌદ હજાર ફ્રાંક સુધી ! કારણ કે પેલો તવંગર કહે છે 'કે 'ચાર કે ત્રણ, કે બે કે એક લાખ વચ્ચે ફર્ક શું છે ? બધા સરખા આંકડા ગણાય ! એક જ આંકડો તું તો ઊતરે છે!''

ચૌદ હજાર સાંભળીને ધનિક ચૌદ અને ચાર વચ્ચે ગેરસમજ થયાનું કહી, ચાર હજાર ઠોકી બેસાડે છે અને છેવટે ચારસો ફ્રાન્કમાં જ ચિત્ર માગે છે. હવે એ ચિત્ર જુએ છે અને શબ્દની ચતુર રમતમાં 'એનું એટલુંય મૂલ્ય નથી' એવું સાબિત કરે છે, અને અંતે, ચિત્ર મફત દીવાલે ટિંગાવી લે છે; એટલું જ નહીં એને સંઘરવાનું ભાડું આપવાનુંય ચિત્રકાર પાસે કબૂલાવી લે છે !

આમ તો નામક અહીં પૂરું થયું ગણાય. એનો અર્થ પણ સ્પષ્ટ નીકળે છે : કલા અને લક્ષ્મી, બે સામાજિક વર્ગો; બે અભિગમો, શોષિત અને શોષક. અને આ જેટલું છે એટલુંય ખૂબ નાટ્યાત્મક અને રસપ્રદ રીતે રજૂ થયું છે. પરંતુ આ તો નાટકનો એક ભાગ છે.

ચિત્ર કોઈ સુંદર મહિમાવંતી રાણીનું છે. એ હવે દીવાલ પર ટિંગાડેલું છે. ચિત્રકારના ગયા પછી ધનિકની બદસૂરત બહેન એલિસ પ્રવેશે છે. એ ધનિકને ચાબુકથી ફટકારતી જુલમખોરની ભૂમિકા ભજવે છે. સૌંદર્ય અને સ્નેહ ઝંખતો ધનિક આ ચિત્રની ખરીદીને ઉચિત ઠરાવે છે, એમાંથી થનારી આવક ગણાવે છે. સૌંદર્યની વાત કરતાં, આ ધનિક ચિત્રની રાણીને ચૂમે અને કામુક પણ બની જાય છે. બહેન એલિસ ફરી પ્રવેશે ત્યારે એ જ મિજાજમાં ધનિક બહેન પર ગોળી ચલાવે છે, અને તે ચિત્રની પેલી રાણી જેવી રૂપાળી બની જાય છે ! બીજી કદરૂપી પડોશણ એવી જ હિંસાથી રૂપવાન બને છે. ચિત્રકાર (ત્રણ સપ્તાહ પછી) ચિત્ર વેચાયું કે કેમ તે જાણવા આવે છે ત્યારે, હિંસાથી સૌંદર્ય સર્જવાની ધનિકની શક્તિની પ્રશંસા કરે છે, અને તે પણ એ ગોળીથી રૂપાળો રાજકુમાર બને છે. હવે તો આ ફાંદાળો તવંગર એક બાકી રહ્યો, અને તે, પ્રેક્ષકોને, પોતાના પર ગોળી છોડવા આમંત્રણ આપે છે...

હવે જોયું આ નાટકમાં શું બને છે ? હીન મનોવૃત્તિનો ફાંદાળો કલાનો વેપલો કરતો, કલાકારનું શોષણ કરતો હતો, એ હિંસાથી કદરૂપાને રૂપ-સૌંદર્ય બક્ષે છે, પરિવર્તન લાવે છે - માત્ર કાલ્પનિક પરી-રાજકુમાર કક્ષાનું - અને પોતે ત્યાંનો ત્યાં જ રહે છે, પ્રેક્ષકો દ્વારા ગોળી ખાવા (કદાચ કલા પામવા ?) !

આ 'પરિવર્તન' શું છે ? માત્ર યુક્તિથી ભાવકોને ચકાચૌંધ કરવા ? તખ્તે ઘોડો દોડતો આવે, સમુદ્ર દેખાય, ગાડી પસાર થતી આવે કે વિમાન ઊડતું લાગે - જૂની રંગભૂમિની જેમ ? એના જેવી આ યુક્તિ છે ? પાત્ર પરિવર્તન કેવી રીતે થાય છે ?

'ચિત્ર' નાટકની રંગસૂચનામાં આયોનેસ્કોએ લખ્યું છે : 'ગોળી છૂટ્યા પછી, એલિસનો ડ્રેસ સરી પડે છે અને ચિત્રના અવતાર જેવી એ બની જાય છે; આ એક હાથે ઠૂંઠી સ્રીને હાથ 'ઊગે' છે અને પછી લેખક ઉમેરે છે : આ દૃશ્ય ભજવતાં, નહીં ઊગેલા હાથે ચશ્માં અને માથાની વિગ કાઢી પણ શકે; જેમ સાપની કાંચળી ઊતરે. એના હાથની લાકડી પણ ઝગમગવા માંડે છે. (આ માટે લાકડીને એક છેડે નાનો બલ્બ ઝળહળાવવો)'.

એ જ રીતે, કદરૂપી પડોશણને ગોળી વાગતાં, એનું 'બાહ્ય

રૂપ' સરી પડે છે અને તે પણ ચિત્રને નમૂને રૂપાળી બને છે. ચિત્રકારનાં કપડાં સરી પડતાં એ રાજકુમાર બને છે.'

આ આખું નાટક, લેખકની સૂચના મુજબ, 'સર્કસના ડાગલાઓ' દ્વારા, અથવા એ રીતે, ભજવવાનું છે; હાસ્યાસ્પદ અતિશયોક્તિ, વિસંગત લાગે એવી શૈલીએ. પાત્રોનું 'મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ' કરવાનું નથી જ; તેમ એના 'સામાજિક દૃષ્ટિકોણ (કલા-લક્ષ્મી, શોષણ)ને ગૌણ કે આકસ્મિક જ ગણવાનું છે. પાત્રાલેખનમાં આવતા પરિવર્તનને ઝાટકાથી અચિન્ત્યા લાગે એ રીતે રજૂ કરવા. આ 'ફારસ' નાટકને આવી આત્યંતિકતા, રૂક્ષતા અને બાલિશતાથી જ પ્રસ્તુત કરવું. વિસંગતિ જ એનો અર્થ બહાર લાવી શકશે.' વગેરે.

અને આયોનેસ્કોને મતે, 'થીએટર'ની કલ્પના શું છે ? એણે એક જગ્યાએ લખ્યું છે :

'મારે તખ્તે કાચબો લાવવો છે અને પછી એને રેસનો ઘોડો, હેટ, ગીત, રાક્ષસ અને પાણીના ફુવારામાં બદલવો છે. થીએટરમાં આવું બધું, કંઈ પણ થઈ શકે; પરંતુ થીએટરમાં આવું કશું કોઈ કરતું જ નથી. તખ્તાની યાંત્રિક મર્યાદા સિવાયની કોઈ બીજી મર્યાદા હું સ્વીકારતો જ નથી. સર્કસના જાદુ જેવું મારું થીએટર બનાવી મૂકું છું તેવું લોકો માનશે; તો એ તો સારુ જ છે - આપણે થીએટરને ચાલો, સર્કસ જ બનાવી દઈએ ! નાટ્યકાર પર આપખુદ બન્યાનો આક્ષેપ પણ ભલે લાગે. પણ 'કલ્પના કે તરંગ' કંઈ આપખુદી નથી. કલ્પનાનેય એના નિયમો હોય છે, અને એ સિવાયના બીજા કોઈ નિયમો મને માન્ય નથી !'

આ તકે ઘણાને રૂસી નિર્દેશક યેવગેની વખ્તાન્ગોવ (એના વિશે અગાઉના લેખોમાં સામયિક ચર્ચા આવી છે) યાદ આવશે : કલ્પનોત્થ વાસ્તવિકતા એ સર્જવા મથ્યો હતો, આ સદીના બીજા દાયકામાં. એ માટે એ થીએટરને ઉત્સવોની નજીક લઈ જવા માગતો હતો.

આયોનેસ્કો પણ 'થીએટરની જડતા' તોડી નાખી, સંપૂર્ણ સ્વાતંત્ર્ય અને દ્વન્દ્વને પ્રસ્તુત કરવા ઝંખતો હતો. તરંગ, કવિતા અને દુ:સ્વપ્નોની દુનિયા સર્જીને એણે સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રે વ્યાપેલી અસંગતિઓ તરફ આંગળી ચીંધવી હતી. એટલે તો, 'ચિત્ર'ને ગરીબની લાચારી કે ધનિકની વેદનાનું નાટક એ રહેવા દેતો નથી. આંતરિક વિશ્વમાં એણે જોયેલાં દુ:સ્વપ્નો, ક્રોધ, નારાજી, અબળખાઓ, આંતરિક વિરોધાભાસોને એ 'થીએટર'માં (એનાં લેખિત નાટકો પ્રસ્તુતિ-આલેખો જેવાં હતાં.) ઠાંસી ઠાંસીને ભરતો. એ કહેતો કે એ બધું કંઈ મેં સર્જેલું નથી, મને તો મારા પૂર્વજોએ વારસામાં દીધેલું છે, સમવયસ્કોએ અનુભવાવેલું છે....

નાટકનું 'ઍકશન' અહીં નવો અર્થ ધારે છે : ચિત્રકાર ચિત્ર વેચવાને બદલે સંઘરવાનું ભાડું, ચિત્રની કિંમત જેટલું જ - ચાર લાખ ફ્રાન્ક - આપે છે. કદરૂપી ઠૂંઠી બહેન બિચારી નથી પણ આતંક ફેલાવે છે, હિંસાથી મૃત્યુ નહીં, સૌંદર્ય સર્જાય છે. આ બધું વિશિષ્ટ દર્શનની જેમ તખ્તે પેશ થાય છે. કારણ કે સર્કસ અને અતિશયોક્તિ એની પૂર્વશરત છે; તરંગ એનો મસાલો છે, 'પરિવર્તન' (સમાજપરિવર્તન અંગેનો એનો બર્ટહોલ્ડ-બ્રેખ્ત સાથેનો ઝઘડો જાણીતો છે.) એના ઉપહાસનો વિષય છે, પણ જે સિદ્ધ કરવું છે તે થીએટર એનું બાપીકું છે !

બીજી ખુરશી વિના સતત હરતાંફરતાં પાત્રો, એક હાથમાંથી બીજા હાથમાં ('કવાયત' કરતો હોય તેમ) મોટું ચિત્ર ફેરવતો રહેતો ચિત્રકાર, સોદાબાજીમાં હારી ગયા પછી ચિત્રને જાતે દીવાલે લગાડતો ચિત્રકાર, પોતાના દાંત સતત લેવા મથતો ચિત્રકાર, કુબ્જા જેવી બહેનની લાકડી, એનો આતંક, એનાં નસકોરાં, ગરીબ ગાય જેવો ઝૂકી પડતો ફાંદાળો ધનિક, ચિત્રની રાણી સાથે કામુક ચેનચાળા કરતો ધનિક, પિસ્તોલ લઈને પ્રેક્ષકોને પડકારતો ધનિક....

આવી આવી વિગતોથી એ થીએટર બને છે. ભાષા (અનુવાદ જ વાંચ્યો હોવા છતાં)નાં સ્તરો એ શક્યતાઓય કેટલી ! વ્યથાકથા, મજાક, વિવેક, સોદાબાજી, કાનૂન, આતંક, કામુકતા, ડર, પડકાર – દરેક દૃશ્યાંશની જબરી તાકાત માત્ર ભાષાથી 'ચિત્ર'માં વ્યક્ત થઈ શકી છે.

અને નટ-દિગ્દર્શક સામે પડકાર છે એને ફાર્સ, સર્કસ, જાદુઈ બનાવવાનો. એના પ્રથમ પ્રયોગમાં એવું ન થયું, પણ પછી એ સફળતાથી અલબત્ત, ઓછું–ભજવાયું છે.

પાત્રની માનસિક ભૂમિકા સમજાવવા નહીં (આયોનેસ્કો એ ન ગમે) પણ આખા નાટકની એક કડી તરીકે નોંધવું પડે - કદરૂપી કુબ્જા સાથે જીવતા, એનું રાંધેલું આચોડૂચો ખાતો આ ધનિક સતત સ્ત્રી અને સૌંદર્ય ઝંખ્યા કરે છે : 'જે મને સમજી હોત, જે મને સમજતી હોય, જે મને સમજે'- ત્રણ ત્રણ ક્રિયાપદો, પણ ભાર મુકાય છે સમજ ઉપર જ ! એટલે ચિત્રમાંય ધનિક એ જ ઝંખે છે, એ દીવાલ પર ટિંગાતાં એનામાં કામ જાગે છે, (પેલી કુબ્જા બહેન પણ કહે છે : આ ચિત્રમાં એવું શું છે, જે મારામાં નથી ?) ! અને અંતે એને ચિત્રના નમૂના જેવી રૂપાળી બનાવી દે છે ! જેવી ઝંખના, એવી એની પ્રક્રિયા. એટલે તો (કલાનું શોષણ માત્ર લાગે એવી) સોદાબાજીની પ્રક્રિયાથી એ ચિત્ર મેળવે છે. પણ બબ્બે રૂપાળી સ્ત્રીઓ સર્જ્યા પછી ભોગવનારો તો બીજો (ચિત્રકાર) છે, એટલે નાટકની શરૂઆતે હતો એવો ને એવો એ ધનિક રહી જાય છે. છેવટે બીજા ચિત્રકારની રાહ જોવાને બદલે, એ પ્રેક્ષકોને સંબોધે છે: મને ગોળી મારો !

આ બધું 'ઍક્શન' ડાગલાઈ, વિદૂષકી, હાસ્યજનક, ઠેકડી ઉડાડવા લાયક નથી તો બીજું શું છે ? ને આ જગત જ એવું નથી ?

વળી, પેલાં ત્રણેય પાત્રોના ડ્રેસ સરી પડતાં જે રૂપ દેખાય તે, ગુજરાતી નાટકમાં બને તેમ, આંતરિક રૂપને પામવાનો ધનિકનો પ્રયત્ન કે એમાં મળતી સફળતા નથી ! વળી એ કંઈ 'અંચળા' ઉતારવાની, કહેવાતાં 'સામાજિક સંદેશા'વાળાં સરકારી નાટકો કે હિન્દી સિનેમા નથી ! કે માત્ર નાટકીય યુક્તિ નથી. એ તો પેલા ફાંદાળાની કામુકતાનું વિરૂપ જ છે; જે બીજા એક વિરૂપના આવરણે ઢંકાયેલું છે. એય કદાચ પ્રાપ્તિ નહીં, પ્રક્રિયા જ છે.

એટલે નાટક બે ભાગમાં નથી, એની સૂત્રતા સળંગ છે, પાત્રનું પરિવર્તન (ગરીબડામાંથી કડક, કે આપખુદમાંથી નમ્ર) અચાનક ભલે પ્રસ્તુત કરવાનું હોય, પણ એ છે પાત્રગત જ ! સંજોગ પ્રમાણે દેખાતા ગુણો, કે ગુણોને લીધે સર્જાતા સંજોગો. કારણ ને પરિણામ—પરસ્પરને પ્રભાવક, આનુષંગિક, અનુબંધિત.

ચિત્ર ભાડે આપીને ચિત્રકાર ગયો અને પાછો આવ્યો ત્યારે એ કહે છે : 'હું ત્રણ અઠવાડિયે પાછો આવ્યો છું.' નાટકનો પ્રસ્તુતિ-સમય દોઢ-પોણા બે કલાકનો સળંગ છે; પ્રેક્ષકનો 'વાસ્તવિક સમય' એટલો જ ખર્ચાવાનો છે, પણ 'નાટ્યસમય'—લેખક કહે છે તે - ત્રણ અઠવાડિયાંથી વધુનો છે. અલબત્ત, પ્રેક્ષકોને તો યુગોથી ચાલતી આ પ્રક્રિયાનો અનુભવ થાય છે એટલે 'ત્રણ અઠવાડિયાંનો નાટ્ય-સમય' અનંત કાળને સૂચવે છે.

ધનિકનું ઘર (કે ઑફિસ) સ્થળ તરીકે એનું એ રહેવા છતાં, 'ચિત્ર' દીવાલે ટિંગાયા પછી, નટની રમણભૂમિ (ઍક્ટિંગ એરિયા) મંચની ફર્શ નહીં પણ પ્રેક્ષાગૃહની સામેની દીવાલ બને છે - ફિલ્મના પડદાની જેમ; અને નટ-નટીઓના પરિવર્તનનો સ્રોત પણ ચિત્ર હોવાથી એ કેન્દ્રમાં રહે છે.

મંચના આ સ્થળ/સમય પરિવર્તનથી પણ 'ચિત્ર' નાટકની અભિવ્યક્તિ નવો પરિપ્રેક્ષ્ય પામે છે. હું માનું છું કે, નાટકનું આ એક મહત્ત્વનું 'ઍક્શન' છ જે પાત્ર-પરિવર્તન સાથે સુસંગત પરિણામ સર્જી આપે છે.

*

માર્ચના અંતમાં, ૮૨ વર્ષની ઉંમરે આ રૂમાનિયન-ફ્રેન્ચ લેખકનું મૃત્યુ થયું. ઇટાલીનો લુઈજી પિરાંદેલો, જર્મનીનો બર્ટહોલ્ડ બ્રેખ્ત અને ફ્રાન્સના આ નાટ્યકારની ત્રિપુટીએ (સેમ્યુઅલ બેકેટ સહિત) આ સદીના થીએટરને (નાટ્યલેખનની ભૂમિકાએ) મહત્ત્વના વળાંકો આપ્યા છે. 'નાટ્યાનુભાવન'ના ભાગ રૂપે, એક જ નાટકના 'ઍક્શન'ની પ્રક્રિયા સમજતાં, એને આટલી અંજલિ અર્પીએ. ❑

વાર્તા

રામાને પાછો રાખ્યો

— મનુભાઈ ગુલાબભાઈ દેસાઈ —

રમેશની બદલી મુંબઈ થઈ. આવીને તેણે ચાર્જ લઈ લીધો. ઑફિસના કર્મચારીઓ મહેનતુ અને આજ્ઞાંકિત હતા.આવાસ પણ સરસ મળી ગયો. પણ હજુ ઘરકામ માટે રામો મળ્યો નહોતો.

નયનાને બધું કામ જાતે કરવું પડતું. ત્યાં એક મિત્રના પડોશીની બદલી થઈ હોવાથી એમનો નવરો પડેલો રામો રમેશે રાખી લીધો. પ્રામાણિકતાથી એણે ઘરકામ કરવા માંડ્યું. પણ એની એક મર્યાદા કે કોઈ ચીજ લેવા નયના એને મોકલે તો તે લાવવાની ચીજ ભૂલી જતો કે ભળતી જ વસ્તુ લઈ આવતો. નયનાને એક આ વાતનો અસંતોષ હતો. નયનાને એક વાર એના ભાઈને ત્યાં જમવાનું નિમંત્રણ આપતી ચિઠ્ઠી લઈને મોકલ્યો. તો ચિઠ્ઠી આપ્યા વગર જ આવતો રહેલો. હમણાં જ વળી શાળાએથી ફોન આવ્યો કે હુલ્લડ ફાટી નીકળ્યું છે માટે બેબીને લઈ જજો. રામાને મોકલ્યો તો શાળા બંધ થઈ ગઈ છે એવી ખબર સાથે પાછો આવ્યો. સારું થયું કે એમના પડોશી પોતાની પુત્રીને તેડવા ગયેલા તે નયનાની બેબીને લેતા આવ્યા ! નયનાનો મિજાજ ગયો : 'આ રામો નહીં ચાલે.' અને રામાને છૂટો કર્યો.

વળતે દિવસે નયના ટિપૉય પર ચા મૂકી ગઈ પણ રમેશ તો છાપું વાંચવામાં એવો ખોવાઈ ગયો હતો કે ચાનો પ્યાલો એમનો એમ પડ્યો રહ્યો હતો. નયના બોલી : 'કેમ ચા નથી પીધી ?'


'તને ખબર છે, ગામમાં આપણી જમીન હતી ? એ કંઈ જ ઉપયોગી નહોતી. એટલે થોડા દિવસ પહેલાં એ જમીન ૩૦૦૦ રૂપિયામાં વેચી દેવા કાકાને લખ્યું હતું. પરંતુ આજના છાપામાં છે આપણું ગામ પછાત વિસ્તારમાં જાહેર થયું હોવાથી કર ઓછો ભરવો પડે છે એ કારણે ત્યાં એક મોટું કારખાનું થવાનું છે. હવે એ જમીનનો ભાવ ખૂબ જ વધી જશે. લેનારને એનો એકાએક ખૂબ ફાયદો થવાનો.' ત્યાં તો—

'શેઠ, માલા માફ કરા.' કહેતોકને પેલો રામો પાછો આવ્યો.

'શું છે?' રમેશે પૂછ્યું.

'તુમી માલા પોસ્ટ કરાયલા કાગજ દીલા તે માઝા ખીસા માહીન રાહીલા. તે પરત કરાયલા મી આલો. બસ, મી જાતો.'—અને રામાએ પેલો પોસ્ટ કરવા આપેલો પત્ર પરત કરી ચાલવા માંડ્યું.

રમેશ અને નયનાના મુખ પર આનંદ છવાઈ ગયો. રમેશ કંઈ કહે તે પહેલાં જ નયના બોલી ઊઠી, 'ચાલ રામા, હું તને ચા બનાવી આપું છું. તું પાછો કામ કરવા લાગી જા.' ❑



ઈશાન

સમરાંગણ સૂત્રધાર અનુસાર નગર-આયોજન

હેમંત વાળા

પ્રાચીન સંસ્કૃત સાહિત્યના સ્થાપત્યને લગતા સાહિત્યને ઉપવેદની ઉપમા અપાઈ છે. જેમ તંદુરસ્ત જીવન માટે ચિકિત્સાને લગતા સાહિત્યને, મનોરંજન માટે જરૂરી સંગીત-નૃત્ય પર પ્રકાશ પાડતા સાહિત્યને તથા વ્યવહાર, વ્યવસાય, શાસન, સમાજ-સંગઠન અને આર્થિક વ્યવસ્થાને લગતા સાહિત્યને ઉપવેદની ઉપમા અપાઈ છે તેમ સ્થાપત્યને લગતાં સાહિત્ય પણ ઉપવેદ-ઉપશાસ્ત્ર તરીકે લેખાય છે. ભારતીય સંસ્કૃતિમાં સ્થાપત્યકળાનું આગવું મહત્ત્વ છે. અહીં સ્થાપત્યને માત્ર ભૌતિક જરૂરિયાતો સંતોષવાના માધ્યમ તરીકે નથી લેવાતું; સ્થાપત્યને ભૌતિકે તેમ જ અધિભૌતિક પરિમાણોના સંયોજન તરીકે લેવાય છે. પશ્ચિમની સંસ્કૃતિના ગ્રીસ તથા રોમન સ્થાપત્યની પરિભાષા માત્ર ભૌતિક પરિમાણોથી નિર્ધારિત થતી હતી. જ્યારે ભારતમાં પાર્થિવ તેમ જ અપાર્થિવ એમ બંને પ્રકારની અનુભૂતિના સંદર્ભમાં સ્થાપત્યની પરિભાષા નક્કી થતી. ભારતીય સંસ્કૃતિમાં સ્થાપત્યમાં માનસિક, મનોવૈજ્ઞાનિક તથા આધ્યાત્મિક બાબતો પ્રત્યે પણ સભાનતા રખાતી હોવાથી

'સમરાંગણ સૂત્રધાર'માં દર્શાવ્યા મુજબનું નગર-આયોજન બતાવતી મથાળે આપેલી આકૃત્તિમાં ૧ રાજમાર્ગ, ૨ મહારથ્યા, ૩ ઉપરથ્યા, ૪ જંઘાપથ, ૫ ઘંટામાર્ગ અને ૬ નગરચૉકનો નિર્દેશ છે.



'ગ્રીડ આયર્ન રચનાના સિદ્ધાંત પર રચાએલા ગાંધીનગરનો સ્થાન-નકશો.

સ્થાપત્યની રચના એ વ્યાવસાયિક પૂજા હતી અને તેથી જ તેને લગતું સાહિત્ય ઉપવેદ ગણાતું.

ભારતીય સ્થાપત્યમાં નાનામાં નાની બાબતે પણ ચોકસાઈ અને સંવેદનશીલતા જળવાઈ છે. મકાનના એક નાના અંગથી માંડીને નગર-આયોજનને લગતાં વિવિધ પાસાંઓ સુધી પ્રત્યેક સ્તરે ભૌતિક તેમ જ અધિભૌતિક બાબતોના પરિપ્રેક્ષ્યમાં પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં ચર્ચાઓ કરાઈ છે. મકાનમાં આવેલા બે થાંભલાના એકબીજા સાથેનાં સાંદર્ભિક સ્થાન, તેમના આકાર, પ્રમાણ-માપ, તેમને બનાવવામાં વપરાતી સામગ્રી, તેમના પર જરૂરી લઘુતમ કોતરણીનો પ્રકાર તથા મકાનની ઉપયોગિતાના સંદર્ભમાં તેના પર કરી શકાતી મહત્તમ કોતરણી, પ્રતીકાત્મકતા આણવા તેના પર કરવામાં આવતું વિવિધ પ્રકારનું આલેખન



પાટણ શહેરનો ખંડનકશો. જરૂરિયાત પ્રમાણે નિર્ધારિત થતી પરંપરાગત નગર-રચના.

અને તે થાંભલાનો મકાનનાં અન્ય અંગો સાથેનો સમન્વય; આ બધું જ સ્થાપત્યને લગતા સંસ્કૃત સાહિત્યમાં છણાવટપૂર્વક જણાવાયું છે. મકાનના એક અંગ-સ્તંભ વિષે કરાતી આવી છણાવટ વિશાળ પરિપ્રેક્ષ્યમાં નગરને લગતી વિવિધ બાબતો માટે પણ જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં નગરને સ્પર્શતી વિવિધ બાબતોની કરાતી નિખાલસ છણાવટ તે સમયના આ ક્ષેત્રના વ્યાવસાયિકોની સંવેદનશીલતા, નિપુણતા તથા સંપૂર્ણતા પામવાની ધગશ દર્શાવે છે.

અગિયારમી સદીમાં રાજા ભોજે લખેલા 'સમરાંગણ સૂત્રધાર'માં નગર-આયોજનને સ્પર્શતી બાબતોની કરાયેલી

છણાવટના કેટલાક મુદ્દા અહીં પ્રસ્તુત છે. સમરાંગણ સૂત્રધાર પહેલાના મયમત તથા માનસાર જેવા પ્રાચીન ગ્રંથોમાં સ્થાપત્યની ચર્ચા દેવદેવીનાં મંદિરો તથા તેની પ્રતિમાઓના પ્રકાર સુધી સીમિત હતી અને તેથી જ અન્ય સ્થાપત્યપ્રકાર તથા નગર-આયોજનની બાબતે સમરાંગણ સૂત્રધારનો ફાળો ઉલ્લેખનીય ગણાય છે. આ ગ્રંથના દસમા અધ્યાયમાં નગરના ત્રણ પ્રકાર વર્ણવાયા છે : જ્યેષ્ઠ અર્થાત્ ઉત્તમ પ્રકારનું નગર, મધ્યમ અર્થાત્ ન ઉત્તમ કે ન નિમ્ન એ પ્રકારનું નગર તથા કનિષ્ઠ અર્થાત્ નિમ્ન પ્રકારનું નગર. તેમાં નગર કોઈ પણ પ્રકારનું હોય પણ તેનો આકાર ચોરસ હોવો જરૂરી ગણ્યો છે. જ્યેષ્ઠ નગરમાં આ ચોરસના કર્ણનું માપ સૌથી વધુ ચાર હજાર ચાપ અર્થાત્ ચોવીસ હજાર ફૂટ દર્શાવાયું છે. મધ્યમ નગરમાં આ કર્ણનું માપ બે હજાર ચાપ અર્થાત્ બાર હજાર ફૂટ તથા કનિષ્ઠ નગરમાં તેની લંબાઈ એક હજાર ચાપ અર્થાત્ છ હજાર ફૂટ દર્શાવાઈ છે. આમ, ઘનિષ્ઠ નગર કરતાં મધ્યમ નગરનો વિસ્તાર ચારગણો થાય અને મધ્યમ નગર કરતાં જ્યેષ્ઠ નગર ચારગણું મોટું થાય. સમરાંગણ સૂત્રધારમાં નગરના પ્રકાર પ્રમાણે તેનો વિસ્તાર નિર્ધારિત કરતા આ માપમાં ૧/૮, ૧/૪ કે ૧/૨ ગણું માપ જરૂરિયાત પ્રમાણે ઉમેરી નગરના વિસ્તારમાં જરૂરી વૈવિધ્ય લાવી શકાય.

શાસ્ત્ર અનુસાર નગરની સ્થાપના માટે સમૃદ્ધ – યોગ્ય જમીન સંપાદન કરી તેનું વિધિસર શુદ્ધીકરણ કરવું જોઈએ. ત્યાર બાદ આ જમીનના ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ એમ બંને દિશામાં આઠ-આઠ ભાગ કલ્પી જમીનને કુલ ૬૪ ભાગમાં કાલ્પનિક રીતે વિભાજિત કરાય. આથી અહીં એ સહજ બને છે કે જમીન- ચોરસ-ની ચારે બાજુ ચાર દિશાને સન્મુખ હોય અને ચોરસના ખૂણા ઇશાન, અગ્નિ, નૈર્ઋત્ય અને વાયવ્ય એમ ચાર દિશા નિર્દેશિત કરે. નગર માટેની ભૂમિના ટુકડાના ૬૪ ભાગથી નગરમાં વિવિધ રસ્તાઓ રચાય અને રસ્તાઓ પર નગર-ચોક રચાય. નગરના સ્તરે રચાતા વિવિધ પ્રમાણમાપવાળા નવ નગરચોકની રચનાથી નગરમાં આપોઆપ વિવિધ સામાજિક, રાજકીય કે વ્યાવસાયિક પ્રવૃત્તિ માટેનાં સ્થાન નક્કી થઈ જાય.

સમરાંગણ સૂત્રધારમાં સૂચવ્યા પ્રમાણે નગરની બરાબર વચ્ચેથી ઉત્તર-દક્ષિણ તેમ જ પૂર્વ-પશ્ચિમ રાજમાર્ગ પસાર થાય જે નગરનો સૌથી મહત્ત્વનો માર્ગ બની રહે. નગરને ચાર ખંડમાં વિભાજિત કરતાં આ માર્ગની પહોળાઈ નગરના પ્રકાર પ્રમાણે સૂચવી છે : જ્યેષ્ઠ નગરમાં રાજમાર્ગની પહોળાઈ ૨૪ હાથ અર્થાત્ ૩૬ ફૂટ, મધ્યમ નગરમાં ૨૦ હાથ અર્થાત્ ૩૦ ફૂટ અને કનિષ્ઠ નગરમાં ૧૬ હાથ અર્થાત્ ૨૪ ફૂટ હોવી જોઈએ. રાજમાર્ગ પરથી રથની આવનજાવન સંભવિત હોવાથી તેની પહોળાઈ નગરની અંદરના અન્ય માર્ગ કરતાં વધુ સૂચવાઈ છે, જે યોગ્ય છે. રાજમાર્ગ અને નગરના છેડાની વચમાં રથની જ - પણ પ્રમાણમાં ઓછી-આવનજાવન માટે મહારથ્યા નામનો માર્ગ સૂચિત કરાયો છે. આવી મહારથ્યા રાજમાર્ગની બંને બાજુ ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ બે-બે એમ કુલ ચાર સૂચિત કરાઈ છે. રાજમાર્ગ તથા મહારથ્યાની રચનાથી નગર સોળ વિભાગમાં વિભાજિત થાય. સમરાંગણ-સૂત્રધારમાં અર્થાત ૧૫ ફૂટ તથા કનિષ્ઠ નગરમાં ૮ હાથ અર્થાત ૧૨ ફૂટ દર્શાવાઈ છે. આમ. રાજમાર્ગ કરતાં મહારથ્યાની પહોળાઈ અર્ધી સૂચવી છે. મહારથ્યા એ નગરનો ઉપમુખ્ય માર્ગ છે જેની ઉપયોગિતા રાજકીય ઓછી અને વ્યાપારી-વ્યાવસાયિક વધુ રહે.

રાજા ભોજના જણાવ્યા પ્રમાણે મહારથ્યાની બંને તરફ યાન- માર્ગ કે ઉપરથ્યા હોવી જોઈએ. આમ, ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ જતાં બે-બે મહારથ્યાની બંને બાજુ કુલ આઠ ઉપરથ્યા નગરમાં આયોજાય. આ ઉપરથ્યાની પહોળાઈ જ્યેષ્ઠ નગરમાં ૬થી ૮ હાથ અર્થાત્ ૯થી ૧૨ ફૂટ, મધ્યમ નગરમાં ૫થી ૭ હાથ અર્થાત્ ૭ાાથી ૧૦ાા ફૂટ તથા કનિષ્ઠ નગરમાં ૪ થી ૬ હાથ અર્થાત્ ૬થી ૯ ફૂટ સૂચિત કરાઈ છે. આમ, નગરના ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં એક રાજમાર્ગ, બે મહારથ્યા તથા ચાર ઉપરથ્યાથી આઠ-આઠ ભાગ પડે અને સમગ્ર નગર ૬૪ ખંડમાં વિભાજિત થાય.

સમરાંગણ સૂત્રધાર પ્રમાણેના નગર-આયોજનમાં ઉપરોક્ત પ્રત્યેક ખંડમાં રાહદારીને ચાલવાની સગવડતા માટેની પગદંડીઓ પણ સૂચિત કરાઈ છે. ઉપરથ્યાની બંને બાજુ સૂચિત કરાયેલા જંઘાપથ એ આવી પગદંડી છે. આ જંઘાપથની પહોળાઈ જ્યેષ્ઠનગરમાં ૩ હાથ અર્થાત્ ૪ાા ફૂટ, મધ્યમ નગરમાં ૧ાા હાથ અર્થાત્ ૨ા ફૂટ તથા કનિષ્ઠ નગરમાં ૧ હાથ અર્થાત્ ૧ાા ફૂટ દર્શાવાઈ છે. આ ઉપરાંત, નગરની ચારે તરફ ફરતો ઘંટામાર્ગ પણ આ પુસ્તકમાં સૂચિત કરાયો છે. તેના વ્યૂહાત્મક સ્થાનને કારણે ઘંટામાર્ગ સંરક્ષણની દૃષ્ટિએ મહત્ત્વનો હોવાથી તેની પહોળાઈ રાજમાર્ગ જેટલી જ સૂચિત કરાઈ છે.

આમ, રાજા ભોજના મત પ્રમાણે આકૃતિમાં દર્શાવ્યા અનુસાર–પૂર્વથી પશ્ચિમ તથા ઉત્તરથી દક્ષિણ ક્રમાનુસાર ઘંટા-માર્ગ, જંઘાપથ, ઉપરથ્યા, જંઘાપથ, મહારથ્યા, જંઘાપથ, ઉપરથ્યા, જંઘાપથ, રાજમાર્ગ, જંઘાપથ, ઉપરથ્યા, જંઘાપથ, મહારથ્યા, જંઘાપથ, ઉપરથ્યા, જંઘાપથ તથા ઘંટામાર્ગ એમ સત્તર રસ્તા તથા પગદંડીઓ હોવી જરૂરી છે.

અત્યારની પરિભાષા પ્રમાણે રાજમાર્ગ એ શહેરની મધ્યમાંથી

(અનુસંધાન પૃ. ૨૩૧ પર)

પૂર્વ આફ્રિકાની પ્રજા–૪

અકમ્બા

ડૉ. જયકુમાર ર. શુક્લ

કેનિયાના અકમ્બા જાતિના ગ્રામ્ય લોકો દક્ષિણપ્રદેશમાંથી આવ્યા હતા. અકમ્બા અને ન્યામવેઝી પિતરાઈઓ જેવાં હતા. ટાન્ઝાનિયામાં આવેલા કિલિમાન્જારો પર્વત પાસે થઈને તેઓ કેનિયામાં આવ્યા. બાન્ટુ ભાષાજૂથના આ લોકો કેનિયામાં પૂર્વના પ્રાંતમાં વસ્યા છે. ૧૯૮૧માં કેનિયામાં તેમની વસ્તી ૧૩ લાખની હતી. ઈ.સ. ૧૭૫૦ પહેલાં તેઓ આથિ નદી ઓળંગીને મ્બુની હિલ્સ તરફ ગયેલા. આગળ વધતાં માસઈઓના હુમલામાં એમણે પોતાનાં ઘણાં ઢોર ગુમાવ્યાં. તે સમયે અકમ્બા શેરડી, જુવાર, બાજરી, મકાઈ વગેરેની ખેતી કરતા. માસઈના હુમલાથી બચ્યા તે લોકો મ્બુની હિલ્સ તરફ એક ઝરણા પાસે જઈ વસ્યા. તેમની વસ્તી ત્યાં ખૂબ વધી. તેઓ પર્વતાળ પ્રદેશમાં રહેતા અને વસ્તી વધવાથી કેટલાક પર્વતની તળેટીમાં જઈ રહ્યા. હાલના મચાકોસ કસબાની આસપાસ તેમની વસ્તી વધી છે. તેની ઉત્તરે કાન્ગુન્દોમાં પણ તેઓ વસ્યા. ત્યાં વરસાદ વધારે થતો હોવાથી ખેતી માટે તે પ્રદેશ સારો હતો. અકમ્બા લોકોના વસવાટનો સમગ્ર વિસ્તાર ઉકમ્બાની નામથી ઓળખાય છે.

અકમ્બા લોકોમાં, આપણી જ્ઞાતિઓની જેમ અતન્ગવા, અન્ઝીયુ, યુઆની, અત્વી, અમુન્દા, એઓમ્બી નામનાં જૂથ વિકસ્યાં. આ દરેક જૂથના લોકો કોઈ પણ એક ચોક્કસ કામમાં પારંગત બન્યા. અતન્ગવા શક્તિશાળી નેતાઓ અને સફળ વેપારીઓ બન્યા; અન્ઝીયુ બહાદુર યોદ્ધા, યુઆની ભરવાડો, અત્વી લુહારો તથા અમુન્દા ખેડૂતો બન્યા. એઓમ્બી લોકો સાહસિક હતા. અકમ્બામાં વિવિધ ટોળીઓના લોકોના અલગ ધંધા હતા. પરંતુ તે જ્ઞાતિપ્રથામાં પરિણમ્યા નહોતા. તેઓમાં અંદરોઅંદર લગ્નો થઈ શકતાં હતાં.

અકમ્બા જાતિમાં લગ્ન બાદ સ્ત્રી પતિને ઘેર જતી અને તેમનાં સંતાનો પિતાના કુટુંબના રિવાજો તથા મિલકતનો વારસો મેળવતા. સમાજમાં પ્રતિષ્ઠા અને સંપત્તિ મુજબ પુરુષો એકથી વધુ લગ્ન કરતા. પુત્ર માટે પણ પુરુષ બીજું લગ્ન કરતો. કારણ કુટુંબમાં પુત્ર અનિવાર્ય માનવામાં આવતો.

લગ્ન માટે યુવક છોકરીની પસંદગી કર્યા બાદ પોતાનાં માતાપિતાને જણાવતો, વડીલો એ કન્યા વિષે માહિતી મેળવતા. સામાન્યત: તેઓ કામગરી, શાંતિપ્રિય અને માયાળુ કુટુંબની છોકરી સ્વીકારતા. નજીકનાં સગાં ન હોય એવા પરિવાર સાથે લગ્નસંબંધ બાંધવામાં આવતો. યુવકનાં માતાપિતાને છોકરી સંતોષકારક લાગે તો પિતા એક વડીલ સહિત છોકરીને ઘેર જઈ તેનાં માતાપિતા સમક્ષ દરખાસ્ત મૂકતાં. છોકરીનાં માતાપિતાને તે કુટુંબ યોગ્ય લાગે તો તે દરખાસ્ત સ્વીકારતાં. બંને કુટુંબો લગ્ન માટે કબૂલ થાય તો તેઓ વચ્ચેના સારા સંબંધોના પ્રતીકરૂપે



યુવકના કુટુંબ તરફથી બે બકરાં ભેટ આપવામાં આવે.

કેટલીક વાર છોકરાનાં માતાપિતા જાતે પણ છોકરી માટે તેનાં માતાપિતા સમક્ષ દરખાસ્ત મૂકે. બંને કુટુંબો કબૂલ થાય તો યુવક બે બકરાં, સાંજના સમયે કન્યાને ઘેર, તેમનાં ઢોરથી અલગ મૂકી આવે. છોકરીને તે સંબંધ અમાન્ય હોય તો બીજે દિવસે વહેલી સવારે છોકરી તે બકરાં પાછાં આપી આવે. અને જો એ બકરાં રાખે તો તેની સ્વીકૃતિ માની લેવાતી. ત્યાર બાદ બંને કુટુંબો દહેજ વિષે ચર્ચા કરતાં.

લગ્નને માત્ર વ્યક્તિઓના નહીં પરન્તુ બે કુટુંબોના કાયમી સંબંધ તરીકે જોવામાં આવતું. તેથી સંબંધો મજબૂત કરવા યુવકનું કુટુંબ યુવતીને ઘેર ઉજાણીઓ યોજતું. તેમાં વડીલોને બીર પીરસાતો, બકરો વધેરવામાં આવતો. તેમાં બંને કુટુંબોનાં સગાં હાજર રહેતાં. મોટી ઉજાણીમાં બળદનો ભોગ અપાતો. અકમ્બા જાતિના લગ્નમાં દહેજ આપવું આવશ્યક હોવા છતાં, તે હંમેશાં લગ્નના વિધિ પહેલાં અપાતું નહીં. વરનો પિતા દહેજ આપવા કબૂલ થાય એટલું પૂરતું ગણાતું. તે વિષે બે કુટુંબો નક્કી કરે એમ થતું. કેટલીક વાર દહેજ આપવામાં ઘણાં વરસો વીતી જતાં. તેમાં ખરીદી કે વેચાણની ભાવના ન હતી. પતિ-પત્ની છૂટાછેડા લેવા ઇચ્છે તો, વડીલ-સમિતિની મંજૂરીથી તેમ થઈ શકતું.

લગ્નવિચ્છેદ થાય તો કન્યાના પિતા દહેજ પાછું આપતા. પુત્રવધૂ તેના સસરાને 'પિતા' (Nau) અને સાસુને 'માતા' (Mwaitu) કહીને સંબોધતી. તેના પુત્રનું નામ મતુકુ હોય તો, તેના પતિને 'મતુકુના પિતા' કહીને સંબોધતી.

બાળકના જન્મનો પ્રસંગ પણ ઉજવવામાં આવતો. તેને દાદા કે દાદીનું નામ અપાતું. કેટલીક વાર જન્મના સમયને અનુરૂપ નામ અપાતું. છોકરા માટે સામાન્ય મતુકુ અને છોકરી માટે ન્જુકુ રખાતું. તેનો અર્થ એવો થતો કે તેનો જન્મ રાત્રે થયો હતો. વર્ષાઋતુમાં જન્મ થયો હોય તો વમ્બુઆ કે મુમ્બુઆ નામ આપવામાં આવતું. માતા બાળઉછેરની ખૂબ કાળજી રાખતી, છતાં જૂના સમયમાં બાળમરણનું પ્રમાણ મોટું હતું. બાળકોનાં દર્દોનું જરૂરી જ્ઞાન તે સમયે નહોતું. બાળકોને તેમની માતા કુટુંબ વિષે માહિતી આપતી. બાળકો દાદાદાદીને અનેક પ્રશ્નો પૂછીને માહિતગાર થતાં. સાંજના સમયે બાળકો દાદીમા પાસે ભેગાં મળીને વાર્તાઓ સાંભળતાં, આંક શીખતાં, ગીતો ગાતાં વગેરે પ્રવત્તિઓ કરતાં. ભ્રાતૃભાવ પેદા થાય તે માટે બાળકો એક થાળીમાં સાથે જમતાં.

કિશોરો દિવસ દરમિયાન કુટુંબની ગાયો અને બકરાંની સંભાળ રાખતા. ખેતરોમાં તીર-કામઠાં બનાવતા તથા તીરંદાજીનો મહાવરો કરતા. ઢોર સાંજે ઘેર આવે ત્યારે ભૂખ્યાં ન હોય તે જોવાની તેમની જવાબદારી હતી. તે સાથે વડીલો પાસેથી ઘર અને ચરવાની જગ્યાની આસપાસની વનસ્પતિ વિશેનું જ્ઞાન મેળવતા. તેઓ બાળવાનાં લાકડાં ભેગાં કરી લાવતા. તે માટે યોગ્ય વૃક્ષો અને લાકડાં વિશેનું જ્ઞાન પણ મેળવતા.

ઢોર ચારવા દરમિયાન કિશોરો પક્ષીઓની ખાસિયતો અને ઓળખ મેળવતા. તે પક્ષીઓના અવાજની તેઓ નકલ કરતા. તેઓ વિવિધ પક્ષીઓનાં ઇંડાંને ઓળખતાં શીખતા અને સાંજના ભોજન માટે ઝાડીમાંથી થોડાં ઇંડાંયે લઈને આવતા.

ઉંમરલાયક છોકરીઓ ઘરકામમાં માતાને મદદ કરતી. સાંજના ઘરના વડીલો વાર્તાઓ, કહેવતો અને ઉખાણા દ્વારા છોકરાઓને શિક્ષણ આપે. છોકરાઓ મધમાખી ઉછેરવી, તીર બનાવવાં, લોખંડની વસ્તુઓ બનાવવી જેવાં કામ શીખતા. પિતા કે દાદા પાસેથી છોકરાઓ વ્યવસાયનું કામ શીખતા. બાકીના સમયમાં ખેતરમાં પક્ષીઓ અનાજ બગાડે નહીં તેનું ધ્યાન રાખે. આ દરમિયાન યુવકો અને યુવતીઓને અકમ્બા સમાજના કલ્યાણ તથા કુટુંબજીવનનાં વિવિધ પાસાંઓ વિશે જ્ઞાન આપવામાં આવતું. યુવકોને સમગ્ર જાતિ તથા કુટુંબના રક્ષણ માટે તીરંદાજીની અઘરી પરીક્ષા પસાર કર્યા બાદ જ લગ્ન કરવાની મંજૂરી મળતી.

અકમ્બા જાતિના લોકો લાકડાં અને ઘાસનાં ગોળાકાર ઝૂંપડાં બાંધતા. પુરુષને એકથી વધારે પત્ની હોય તો, પ્રત્યેક પત્નીનું અલગ ઘર બાંધવામાં આવતું. મોટી ઉંમરના દીકરા પિતાના ઘર પાસે તેમનાં ઝૂંપડાં બાંધતા. બે ઝૂંપડા વચ્ચે થોડું અંતર રાખવામાં આવતું. આ સમગ્ર વસવાટની આસપાસ મજબૂત વાડ રખાતી. મચ્છર ન થાય તે માટે લોકો નદીથી બે કિ.મી. દૂર ઝૂંપડાં બાંધતા. વસવાટ પાસેના એક મિલનસ્થળે (thome) કે ચોરામાં વડીલો ભેગા થઈને ચર્ચા કરે ત્યારે યુવાનો તે સાંભળીને પણ જ્ઞાન મેળવે. જતા-આવતા પ્રવાસીને રોકીને તેના અનુભવો સાંભળીને પણ ઉપયોગી માહિતી મેળવતા રહે.

લોકો ખેતી અને પશુપાલન કરતા. ગાયનું દૂધ, માખણ તથા ઢોરના માંસનો ઉપયોગ ખોરાક માટે થતો. દરરોજ ભોજનમાં દૂધ-દહીંનો ઉપયોગ થતો. લોકો જુવાર-બાજરી જેવાં અનાજ તથા જુદાં જુદાં કઠોળ ઉગાડતા. આ ઉપરાંત મકાઈ, શેરડી, આરારૂટ, કોળું વગેરેનું ઉત્પાદન પણ કરવામાં આવતું. દહીં સાથે અનાજનો લોટ ભેળવીને ખાતા. બાજરાની રાબ (કાંજી) બનાવી મોટા તુમડામાં ઠંડી પાડીને પીતા. મકાઈ અને કઠોળને માટીના ઘડામાં ઉકાળી, તેમાં મીઠું નાખીને ખાતા. દુષ્કાળના સમયમાં ગાયના ગળા પાસેની નસમાંથી જરૂર જેટલું લોહી કાઢી પીતા. અકમ્બા લોકો (વેપાર માટે) મુસાફરી કરતા અને ખાવા માટે કિનારાના પ્રદેશમાંથી કેરી, કસાવા, શક્કરિયાં, જામફળ વગેરે પણ લાવતા. મધ અને શેરડીમાંથી બનાવેલો બીર પણ પીતા. સ્ત્રીઓ આ બીર બનાવી આપતી પરન્તુ પીતી નહીં.

કેનિયા-યુગાન્ડા રેલવે ૧૯મી સદીના અંતમાં બાંધવામાં આવી ત્યારે ઉકમ્બાના પ્રદેશમાં દીવાસળીનો ઉપયોગ શરૂ થયો, તે પહેલાં તેઓ લાકડાના બે ટુકડા ઘસીને અગ્નિ પેટાવતા. પુરુષો વાડ બનાવવી, ઝૂંપડાં બાંધવાં, ખેતી વગેરે કાર્યો કરતા. ખેતરમાં ખોદવા માટે મજબૂત લાકડાની લાંબી લાકડી વપરાતી. સ્ત્રીઓ રાંધવું, પાણી ભરવું, બળતણ લાવવું, ખેતી વગેરે કાર્યો કરતી. આ લોકોની મુખ્ય આવશ્યકતાઓ – ખેતી માટે ફળદ્રુપ જમીન, ઢોર માટે ઘાસ તથા નજીકમાં પાણી હોવાની હતી. તેમાંથી કોઈ વસ્તુની અછત વર્તાય તો તેઓ સ્થળાંતર કરતા. વ્યક્તિ પાસે ગાયોની સંખ્યા પ્રમાણે તેની સમૃદ્ધિ અંકાતી.

પરિણીત અને બાળકોનો પિતા જુનિયર વડીલના (anake) વયજૂથમાં ગણાતો. જુનિયર વડીલો તેમના નવરાશના સમયમાં કુસ્તી અને નૃત્ય કરતા. અકમ્બા લોકો સંગીત અને નૃત્યની પરંપરા તથા ચપળતાપૂર્વક કસરતના દાવ કરવા માટે પ્રખ્યાત હતા. તેઓ રમત માટે તથા ચિત્તો, જંગલી ભેંસ, હાથી અને ગેંડા જેવાં પ્રાણીઓથી બચવા માટે શિકાર ખેલતા. શિકાર અને લડાઈમાં તેઓ કુશળ બાણાવળી હતા. તેઓ મજબૂત લાકડાનાં તીર જાતે બનાવી તેમાં ગરુડનાં પીછાં ખોસતા.

યુવકોનો પિતા મધ્યમ વડીલના (Nthele) વયજૂથમાં પ્રવેશતી વેળાએ ઉજાણી ગોઠવી, પારંપરિક વિધિમાંથી પસાર થતો. સામાન્ય રીતે આ વયજૂથના શાંતિપ્રિય, સંપત્તિવાન, પ્રામાણિક, બહાદુર અને બુદ્ધિશાળી પુરુષને મુખી તરીકે પસંદ કરવામાં આવતો. પોતાના પ્રદેશમાં આવતા અજાણ્યા માણસોને મળીને તેઓ સમાજને હાનિકારક છે કે નહીં તેની ખાતરી કરવાની તેની જવાબદારી હતી. અજાણ્યો માણસ સારો હોય તો તેને આવશ્યક સહાય કરવામાં આવતી. સમાજની અનેક વિવિધ પ્રવૃત્તિઓમાં મુખી મહત્ત્વનો ભાગ ભજવતો.

મધ્યમ વડીલો કાયદાનો અમલ કરવામાં મદદરૂપ થતા. તેમનામાંથી પસંદ કરેલા સભ્યોની સમિતિ ચોરી, બળાત્કાર કે ખૂન જેવા કેસો ચલાવતી. ગુનેગારને સજા કરવામાં આવતી. સજામાં દેશનિકાલ કે દેહાન્ત દંડનો પણ સમાવેશ થતો. સમિતિના સભ્યો પુરાવા સાંભળીને, વિચારણા કરીને ચુકાદો આપતા. સંજોગોને ધ્યાનમાં લેવામાં આવતા, પરંતુ આરોપીને બચાવ કરવા દેવામાં આવતો નહીં.

પૂર્ણ વડીલની અવસ્થાએ પહોંચનાર ઉજાણી ગોઠવી, તેમાં કેટલાકને આમંત્રણ આપતો. ત્યાર બાદ તેને બેસવા ત્રણ પાયાનું સ્ટૂલ વાપરવાની, પંજેટીવાળી લાકડી રાખવાની તથા વાંદરાના ચામડામાંથી બનાવેલો પારંપરિક ઝભ્ભો પહેરવાની છૂટ મળતી. તે મહત્ત્વના નિર્ણયો કરવામાં ભાગ લેતો. વસવાટ પાસેના ચૉરે (thome) પૂર્ણ વડીલ બેસતો અને કુટુંબના પુરુષો તથા મુલાકાતી સાથે ઉપયોગી ચર્ચા કરતો. સૂર્યાસ્તનું અવલોકન તથા તેમાં થતાં પરિવર્તનો ઉપરથી તેઓ વરસાદ તથા હવામાનની આગાહી કરતા. તેના આધારે છાપરાં સુધરાવવાં તથા ખેતરો ખેડવાની તૈયારી કરવામાં આવતી. મુલાકાતી ચૉરામાં થતી ચકાસણી પછી જ કોઈને ઘેર જઈ શકતો. ચરાવીને પાછાં આણેલાં ઢોર ચૉરા પાસે જોઈન્તપાસીને વાડામાં લઈ જવાતાં. બીજાનાં ઢોર આવી જાય તો તેના માલિકને મોકલી દેવાતાં. ગામમાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો તેનો દફનવિધિ કરતા. કાનૂની સમિતિ કેસ ચલાવે ત્યારે જ્યુરીના સભ્યો તેઓ નીમતા. કેસ સાંભળવા ગામના લોકો આવી શકતા.

પુખ્ત વડીલો કે વૃદ્ધોનું સમાજમાં માન અને પ્રતિષ્ઠા જળવાતાં. મુશ્કેલીના સમયમાં તથા મહત્ત્વની બાબતોમાં તેમની સલાહ લેવામાં આવતી. મુમો વૃક્ષ નીચેના સ્થળને પવિત્ર ગણવામાં આવતું. લોકો આપત્તિ અને દુષ્કાળના સમયે દયા માગવા તથા પાક લણ્યા બાદ ન્ગાઈ દેવનો આભાર માનવા તે સ્થળે નિશ્ચિત દિવસે ભેગા થઈ સદ્‌ભાવથી ઊભા રહેતા. વૃદ્ધો ત્યાં વિધિ કરતા અને વૃદ્ધાઓ તેમાં જોડાતી. ત્યાં સફેદ કે કાળા બકરાનો ભોગ આપી બધાને પ્રસાદ વહેંચવામાં આવતો. આ દરમિયાન ઉપસ્થિત રહેલા લોકો મુલુન્ગુ કે ન્ગાઈ (દેવ)ની પ્રાર્થના કરતા. છેવટે વધેરેલા બકરાનું માથું પશ્ચિમ તરફ આંખો રાખી દફનાવી દેતા. તે માટે એવી માન્યતા હતી કે એથી સૂર્યાસ્તની જેમ, લોકોનાં પાપનો નાશ થશે.

લડાઈમાં સશક્ત પુરુષો જોડાતા. તેઓ તેમાં ઝેર ચડાવેલાં બાણ વાપરતા. હુમલો થાય તો ચોક્કસ લયબદ્ધ ઢોલ વગાડતા. તે સાંભળીને પાસેનાં ગામોના લોકો સંદેશો મળ્યો, તે જણાવવા ઢોલ વગાડતા. તે સમયે યોદ્ધાઓમાં શૂરાતન પ્રકટાવવા તાલબદ્ધ બ્યૂગલ પણ વગાડવામાં આવતું.

ક્યારેક રોગચાળામાં મોટી સંખ્યામાં ઢોર મરણ પામે તો અકમ્બા લોકો માસઈ પર હુમલો કરી ઢોર લઈ આવતા; કારણ કે તેમને ઢોર વિનાનું જીવન ઝાંખું લાગતું; અને અકમ્બાનાં બાળકો તથા વૃદ્ધો દૂધ ઉપર જીવતાં હતાં. માસઈ યોદ્ધા બહાદુર અને વિકરાળ હોવા છતાં હુમલાની સારી યોજના જાણતા નહીં. અકમ્બા વ્યક્તિગત રીતે સારા યોદ્ધા નહોતા, પરંતુ સુસંગઠિત અને હુમલાના આયોજનમાં નિષ્ણાત હતા.

હુમલો કરતાં અગાઉ કેટલાક સ્વયંસેવકો ટેકરી ઉપરથી માસઈનાં ઢોરની હલચલ તથા રક્ષણનાં મથકોનો અભ્યાસ કરતા. પાછા ફરીને અન્ય યોદ્ધા સાથે વિચારણા કરતા. અકમ્બા યોદ્ધા બે જૂથમાં વહેંચાઈ જતા. પ્રથમ જૂથમાં ઝડપથી દોડનારા અને બીજામાં બાહોશ બાણાવળી રહેતા. પ્રથમ જૂથ ગાયો હાંકીને દોડી જાય તથા બીજું જૂથ ઉપરાછાપરી બાણ છોડીને માસઈ યોદ્ધાઓને રોકી રાખે. પ્રથમ જૂથ ગાયો સહિત દૂર નીકળી જાય પછી તેઓ પાછા હઠી જતા. અકમ્બા હુમલાખોરોના હાથમાં ક્યારેક અનાથ બાળક આવી પડે તો પોતાને ઘેર લઈ જઈ, વિધિપૂર્વક અપનાવી, કુટુંબના સભ્યની જેમ ઉછેરતા.

લોઢાનાં ઓજારો બનાવવા માટે અકમ્બા પ્રખ્યાત હોવાથી લોકોમાં તેની સારી માગ રહેતી. લુહારો નદીના પટમાંથી કાચું લોઢું ભેગું કરવા દૂર સુધી રખડતા. મળેલું કાચું લોઢું ભઠ્ઠીમાં ગાળીને તેમાંથી કુહાડી, વાંસલો, દાતરડું, અસ્તરો વગેરે ઓજારો તથા તીર, ભાલા, તલવારો વગેરે શસ્ત્રો બનાવતા. તીરની અણી ઉપર પ્રાણઘાતક ઝેરી પદાર્થ લગાડવામાં આવતો. આવાં ઝેરી તીરને સાચવવા તેના ઉપર ચામડું વીંટી રાખવામાં આવતું.

સુથારો લાકડામાંથી ખાંડણી, ખલ, દસ્તો, સાંબેલું, કડછી, બેસવા માટે સ્ટૂલ વગેરે બનાવતા. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અકમ્બા સૈનિકોને ટાંગાનિકા (હાલમાં ટાન્ઝાનિયા) મોકલવામાં આવ્યા. ત્યાં મકોન્દી લોકોનું શિલ્પ જોઈને તેઓ પ્રભાવિત થયા અને કેનિયામાં પાછા ફર્યા બાદ લાકડામાંથી આબેહૂબ વિવિધ પ્રાણીઓના નમૂના બનાવવા લાગ્યા. હાલમાં લાકડાની કોતરણીનો ઉદ્યોગ વામુન્યુમાં વિકસ્યો છે. અકમ્બા શિલ્પીઓ

આ કામમાં પ્રસિદ્ધ થયા છે. તેમના બનાવેલા નમૂના કેનિયાનાં શહેરોમાં મોટી સંખ્યામાં વેચાય છે. વિદેશી પ્રવાસીઓ તે ખરીદે છે.

પૂર્વ આફ્રિકામાં સાઈસલનો ઉપયોગ શરૂ થયો તે પહેલાં, કેટલાક છોડની છાલને ટીપીને દોરડી બનાવી, તેમાંથી ટોપલા બનાવવામાં આવતા. તેને ઊંચકવા તથા બંને બાજુ શોભા માટે ચામડાના પટા લગાવવામાં આવતા. બધી સ્ત્રીઓ ટોપલા બનાવતાં શીખતી. પુરુષો એવી દોરડીમાંથી અનાજ ભરવાનું વિશાળ પાત્ર બનાવતા. આધુનિક સમયમાં સાઈસલમાંથી બનાવેલા વિવિધ કદ અને ભાતવાળા ટોપલા કેનિયાનાં બજારોમાં વેચાય છે.

કેટલાક કુશળ કારીગરો રાંધવા, અનાજ-પાણી ભરવા માટે વિવિધ કદના માટીના ઘડા કે વાસણો બનાવતા.

માત્ર અકમ્બા લોકો મોમ્બાસાથી લેઈક વિક્ટોરિયા વચ્ચેના વિસ્તારમાં તથા ઉત્તરે લેઈક તુર્કના સુધી વેપાર કરતા. મોમ્બાસામાં આરબ વેપારીઓ સાથે તેઓ માલની લેવડદેવડ કરતા. તેઓ એકબીજાની ભાષા જાણતા ન હોવાથી સોદા શાંતિપૂર્વક થતા. આરબ વેપારી કાપડ, પિત્તળના અને તાંબાના તાર, છીપલાં વગેરે માલ મૂકી અકમ્બા વેપારીને બોલાવવા લાકડાનું બોર્ડ ટીપીને અવાજ કરતા. અકમ્બા હાથીદાંત, ચિત્તાનું અને સિંહનું ચામડું, ઊંટની ચરબી પ્રદર્શિત કરતા. આરબોના માલથી અકમ્બાને સંતોષ થાય તો પોતાનો માલ ત્યાં મૂકીને આરબોનો માલ લઈ જતો. આરબનો માલ ઓછો લાગે તો પોતાનો માલ બાજુ પર મૂકી પોતે દૂર ખસી જતો. આરબ તેમાં વધુ માલ મૂકી અકમ્બાને બોલાવતો અને સોદો સફળ થતો.

યાયાવર પક્ષીઓના આગમનથી તથા ઘર પાસેના છોડમાં ઋતુ પ્રમાણે થતા ફેરફારથી અકમ્બાને આરબ વેપારીઓના આવવાના સમયની જાણ થતી. માસઈ અને કિકુયુ સાથેનો વેપાર સ્ત્રીઓ કરતી. ઉકમ્બાની પ્રદેશમાં સ્થાનિક લોકો માટે ગુજરી જેવાં બજારો ભરવામાં આવતાં. ભારતીયો સૌ પ્રથમ મોમ્બાસા ગયા ત્યારે તેઓ મણકા લઈ ગયા. તેના ચળકતા રંગોને લીધે તે ખરીદવામાં લોકોને ખૂબ રસ જાગ્યો. આ મણકા એમના ગળાનાં આભૂષણોમાં અપૂર્વ શોભા આપતા.

ઉકમ્બાની પ્રદેશમાં જનાર પ્રથમ અંગ્રેજ ડૉ. લુડવિગ ક્રેફ ૧૮૪૯માં કિત્તુઈ પ્રદેશમાં રહ્યો હતો. પ્રથમ જિલ્લા કમિશનર જૉન એઈન્સવર્થને ૧૮૮૯માં મુખી મસાકુએ રહેવા માટે જમીન આપી હોવાથી, તેણે તે નવા જિલ્લાને મસાકુ જિલ્લો નામ આપ્યું. તેનું અપભ્રંશ થઈને મચાકોસ જિલ્લો નામ થયું. ૧૯૧૩માં મચાકોસમાં પ્રથમ શાળા શરૂ થઈ. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અકમ્બા યુવાનો બ્રિટિશ લશ્કરમાં જોડાયા અને સારા યોદ્ધા પુરવાર થયા. અંગ્રેજો માંસ અને ડેરીનો ઉદ્યોગ વિકસાવવા માગતા હોવાથી, અકમ્બા લોકોની ઢોર રાખવાની સંખ્યા પર નિયંત્રણો મૂક્યાં. ઢોર રાખવાના પોતાના હકોની જાળવણી માટે તેઓએ ૧૯૩૭માં ઉકમ્બા મેમ્બર્સ ઍસોસિયેશન સ્થાપી શાંત દેખાવો યોજ્યા. પાંચ હજાર અકમ્બાએ કૂચ કરી નૈરોબી જઈ ત્યાં ત્રણ અઠવાડિયાં સુધી દેખાવો યોજ્યા. આખરે ગવર્નરે તેના પ્રવક્તા દ્વારા ખાતરી આપી કે તેમનાં લઈ લીધેલાં ઢોર પાછાં આપવામાં પણ આવશે. પાછળથી તે વચન પાળવામાં આવ્યું હતું. ❑

અનુસંધાન] માધુકરી [પૃ. ૨૩૭ ઉપરથી

જીવનની સાર્થકતા છે. જીવનમાં ખૂણેખાંચરે વેરાયેલી પવિત્રતાને નીરખવી, પરખવી અને આત્મસાત્ કરવી એ પણ પવિત્ર બનવાની જ પ્રક્રિયા છે.

નિર્મળ આજીવિકા માટે કરેલા શ્રમ પછી લાગેલો થાક અત્યંત પવિત્ર છે. થાક્યા વગર પ્રાપ્ત થયેલો આરામ અપવિત્ર છે. ખ્રિસ્તીઓ જેને 'બ્રેડલેબર' કહે છે તે પવિત્ર છે અને તેવી મહેનત કરતી વખતે જે પ્રસ્વેદબિંદુઓ શરીર પર શોભે તે પ્રયાગનાં જલબિંદુઓ જેટલાં પવિત્ર છે. સાવ સાચા દિલથી એકબીજાંને પ્રેમ કરનારાં બે જણાંને છાનામાના મદદરૂપ થવું એ પવિત્ર કર્મ છે. ક્યાંક ફળિયામાં ખુલ્લા રહી ગયેલા નળને બંધ કરવો એ પવિત્ર કર્મ છે. પારકા ઘરમાં પણ અમથી લાઇટ બળતી હોય ત્યારે સ્વિચ ઑફ કરવી એ પવિત્ર કર્મ છે. આગ્રહ કરી કરીને મહેમાનના મોઢામાં મીઠાઈનો ટુકડો પોતાની આંગળી વડે ધકેલીને અન્ન તથા પેટ બગાડવું એ અધાર્મિક કૃત્ય છે. ચંપલ સાંધનારા કે બૂટપૉલિશ કરનારા કે મજૂરી કરીને રોટલો રળનારા આદમી સાથે ભાવતાલ ન કરવો એ પવિત્ર કર્મ છે. અન્યાયની સામે થનાર કોઈ જટાયુને ટેકો કરી આપવો એ પવિત્ર કર્મ છે. એવે વખતે મીઠું મૌન સેવવું એ પાપ છે. સામા માણસનું સ્વમાન જળવાય તે રીતે છાનામાના મદદ પહોંચાડવી એ ખરેખરું પવિત્ર કર્મ છે. ગુનો કર્યા પછી સામા માણસની માફી માગવી, એમાં પણ પવિત્રતાનો વાસ છે. અન્યાયની સામે થવા બદલ નુકસાન વેઠવું એ જીવનને સુવાસિત કરનારી ઘટના છે. હરામના રોટલાથી વધારે અપવિત્ર બાબત બીજી કોઈ નથી.

અને છેલ્લે એક ખાસ વાત.આપણામાં સુષુપ્ત પડેલી પવિત્રતાને જાગ્રત કરે અને વહેતી કરે એવા સુંદર પુસ્તકનું વાચન કરવું એ પણ પવિત્ર બાબત છે. આ પણ એક પ્રકારનો સત્સંગ જ ગણાય. જેના ઘરમાં એક પણ સુંદર પુસ્તક નથી એવા માણસને ભણેલો ગણવાની ભૂલ હવે ન થવી જોઈએ. એવા તો કેટલાય 'અભણ પીએચ.ડી.' આ દેશને અમથા પજવી રહ્યા છે.

('સંદેશ'માંથી) — ગુણવંત શાહ

અશોક હર્ષ

મુગલ સમ્રાટ ઔરંગઝેબની લાલચુ નજર જોધપુર પર મંડાયેલી હતી. આથી તેણે જોધપુરના મહારાજા જસવંતસિંહને સેનાપતિપદ આપી કાબુલ જીતવા મોકલી આપ્યો અને એના કુંવર પૃથ્વીસિંહને દિલ્હીમાં પોતાની પાસે રાખ્યો. જસવંતસિંહ કાબુલમાં લડતા રહ્યા એ દરમ્યાન પૃથ્વીસિંહને ઝેરી વસ્ત્રો પહેરાવી તેણે હત્યા કરાવી નાખી. જસવંતસિંહે કાબુલ તો જીતી લીધું પરંતુ કુંવર પૃથ્વીસિંહની હત્યાનો એને એવો તો જબરો આઘાત લાગ્યો કે, વિજય બાદ પાછા વળતાં જમરૂદ મુકામે એનું મૃત્યુ થયું. એની બંને રાણીઓએ એની પાછળ સતી થવાની ઈચ્છા વ્યક્ત કરી, પણ મહારાજા જસવંતસિંહના જમણા હાથ જેવા રાઠોડ સામંત દુર્ગાદાસે તેમને તેમ કરતાં રોકી. દુર્ગાદાસના પિતા આસકરણ પણ એક રણકુશળ યોદ્ધા અને જસવંતસિંહના વિશ્વાસપાત્ર સામંતોમાંના એક હતા.

જસવંતસિંહના મૃત્યુથી ઔરંગઝેબને હવે જોધપુરનો કબજો હાથવેંતમાં લાગ્યો. કેમ કે, કુંવર પૃથ્વીસિંહને તો તેણે વહેલો જ પતાવી દીધો હતો. પરંતુ તેના કમનસીબે દુર્ગાદાસ સાથે કાબુલથી પાછી ફરી રહેલી બંને રાણીઓને લાહોર મુકામે પુત્રપ્રસવ થયો. એક કુંવરનું નામ દલથંભન પાડવામાં આવ્યું, બીજાનું અજિતસિંહ. લાહોરથી બંને રાણીઓ અને રાજકુમારોને સલામત લાવી દિલ્હીમાં કિશનગઢની હવેલીમાં ઊતર્યો. ઔરંગઝેબે તરત બંને રાજકુમારો પોતાને સોંપી દેવા ફરમાવ્યું. પણ દુર્ગાદાસે તેનો સાફ ઇનકાર કર્યો. પરિણામે નાની શી રાઠોડ સેના સામે મુગલ સેના યુદ્ધમાં ઊતરી. દુર્ગાદાસે બહાદુરીપૂર્વક સામનો કર્યા છતાં તેના અનેક સાથીઓ સહિત બંને રાણીઓ અને કુંવર દલથંભન આ યુદ્ધમાં માર્યાં ગયાં, જ્યારે અજિતસિંહને તેણે પોતાના વિશ્વાસુ સાથી મુકુંદદાસ ખીચી સાથે જોધપુર મોકલી આપીને પોતે પણ ગમે તેમ કરી જોધપુર પહોંચી ગયો.

અજિતસિંહનો કબજો લેવા મુગલસેના જોધપુર ધસી આવી. દુર્ગાદાસે અજિતસિંહને મેવાડ મોકલી આપ્યો અને ત્યાંથી સિરોહી એક પુષ્કર્ણા બ્રાહ્મણ દંપતીને ત્યાં ઉછરવા મોકલી આપ્યો. પુરોહિત જગદેવ અને તેની પત્ની થાનવણજીના પુત્ર જગ્ગુજી સાથે અજિતસિંહ અહીં ઉછરવા લાગ્યો. એની રક્ષા માટે મુકુંદદાસ ખીચી વેશપલટો કરી ત્યાં રહેતો અને ત્યાંના પહાડોમાં અજિતસિંહને શસ્ત્રાસ્ત્રો તેમ જ યુદ્ધસંચાલનની શિક્ષા આપતો.

હવે દુર્ગાદાસને લાગ્યું કે, ઔરંગઝેબ સાથે ખુલ્લેખુલ્લા ટકરાયા વિના ચાલે તેમ નથી. બંને સેનાઓ વચ્ચે ટક્કર પર ટક્કર ચાલુ રહી. દરમિયાન ઔરંગઝેબનો શાહજાદો અકબર દુર્ગાદાસને આવી મળ્યો. પણ ઔરંગઝેબ સામે એનું શું ગજું ? પોતાની પ્રાણરક્ષા માટે છેવટે તે પોતાનાં પુત્રપુત્રી દુર્ગાદાસના હાથમાં મૂકી ભારત છોડી ગયો. ઔરંગઝેબની ફોજ સામે લડવાનું પોતાના વિશ્વાસુ સાથીઓને સોંપી દુર્ગાદાસ એની તાકાત ઘટાડવા દક્ષિણ તરફ ઊપડી ગયો.

છેવટે દુર્ગાદાસની વીરતા અને કૂટનૈતિક્તા સામે ઔરંગઝેબને હારવું પડ્યું. તેણે પોતાનાં પૌત્રપૌત્રી દુર્ગાદાસ પાસેથી પાછાં માગ્યાં. દુર્ગાદાસે અજિતસિંહને જોધપુરના મહારાજા જાહેર કરવામાં આવે તે શરતે બંનેને પાછા આપવા તૈયારી બતાવી જેનો ઔરંગઝેબે નાછૂટકે સ્વીકાર કર્યો.

મહારાજા અજિતસિંહને જોધપુરની ગાદી પર બેસાડી પોતાની વૃદ્ધાવસ્થા શાંતિથી વીતાવવાનો દુર્ગાદાસનો ઇરાદો હતો ત્યાં મેવાડના રાણાએ પિંઢારાઓ સામે સહાયની માગણી કરતાં દુર્ગાદાસ અજિતસિંહ વતી સેના લઈને પહોંચ્યો અને પિંઢારાઓને મારી હઠાવ્યા. આ સહાયના બદલામાં મેવાડના રાણાએ રામપુરાની જાગીર દુર્ગાદાસને આપી જેનો વહીવટ સંભાળતાં ૮૦ વર્ષની પાકટ વયે આ રાઠોડ વીર ઈ.સ. ૧૭૧૮ની ૨૨મી નવેમ્બરે પંચત્વ પામ્યો. એની અંતિમ ઇચ્છા મુજબ, મહાકાળેશ્વરના પાવન તીર્થ ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કાંઠે તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આ દેશ પરના બ્રિટિશ શાસન સામે ઈ.સ. ૧૮૫૭માં જે સ્વાતંત્ર્યયુદ્ધ શરૂ થયેલું તેનાં ૯૦ વરસ પહેલાં આદિવાસી તિલકા માંઝીની સરદારી નીચે આદિવાસીઓએ વિપ્લવનાં મંડાણ કરી દીધેલાં. ઇતિહાસમાં આ વિપ્લવ 'સાંથાલ વિપ્લવ' તરીકે જાણીતો છે.

તિલકા માંઝીની કિશોરાવસ્થામાં જ આદિવાસીઓ પર અંગ્રેજ હકૂમતના જુલમોએ વિદ્રોહની ચિનગારી પેટાવેલી. પુખ્તવયે તેણે સાંથાલ પરગણાથી માંડી છોટાનાગપુર સુધીના આદિવાસીઓમાં વિદ્રોહની આગ ફેલાવી પોતાની ખાસ સેના તૈયાર કરી અને બનૈચારી જોય નામક સ્થળેથી અંગ્રેજો સામે ટક્કર લેવાની શરૂઆત કરી. તિલકા માંઝીની સેના પાસે હથિયારોમાં માત્ર તીરકામઠાં હતાં જ્યારે અંગ્રેજો પાસે બંદૂકો ને તોપો.

પહાડી તળેટીઓનાં જંગલોમાં છુપાઈ તિલકા માંઝીએ લાંબા સમય સુધી અંગ્રેજ સેનાને હંફાવી, પણ અંગ્રેજોની લશ્કરી

(અનુસંધાન પૃ. ૨૨૫ પર)

એલ હામ્મા, કેબિલ્લી, ડૂઝ

પ્રીતિ સેનગુપ્તા

જે જગ્યાએ બસ ઊભી રહી એનું નામ હતું એલ હામ્મા. નાનકડી વસ્તી જરૂર હશે, પણ ત્યાંની 'સ્પાઈસ માર્કેટ' તો પ્રવાસીઓ માટે જ ઊભી કરાઈ હતી, એમ ખાતરીપૂર્વક કહી શકું છું. પ્રવાસખાતું આવી જગ્યાઓ રચતું રહે છે - પ્રવાસીઓનો દિવસ ભરાવો જોઈએને ! અને કશું અવનવું ના હોય તો એમનો રસ ક્યાંથી ટકે ?

છત કે દીવાલો વગરની દુકાનોના બાંકડા, છાજલી ને ટેબલો ઉપર ખુલ્લાં પાત્રોમાં રંગરંગીન ઢગલા દેખાતા હતા- લાલ મરચું, પીળી હળદર, જીરું, આખા ધાણા, બે-ત્રણ જાતની મેંદીનો ભૂકો, સૂકો ફુદીનો, તજ, લવિંગ, મોટા વાલ ને બીજું કેટલુંય. બધું પડીકામાં પણ મળે અને બાટલીમાં ભરીને પણ મળે. એટલી સરસ રીતે ગોઠવેલું હોય કે આપણે ભારતમાં કરિયાણું ઘણું જોયા છતાંયે આ બજારમાં ફરવું ગમે. કેસરના તો મોટા મોટા ઢગલા હતા, પણ એમાં સુગંધ જરાયે નહોતી.

કપડાં, પ્લાસ્ટિકની વસ્તુઓ ઉપરાંત પ્રસાધનની પણ કેટલીયે ચીજો હતી. આંખમાં આંજવાના રંગરંગના સુરમાની શીશીઓ હતી. ઇજિપ્તમાં એક વાર મેં એવી એક ખરીદેલી. કોઈ દિવસ વાપરી ન હતી. વેચનારા તો કહે કે કુદરતી ખનિજ-તત્ત્વોમાંથી બનાવેલા સુરમા હોય છે, પણ સાચું કોણ જાણે. એલ હામ્માના બજારમાં ઘેરા પોપટી રંગની લિપસ્ટિક મળતી હતી. દુકાનદારોના કહેવા પ્રમાણે સાચે જ, હોઠ પર લગાડતાં લાલ રંગ આવતો હતો ખરો. પોપટી ને સોનેરી ઢાંકણ પર પછી મેં વાંચ્યું તો 'મેડ ઇન તાઈવાન' છાપેલું હતું. પણ બેક સ્પૅનિશ સ્ત્રીઓએ અને મેં એક એક ખરીદી ચોક્કસ. મેં તો થોડો વખત વાપરી પણ હતી.

બીજી પણ એક ખાસિયત માટે આ જગ્યા જાણીતી કરવામાં આવી છે - સાફા માટે. રંગરંગીન લાંબા કટકાને દુકાનદારો સહેલાણીઓનાં માથાં પર જુદી જુદી રીતે બાંધી આપે. ત્રણ કે ચાર દિનારમાં આ મજા. છોકરીઓ આ લાક્ષણિક શિરત્રાણ સાથે સરસ દેખાતી હતી. પણ પુરુષો તો એવા રૂપાળા લાગે કે જાણે 'લૉરેન્સ ઑફ અરેબિયા' જોઈ લો. પહેરવાની રીત મેં નોંધી લીધેલી, ને આશા એવી કે ફરી જાતે એ રીતે સાફો બાંધી શકીશ. પણ ના રે, એ તો તરત ભુલાઈ ગયું !

પ્રવાસીઓની બજારની આ મુલાકાત પાંત્રીસ-ચાળીસ મિનિટ ચાલે, પછી બધાં વાહનો-બસો જતાં રહે, ને બજાર ખાલી થઈ જાય, બધાં કાફે નિસ્તેજ થઈ જાય. મોટે ભાગે સ્થાનિક પુરુષો જ ફરતા દેખાય. ઘરડા કે મોટી ઉંમરના પુરુષો 'જલેબા' કહેવાતા લાંબા, ખૂલતા ઝભ્ભા પહેરીને ફરે, અને યુવકો વેચાણમાં પરોવાયેલા રહે. થોડા છોકરાઓ ફોટા પડાવવાના પૈસા માગતા આસપાસ આંટા માર્યા કરે.

'કઈ ભાષા બોલો છો ?' એમ પૂછી પૂછીને યુવાન દુકાનદારો કંટાળો આપ્યા કરે. ભાષાનું નામ દઈએ એટલે એમાં બે-ચાર જે શબ્દો જાણતા હોય તે બોલે. આપણે ત્યાંના પહાડી ઘોડાવાળાઓની જેમ આ લોકો પણ સાંભળીને બહુ જલદી શબ્દો યાદ રાખતા થઈ જાય. એક દુકાનદાર દોઢડાહ્યો હતો. અંગ્રેજી જાણતો હતો તે બધા અસંબદ્ધ, અર્થ વગરના શબ્દો એકસાથે એ રગડી નાખતો હતો : 'નાઈસ ફૂટબૉલ, વન ફૉર વન, ફાઈવ ફૉર ફાઈવ, યેસ, માર્ગારેટ થૅચર, વેરી નાઈસ.' એટલા દિવસમાં હું પણ હોશિયારી કરતી થઈ ગઈ હતી. કોઈ ભાષા વિશે પૂછે એટલે હું 'ચીને' એટલે કે ચીની કહી દેતી હતી—ને એ સાંભળીને નવાઈ પામીને એ બધા જ ચૂપ થઈ જતા હતા !

આફ્રિકાને આપણે કાળી પ્રજાનો ખંડ માનતા હોઈએ છીએ, પણ આફ્રિકાના આ ઉત્તરના દેશોની પ્રજામાં અરબી તેમ જ યુરોપિયન ઘણું લોહી છે. ટ્યુનિશિયામાં તો કાળાં નાગરિક ખૂબ જ ઓછી સંખ્યામાં છે, અને એ બધાં એલ હામ્માની નજીકનાં બેક ગામડાંમાં જ વસે છે. એ બજારમાં મેં એક કાળો છોકરો જોયો—તે જ. પણ ટ્યુનિશિયાના સમાજને લગતી વિગત જાણવા મળી તે ગમ્યું.

બજાર છોડીને રસ્તે પડતાં શાકભાજીના મોટા મોટા માંડવા આવ્યા. પુષ્કળ ટામેટાં, તરબૂચ, તીખાં મરચાં અને ભાજીનાં પાન ઉગાડાયાં હતાં. રણપ્રદેશમાં આટલો પાક ! તો એ જમીનની અંદર પાણીનો પુરવઠો હોવો જ જોઈએ. દક્ષિણ તરફ ભૂખરા-રાખોડી પર્વતોની હારમાળાએ વિચિત્ર આકાર પ્રાપ્ત કર્યો હતો. પવનના સતત હુમલાને લીધે હશે એમ મેં માન્યું. એ બધા પહાડો ત્રાંસા થઈને રહેલા હતા. એક્કેને ટોચ ન હતી, અને એક બાજુ બીજી બાજુ કરતાં નીચી હતી. પવન ખાઈખાઈને વાંકી વળી ગયેલી એ ગિરિમાળા રસ્તાને સમાંતર, પણ ઘણી દૂર, ક્યાંય સુધી ચાલી. એમની વિલક્ષણતા અને એકરૂપતાને કારણે એમનું દર્શન ઘણું જ વિશિષ્ટ થયું હતું.

નાનકડી એક-બે નદીઓ આવી. પહેલી નજરે એ લાગતી હતી સૂકી, પણ એમનો પથરાળો પટ સાવ ભીનાશ વગરનો ન

હતો. એમનો દેખાવ દયામણો ન હતો. સહેજસાજ પાણીના વહનથી પણ એ જાણે આત્મવિશ્વાસ પામેલી હતી. બીજા એક આવા નદીપટમાં મને પાણી દેખાયું ન હતું, પણ ત્યાં કેટલીક સ્ત્રીઓ નાહી હતી, ને કપડાં ધોયાં હતાં, કારણ કે મોટી પાષાણ-શિલાઓ પર સૂકવવા પાથર્યાં હતાં.

એક તળાવડું દેખાયું, જે ખારા પાણીનું હતું, એમ કહેવાયું. એની આસપાસ ઝાંખરાં ને છોડવાવાળું રણ વિસ્તરી પડેલું હતું. તાડવૃક્ષોનાં ઝુંડવાળા નાનામોટા રણદ્વીપ આવતા રહેતા હતા. બે-ત્રણ જગ્યાએ કોઈ ખાનાબદોશ લોકોએ ઝૂંપડીઓ બાંધી હતી. એક-બે કુટુંબો સાથે વસ્યાં હશે થોડા સમય માટે. બાકી તો સાવ વિસંપર્કી જીવન હતું એ.

કેબિલ્લિ ગામ દેશની ચાર દિશાઓના બરાબર કેન્દ્રમાં છે તે નકશા પરથી જોઈ શકાય છે. એ ગરમ પાણીના ઝરા માટે જાણીતું છે. રસ્તાની બાજુએ જ એક મોટો, પાકો ચણાયેલો હોજ હતો– ૫૦ × ૧૦૦ ફૂટ જેટલો તો હશે જ. ગામના પુરુષો ત્યાં નાહતા હતા. સ્ત્રીઓ માટે અલાયદી વ્યવસ્થા હતી. થોડેક દૂરના એક નીચા મકાન તરફ અમે – જૂથમાંની સ્ત્રીઓ–ચાલ્યાં. વરંડામાં બેઠેલી ચાર-પાંચ સ્ત્રીઓ સ્નાનવિષયક સામગ્રી અને બીજી સસ્તી ચીજો વેચી રહી હતી. સ્નાનગૃહને દરવાજે મેટ્રને અટલ સ્થાન લીધેલું. એ બધી સ્ત્રીઓ અમારી સાથે હસમુખી હતી, પણ મેટ્રને અમારી પાસેથી પણ થોડા પૈસા તો લીધા જ. અમારે તો અંદરથી એ ગૃહ જોવું જ હતું. પહેલો ઓરડો કપડાં બદલવા, અને ચીજવસ્તુઓ મૂકવા માટેનો હતો. પછી નાહવાના હોજવાળો ઓરડો આવે. એનું બારણું અમે ખોલ્યું, ને ડોકિયું કર્યું. ગરમ વરાળથી ધૂંધળા એ નાના કક્ષમાં ત્રીસથી ચાળીસ સ્ત્રીઓ આનંદથી નાહતી હતી. એમને માટે એ થોડો સમય અનિપેધિત વિમુક્તિ અને સ્ત્રીસહજ સાખ્યનો હતો.

પાછી બહાર નીકળી આવતી હતી ત્યાં મને બે મીઠડી દેખાતી યુવતીઓએ પૂછ્યું, 'અરબ ?' બીજી પણ આવા જ કુતૂહલથી મારી સામે જોઈ રહી હતી. એમને હું એમના જેવી, અરબી જાતિની જ લાગતી હતી. પણ તો પછી હું ધોળી સ્ત્રીઓ સાથે કઈ રીતે ફરતી હતી ? – એ મૂંઝવણ એમને થતી લાગતી હતી. સ્પેનિશ સ્ત્રીઓને એ સ્નાનગૃહ ધુતકારવા જેવું લાગ્યું, પણ મારી નજરમાં એ ઘણે અંશે સાફ હતું, ને કશી વાસ પણ નહોતી આવતી. આપણે જેને 'કાંપની માટી' કહીએ છીએ તેને ત્યાં 'તફાલ' કહે છે. એલ હામ્માના બજારમાંથી મેં એક પડીકું એનું બંધાવેલું. સ્નાનાગારના વરંડામાં પણ એ વેચાતું હતું. એના વડે વાળ ધોવાથી બહુ સુંવાળા થાય છે, એમ સાંભળેલું. ન્યૂયૉર્ક પહોંચીને એ વાપર્યું, તો વાત સાચી પણ નીકળી હતી !

હજી થોડે દક્ષિણે દૂઝ ગામ પાસે બપોરના તડકામાં ખાસ કોઈ દેખાતું નહોતું. આછા છાંયડામાં પાંચ-સાત પુરુષો બેસી રહ્યા હતા. કાપેલી, લીલાં પાનવાળી ડાળીઓના ભારાથી વાંકી વળી ગયેલી બે સ્ત્રીઓ દેખાઈ. શાળામાંથી પાછાં આવતાં છોકરાં નિશ્ચિંત હતાં. હાથમાં ચોપડીઓ, મુખ પર હાસ્ય, દેખાવે સુઘડ. નાનકડી બાળકીઓનો ગણવેશ ગુલાબી રંગનો હતો. ટ્યુનિશિયામાં પહેલેથી છેલ્લે સુધી શિક્ષણ મફત છે, મેડિકલ સહાયની જેમ.

આ વિભાગની સ્ત્રીઓનાં કપડાં ઘેરાં હતાં. મરુન કે ભૂરા રંગમાં સફેદ ચોકડાવાળું સુતરાઉ કાપડ લાગે. ઉપર એવી જ ઘેરી ઓઢણી ઓઢી હોય. માથું ને મોઢું ઢંકાયેલાં હોય. પાછળથી જોઈએ તો ગતિને લીધે ઘાઘરા જેવો ઘેર અમળાતો દેખાય, છેડા ફરકે, ને ચાલમાં લહેકો જણાય. ને છતાં આપણી ભરવાડણો-રબારણો એમને ટક્કર લગાવી જાય ખરી. મને લાગ્યું કે સાધારણ રીતે આ પોષાક આધેડ વયની સ્ત્રીઓ પહેરતી હતી કે પછી, આ પોષાક પહેરનાર બધી સ્ત્રી જાડી, મેદવાળી ને પાકટ લાગતી હતી ? ❑

અનુસંધાન] **ઈતિહાસધારા** [પૃ. ૨૨૩ ઉપરથી

જાળ વિસ્તરતી જતી હોઈ છેવટે તિલકા અને તેના સાથીઓએ સંતાઈને લડવાને બદલે ખુલ્લું યુદ્ધ પસંદ કર્યું. પરંતુ તેમાં તિલકા અને તેના કેટલાક સાથીઓ અંગ્રેજોના હાથે પકડાઈ જતાં સૌને વડના એક ઝાડ પર ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા.

અંગ્રેજો સામે વિદ્રોહનું પહેલું જ રણશિંગું ફૂંકનાર આ આદિવાસી વીરની પ્રતિમા ઊભી કરી સ્વતંત્ર ભારતે તેનું તર્પણ કર્યું છે, જે પ્રતિમા આજે પણ ભાગલપુરના કચેરીમાર્ગ પર ખડી છે.

આપણા આઝાદીના જંગમાં જે અનેક નરનારીઓએ અવિસ્મરણીય હિસ્સો આપેલો છે એમાંનાં કેટલાંક નામ તો હવે લગભગ સ્મૃતિલુપ્ત બની ગયાં છે. એવાં એક સ્મૃતિલુપ્ત મહિલા છે નિશાનુન્નિસા જે પ્રખર રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા મૌલાના હસરત મોહાનીનાં પત્ની હોઈને બેગમ હસરત તરીકે જાણીતાં હતાં. બ્રિટિશોએ એમના પતિની ધરપકડ કરી ત્યારે પ્રથમ પોલીસ મથકે અને બાદ જેલમાં તે મૌલાનાને બેધડક મળતાં રહેલાં. મૌલાનાને એક પછી એક જેલમાં બદલવામાં આવતા રહ્યા, પણ બેગમ હસરતે પોતાની મુલાકાતો ચાલુ જ રાખી.

બેગમ હસરત એ પહેલાં જ મુસ્લિમ બાનુ હતાં જેમણે પરદાનો ત્યાગ કરીને સ્વદેશીની હાકલ જગવતાં કૉંગ્રેસની સભાઓને સંબોધવા માંડેલી. ઈ.સ. ૧૯૩૭ના એપ્રિલની ૮મીએ ક્ષયની બીમારીથી એ અવસાન પામ્યાં ત્યારે ગાંધીજી સહિત તમામ કૉંગ્રેસ નેતાઓએ તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પેલી.



ખાખરો

વૈદ્ય બળદેવપ્રસાદ પનારા

દેવમંદિરોના ઉત્સવોમાં, હોળીખેલનમાં તેમજ બાળકોને નવરાવવામાં કેસૂડાનો વપરાશ બહુ જાણીતો છે. આ કેસૂડા એટલે ખાખરાનાં ફૂલ. ઓછી ફળદ્રુપ રેતાળ-પથરાળ જમીનમાં આ વૃક્ષ થાય છે. આપણે ત્યાં મધ્યપ્રદેશ અને પશ્ચિમઘાટનાં જંગલોમાં, સૌરાષ્ટ્રમાં વાંકાનેર, થાન, ચોટીલા, ધ્રાંગધ્રા વગેરે જેવા પ્રદેશમાં તથા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વનવગડે વાટમાર્ગે ખાખરાનાં પુષ્કળ વૃક્ષો જોવા મળે છે. ખાસ કરીને પાનખરમાં પાન ખરી ગયાં પછી એની શાખાઓની ટોચે ભરચક ખીલી ઊઠતા કેસૂડા (ફૂલ)ની રંગભભક ખાખરાની સચોટ ઓળખ બની રહે છે. જંગલમાં તો જાણે આગ ભભૂકી હોય એવો આ કેસૂડાના દેખાવ પરથી અંગ્રેજીમાં તો એને 'ફ્લેઈમ ઑફ ધ ફોરેસ્ટ' પણ કહે છે. આપણે આ વૃક્ષને ખાખરો કે સંસ્કૃતમાં પલાશ કહીએ છીએ. આ ઉપરાંત, સંસ્કૃતમાં તે કિંશુક, બ્રહ્મવૃક્ષ; હિન્દીમાં ઢાક ખાખર ને ટેસૂ; મરાઠીમાં પલસ કે પળમ; બંગાળીમાં પલાશ ગાછ; તમ્મિળમાં પરસર, કન્નડમાં મુત્તલ્લુ, તેલુગુમાં માતુકાચેટુ અને અંગ્રેજીમાં બાસ્ટર્ડ ટીક કે ડાઉની બ્રાંચ બ્યુટિયા કહે છે. લૅટિનમાં તે બ્યુટિયા,ફ્રાંડોસા, બ્યુટિયા મોનોસ્પરમા જેવા શાસ્ત્રીય નામે ઓળખાય છે. આ ખાખરાની એક ધોળી જાત પણ થાય છે.

ડુંગરાળ અને સૂકા પ્રદેશમાં પણ થતું આ વૃક્ષ હિમાલયમાં ત્રણ હજાર ફુટની અને દક્ષિણમાં ચાર હજાર ફુટની ઊંચાઈએ પણ તે ઊગી નીકળે છે. વીસથી ચાળીસ ફુટ ઊંચા વધતા આ વૃક્ષનું થડ અને શાખાઓ અનિયમિત અને વાંકીચૂકી અને ગાંઠોવાળી હોય છે. એની છાલ ફાટવાળી, ખરબચડી અને ભૂખરા કે રાખોડી રંગની તથા એનાં પાન મેલા લીલા રંગનાં હોય છે. આ પાન ઘટ્ટ અને ઉપરની બાજુએ લીસાં તથા નીચેની બાજુએ રૂંવાંવાળાં હોય છે. સંયુક્ત આ પાન પાંચ-છ ઇંચ લાંબી દરેક તીરખીમાં ત્રણની સંખ્યામાં ઊગે છે, જેમાંનું વચ્ચેનું મુખ્ય પાન બીજાં બે પાન કરતાં સહેજ મોટું અને લંબગોળાકાર હોય છે. જ્યારે બીજાં બે પાન જરા વધુ ગોળાકારે અને સહેજ નાનાં હોય છે.

પાનખરમાં ખાખરાનાં પાન ખરી જઈ પર્ણહીન વૃક્ષ માર્ચ-એપ્રિલ માસના અરસામાં ફૂલોથી લચી પડે છે. આ ફૂલની કળીઓ કાળી હોય છે પણ તે વિકસ્યા પછી પોપટની ચાંચ જેવાં વાંકા આકારનાં પીળી કેસરી રંગભભકવાળાં જે ફૂલો ખીલે છે તે સમગ્ર વૃક્ષ અને આસપાસનાં પવરિસરને એક અનોખો રંગભર્યો સુંદર ઓપ આપે છે.

ખાખરો વટાદિ વર્ગ અને શિંબી (શિંગો-ફળી) કુળનું વૃક્ષ છે. ફૂલો પછી ઉનાળામાં એના પર પાંચથી આઠેક ઇંચ લાંબી અને એકાદ ઇંચ પહોળી શિંગો આવે છે જે પાકે ત્યારે બદામી કે ભૂખરી બની જાય છે અને તેમાં રતાશ પડતું એક જ બીજ હોય છે. આને 'પિતપાપડો' કહે છે. આ બીજ આછી ગંધવાળું અને સ્વાદે કડવું હોય છે. હિન્દીમાં તેને ચુનિયા કહે છે.

ખાખરો એટલે કે પલાશ વૃક્ષ ચંદ્રમાને અર્પિત થયેલું પવિત્ર વૃક્ષ ગણાય છે. વેદોમાં એને વિષે ઘણા ઉલ્લેખો છે. ખાખરાનાં ડાંખળાં પવિત્ર અગ્નિને પ્રદીપ્ત રાખવામાં વપરાય છે. અનેક ધાર્મિક વિધિઓમાં પણ તે વપરાય છે. ઉપનયન સંસ્કાર વખતે હાથમાં ખાખરાનો દંડ અપાય છે. બ્રાહ્મણ સંન્યસ્ત ગ્રહણ કરે ત્યારે તેને ખાખરાના પાનમાં ભોજન કરવું પડે છે. જ્ઞાતિભોજન કે એવા પ્રસંગે થતા સમૂહભોજનમાં જે પડિયા-પતરાવળાં વપરાતાં કે વપરાય છે તે આ ખાખરાનાં પાનનાં જ બનાવેલાં હોય છે. ખાખરાના જે ત્રણ સંયુક્ત પાન હોય છે તેમાંનું વચલું મોટું પાન વિષ્ણુનું, ડાબી બાજુનું પાન બ્રહ્માનું અને જમણી બાજુનું શિવનું પ્રતિનિધિત્વ સૂચવે છે.

ખાખરો એક ઉપયોગી વૃક્ષ છે. એના થડમાંથી કુદરતી રીતે કે કાપ મૂકતાં લાલ ગુંજર નીકળે છે તે ઔષધમાં તેમજ કાપડ રંગવામાં તથા ચામડું કમાવવામાં વપરાય છે. એને 'બંગાલ કીનો' કહે છે. તેમાં કાથા જેવો બાધક ગુણ છે. ખાખરાનાં મૂળમાંથી કાઢેલા રેસાનાં દોરડાં બને છે તેમજ તેમાંથી કાઢેલો અર્ક આંખની તકલીફો માટેનું એક ઉત્તમ ઔષધ ગણાય છે.

પડિયા-પતરાવળાં બનાવવા ઉપરાંત તેનાં પાન ભેંસ અને હાથીના ચારા તરીકે વપરાય છે અને તેનું ખાતર પણ બને છે. કહેવાય છે કે તેની છાલ અને તેનાં બીજનો ઉપયોગ સર્પદંશ ઉપર તથા ડાંખળાંની રાખ વીંછીના ડંખ ઉપર થાય છે.

તેનાં ફૂલ કેસૂડાં ફટકડી સાથે ઉકાળવાથી સુંદર પીળો રંગ બને છે અને તેમાં આલ્કલી ઉમેરતાં બનતો ઘેરો કેસરી રંગ કાપડ રંગવામાં વપરાય છે. ખાખરાનું લાકડું દેખાવમાં સાગ જેવું અને ઇમારતી કામમાં ઉપયોગી છે.

ઔષધીય દૃષ્ટિએ ખાખરો ગુણમાં સ્નિગ્ધ, સ્વાદે કડવો-તૂરો-તીખો, વિપાકે તીખો અને ઉષ્ણવીર્ય એટલે કે ગરમ, ભૂખ ઉઘાડનાર, ગ્રાહી, રસાયન, વાજીકર, કૃમિઘ્ન, મૂત્ર અને આર્તવ પ્રેરક, કફ અને વાયુ દોષ-શામક, યકૃત (લિવર) ઉત્તેજક, તૂટેલા હાકડાને જોડનાર અને સંગ્રહણી, ગુલ્મ, વ્રણ, પિત્ત અને યોનિના રોગ પર ગુણકારી તથા અર્શને મટાડનાર ગણાય છે.

ખાખરામાં ફૂલ-કેસૂડા સ્વાદે કડવા, તીક્ષ્ણ, તૂરા, ગુણમાં વાયડાં, ગ્રાહી, શીતલ અને તૃષા, પિત્ત, કફ, રક્તદોષ, કોઢ અને મૂત્રકૃચ્છ્ર-પેશાબની અલ્પત્તાને મટાડનાર છે.

ખાખરાનાં બીજ - પિત્તપાપડો - ગુણમાં રૂક્ષ, હલકો, ગરમ અને વિપાકે તીખો છે. કફ, વાયુ, ઉદરરોગ, કૃમિ, ગુલ્મ, પ્રમેહ, અર્શ (હરસ) તથા શૂળ મટાડે છે.

યુનાની વૈદકમાં ખાખરાનાં પાનને ગ્રાહી, પૌષ્ટિક અને કામોત્તેજક ગણ્યાં છે. ફોલ્લાં, ખીલ વગેરે ઉપર તે લગાડાય છે. વાયુને કારણે થતા ઉદરશૂળ, કૃમિ તથા અર્શમાં એ લાભપ્રદ છે. સફેદ ખાખરાનાં ફૂલ ગ્રાહી, મૂત્રવર્ધક તથા પોટીસ રૂપે વાપરવાથી સોજા મટાડે છે.

સ્ત્રીપુરુષની કેટલીક જાતીય તકલીફોમાં ખાખરાના અનેક ઔષધીય પ્રયોગો છે. એની ચર્ચા બાજુએ રાખી અહીં આપણે તેના કેટલાક રોજિંદા સરળ ઔષધીય પ્રયોગો જોઈએ.

કૃમિ : પિત્તપાપડાનું ચૂર્ણ મધ કે દૂધ સાથે બાળકને દરરોજ થોડા દિવસ પાવાથી પેટમાંના કૃમિ મટી જાય છે.

દાદર : લીંબુના રસ સાથે પિત્તપાપડો વાટી, તેને સહેજ ગરમ કરી રોજ દાદર ઉપર લેપ કરતા રહેવાથી દાદર મટી જશે.

મૂત્ર સાફ લાવવા માટે ખાખરાનાં સૂકાં ફૂલ (કેસૂડાં) ૧૦૦ ગ્રામ લઈ તેને ધોઈને ચારણીમાં વરાળે બાફવાં. પછી તેને વાટીને તેનો રસ ૧૦૦ ગ્રામ જેટલો કાઢી તેમાં બે ગ્રામ સૂરોખાર નાખી પી જવું. અને બાફેલા કેસૂડા જરા નવશેકા પેડુ પર બાંધવાથી પેશાબ સાફ ઊતરશે.

ઝાડા : ખાખરાનો ગુંદર એક ગ્રામ જેટલો લઈ સાકર સાથે ખાવાથી ઝાડા મટે છે.

કાનમાં કોઈ જીવજંતુ પેસી ગયું હોય તો ખાખરાના કૂણા અંકુરોને વાટીને તેનો રસ કાનમાં નાખવો અથવા ખાખરાના અર્કનું ટીપું કાનમાં પાડવું. એથી જંતુ મરી જઈ બહાર નીકળી જશે.

શુક્રપ્રમેહ - ખાખરાના મૂળની છાલનું ચૂર્ણ બનાવી દૂધમાં નાખીને રોજ પીતા રહેવાથી શુક્રપ્રમેહ મટી શક્તિ આવે છે.

અંડવૃદ્ધિ : ખાખરાની છાલનું ચૂર્ણ પાંચ ગ્રામ જેટલું સવાર-સાંજ પાણી સાથે પીવું અને એની છાલનો પાવડર જેવો ભૂકો કરી તેનો લેપ બનાવી ગરમ કરીને અંડકોષ ઉપર રોજ લગાવવો.

બદ-ગાંઠ : ખાખરાના પાન ઉપર તલનું તેલ કે દીવેલ ચોપડી એ પાન સહેજ ગરમ કરી બદ-ગાંઠ ઉપર રોજ બાંધવું કે તેની પોટીસ કરી લગાડવી.

વાયુની બાદીના હરસ : ઉપર પ્રમાણે પોટીસ બનાવી હરસ ઉપર ગરમ ગરમ લગાડવી.

ખાખરાના મૂળનો અર્કનાં ટીપાં નિયમિતપણે આંખમાં નાખતા રહેવાથી દૃષ્ટિની ઝાંખપ, મોતિયો, ખીલ, પડળ, છારી, ઝામરવા જેવા આંખના અનેક દર્દો મટે છે. ખાખરાનો અર્ક પીવાથી કૃમિ, મંદાગ્નિ, અજીર્ણ, નબળાઈ તથા ડાયાબીટિસમાં રાહત થાય છે.

આમ, ખાખરો સામાન્ય વૃક્ષ લાગવા છતાં ઔષધીય ગુણોને કારણે આયુર્વેદમાં એક અદ્ભુત ગુણકારી વનસ્પતિ ગણાય છે. બીજમાંથી વનવગડામાં આપમેળે ઊભી નીકળતું ખાખરાનું વૃક્ષ બાગબગીચામાં પણ ઉછેરવા જેવું હોવા સાથે એ પરિસરની શોભા વધારવા અનેક રીતે ઉપયોગી છે. ❑

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

ચોક અને ચબૂતરા બન્ને ખીચોખીચ ભરેલા હતા. હોસૂરના લોકો પણ આવ્યા હતા. એમને ત્યાં બેઠેલા જોઈને ચન્દ્રેગૌડાનું લોહી ઊકળી ઊઠ્યું. 'અમારા ગામની પંચાયતમાં આ લોકો કેમ ?' દાદરો ચડતાં કરેમને યજમાને કહ્યું, 'અહીં આવો ચંદ્રપ્પા.' ચન્દ્રેગૌડા સિંગપ્પણ્ણાની પાસે જ થાંભલે પીઠ ટેકવીને બેસી ગયો. આંગણામાં કાદવ ભરેલો હતો. પીપળાના વૃક્ષવાળા ચબૂતરા પર બેસવું સંભવ નહોતું. હવા આવતાં પાંદડાંમાં પાણીનાં ટીપાં પડતાં હતાં. અહીંતહીં નાનામોટા પથ્થરો પર લોકો ઘૂંટણે બેઠા હતા. કાલ સાંજની ઘટનાવાળા મંદિરના પૂજારી અય્યનોરુ દેખાયા તો કિટ્ટી-નાગી બન્ને જોરજોરથી હસવા લાગ્યા. સિલની સાથે આવીને કિટ્ટી-નાગીના ઘરના ચબૂતરા પર તેની નાની શેતરંજી ઉપર બેસી ગયો હતો. બાળકોને હસતાં જોઈને નાનીએ પૂછ્યું : 'કેમ હસો છો ?' માંડ માંડ હસવાનું રોકીને કહ્યું, 'કંઈ નહીં, નાની મા.' બારણામાં ઊભેલી નાની માને જોઈને નાગીએ કહ્યું, 'તમે પણ આવો, નાની મા.' નાની માએ બરાડીને બારણું બંધ કરીને અંદર જવા માટે કહ્યું તો નાગીને ડોસી મનહૂસ લાગી.

થોડીક વાર આડીઅવળી વાતો થઈ. ચન્દ્રેગૌડાએ સિંગપ્પણ્ણાની સાથે વાત કરતાં હોસૂર શિવગંગા ઈરપ્પાના ભાઈ ચેન્નારુને કાનમાં વાત કરતાં કોનેમને પુટુસ્વામીની તરફ આંખો ફાડીને જોયું. એ જાણીને ગૌડાને લાગ્યું કે પુટુસ્વામીના કારણે જ આ બધા લોકો અહીં આવ્યા છે. 'છિનાળની ઓલાદ, આવા... જ ગામની મર્યાદાને નષ્ટ કરે છે.' ગુસ્સામાં જ એમણે દાંત કચકચાવ્યા. કોપ્પલનો ઝઘડો કોપ્પલવાસીઓની વચ્ચે જ પૂરો થઈ જવો જોઈએ. બહારના લોકોએ એમાં માથું મારવાની શી જરૂર ? ખરેખર આ તો ગામનું અપમાન છે. ચારે બાજુ 'કોપ્પલનો ન્યાય' નામના મેળવી ચૂક્યો છે. આ નામને બરબાદ કરનાર પુટુસ્વામીને પાઠ ભણાવવો જોઈએ, એવું વિચારીને એણે જમીન પર હાથ ટેકવી દીધા. કરે મને સીતારામપ્પા ખોંખારીને ગળું સાફ કરીને બોલ્યા, 'વાર શેની ? શરૂ કરો, ગૌડા.' તેણે દોડ્ડગૌડની તરફ જોયું. દોડ્ડગૌડની બાજુમાં બેઠેલા મંદિરના પૂજારીએ પોતાના ફાટેલા અવાજમાં 'શરૂ કરો, શરૂ કરો' કહ્યું તો કિટ્ટી-નાગી ફરી હસવા લાગ્યા. નાની ફરી બોલી : 'અય્યનોરુના બોલવા પર કેમ હસો છો ?'

દોડ્ડગૌડાએ પોતાની ઝાડ જેવી મૂછો પર હાથ ફેરવતાં કુલવાડીને બોલાવ્યો. નવો નવો કુલવાડી બનેલા બુંદેમાડ ઝડપથી ઊભો થઈ ગયો. 'દરેક ઘરમાંથી એક એક માણસ આવી ગયો ને ?' એવું પૂછતાં જવાબ મળ્યો, 'આવી ગયા ગૌડે.' ગૌડેએ સુબ્બા કુમ્હારને બોલાવ્યો તો બધાની નજર ત્યાં ફરી. ઠંડીના કારણે નાનીની કામળી ઓઢીને બેઠેલ કિટ્ટી-નાગીએ પોતાની લાંબી ગર્દન બહાર કાઢી. ફાટેલી લુંગી અને પહેરણ પહેરીને સુબ્બા આગળ આવ્યો. એણે માથા પર કપડું બાંધ્યું હતું. તે ચોકમાં હાથ જોડીને માથું નમાવીને ઊભો રહ્યો. ગૌડેએ યજમાનની તરફ ફરીને કહ્યું, 'તમે જ પૂછી લો, મહારાજ !' થાંભલાની આડમાં બેઠેલા ચન્દ્રેગૌડાને સીતારામય્યાએ આગ્રહથી આગળ બોલાવ્યો. ચન્દ્રેગૌડાને સાથે બેસવામાં સંકોચ થતો હતો. અંતે તે ઊઠીને સીતારામય્યાની પાસે આવીને બેસી ગયો. કિટ્ટીએ મામાના ચહેરા તરફ જોયું.

સુબ્બા કુમ્હારને પૂછપરછ શરૂ થઈ.

બધા ચૂપ થઈ ગયા. ધીમે ધીમે કહેવાની વાત સાંભળવા માટે બધાના કાન ઉત્સુક થઈ ગયા. કિટ્ટીએ એક બાજુથી શરૂ કરીને બીજી બાજુના છેડા સુધીના બધા લોકોને જોઈ લીધા. બધા પથ્થરની જેમ ચૂપચાપ બેઠા હતા. સુબ્બુ ચહેરો નીચો રાખીને એમ જ ઊભો હતો. પછી સીતારામય્યાએ કહ્યું, 'જો સુબ્બુ, મંદિરની સામે ઊભો છું. જૂઠું ન બોલીશ. જે કંઈ થયું તે બધું જ સાચું કહી દે.'

સુબ્બા ધીમેથી માથું ઊંચું કરીને બોલ્યો, 'મા-બાપ, ભગવાન જેવા છો તમે લોકો ! તમારી પાસે જૂઠું બોલીને મારે શું નરકમાં જવું છે ? જૂઠું બોલું તો મારા મોમાં કીડા પડે.' આટલું બોલીને એ જે કંઈ થયું હતું તે કહેવા લાગ્યો. એ એવી રીતે બોલી રહ્યો હતો કે જાણે કણસતો હોય ! એથી એનો અવાજ કોઈને સંભળાઈ નહોતો રહ્યો. કિટ્ટી ચબૂતરા પરથી ઊતરીને મામાની નજર ચૂકવતો, નાગીના પિતા સિંગપ્પાગૌડાના ખોળામાં આરામથી જઈને બેઠો. કિટ્ટી સિંગપ્પાકાકાને ખૂબ ચાહતો હતો. એ પણ એને બહુ પ્રેમ કરતા હતા.

સુબ્બુની વાત કિટ્ટીને વિચિત્ર લાગી રહી હતી. એની પત્ની કૈંચની ઝૂંપડીમાં જાય તો શું થાય છે ? તેના માટે કૈંચને કેમ ગાળો દેવામાં આવે છે ? આટલી સુંદર પત્નીને મારીઝૂડીને કેમ અલગ પાડી દેવામાં આવે છે ? દેવી કેટલું સરસ ગાય છે. પરમ દિવસે તો તેનું ગીત સાંભળ્યું હતું. નાળાવાળા ખેતરમાં ઊગેલા છોડવાની વચ્ચે ગાયું હતું એણે ગીત. મામી પાસે આવીને કહેતી હતી, 'એક જૂની ચોળી હોય તો આપ, માઈ.' પાન-સોપારીથી

રંગાયેલા હોઠોથી તેના તરફ જોઈને તેણે પૂછ્યું હતું, 'શું છોટે માલિક સ્કૂલ નથી ગયા શું ? શું તળાવે નાહવા નહીં જાય ?' આવું કહીને તે હસી પડી હતી. તેના હસવાથી કિટ્ટીને તે દિવસે જાહેરમાં નાહવાની વાત યાદ આવી ગઈ, જ્યારે તે, રાજુ અને ત્રણ જણાં બીજાં નાગાં-પૂંગાં પાણીમાં તરતા હતા. અને તેમને જોઈને દેવીએ હસતાં હસતાં પૂછ્યું હતું, 'કેમ રે ગોમ્મરપ્પા થઈ ગયા છો ?' તેની મશ્કરી પર ઝટ નીકળીને ઝાડ પર ટિંગાડેલાં કપડાં પહેરીને ભાગી નીકળ્યા હતા.

'તેણે અમારા મહોલ્લાના કાલિંગ અને કેંચ બન્નેને પોતાના કરી રાખ્યા છે.' રાતની વાત એને ફરી યાદ આવી ગઈ. તે કેંચની સાથે સૂતી હતી, માટે પંચાયત ભેગી કરવાની વાત કિટ્ટીને સમજમાં ન આવી. તોપણ એ કુતૂહલથી સાંભળી રહ્યો હતો.

દેવીને બોલાવવામાં આવી. દેવી માથે ઓઢીને ધીમેથી ચોકમાં આવી અને ત્યાં બેઠેલા લોકોને તેણે હાથ જોડ્યા. કિટ્ટી આગળ સરક્યો અને દેવીને જોઈને બેસી ગયો. કાયમ હસતી દેવી રડતો ચહેરો બનાવીને નીચે નજર ઢાળીને ઊભી હતી. તેનાં કપાળ, ગાલ અને દાઢી પર છૂંદણાંનાં ચિહ્નો હતાં. પાગલની જેમ માથું નીચું ઢાળીને ઊભેલી દેવીને સીતારામપ્પાએ બોલાવીને પૂછ્યું, 'જો દેવી, જે કંઈ થયું છે તે સાચેસાચું કહી દે.' દેવીની સમજમાં કંઈ ન આવ્યું. તે ચૂપચાપ ઊભી રહી. પંચોને તે કંઈ નહીં કહે, એવું વિચારીને ચન્દ્રેગૌડા સ્વયં પૂછપરછ કરવા લાગ્યા. તેણે બરાડીને કહ્યું, 'શું તને સંભળાતું નથી ?' દેવીએ ગભરાઈને મોં ઊંચું કર્યું અને તેની તરફ જોયું.

'બોલીશ નહીં તો ચન્દ્રેગૌડા ચૂંથી નાખશે.' એમ દેવીને ડર લાગ્યો. ગૌડના પૂછવાથી દેવી ધ્રૂજતી ધ્રૂજતી કહી રહી હતી. કિટ્ટી સ્વયં પણ આ રીતે જ સ્કૂલમાં માસ્તરની સામે પલાખાં બોલતો હતો. દેવીની વાતો ઉત્સુકતાથી સાંભળવા માટે બેઠેલા લોકો ગૌડાના ચબૂતરેથી ઊતરવાથી એક શ્વાસે બેઠા હતા. કિટ્ટી અંદર જ ધ્રૂજી ઊઠ્યો. વિચાર્યું કે મામી હોત તો દેવી માર ખાવામાંથી બચી જાત. મામાએ 'સટ્ટાક' દેવીના ગાલ પર તમાચો માર્યો. દેવી ધ્રૂજી રહી હતી. 'હલકટ... રાંડ... બીજું શું શું થયું તે બોલ ! તેણે બોલાવી તો તું કેમ ગઈ ?' ખામોશ દેવી થર થર ધ્રૂજી રહી હતી. કિટ્ટીને રડવું આવી ગયું. બેઠો બેઠો તરફડી રહ્યો. બધા લોકો દેવી તરફ જોતાં તાકીને બેઠા હતા. કોઈ આગળ આવીને 'દેવીને ન મારો' એવું કહેતું નહોતું. અંતે સીતારામપ્પાએ જ કહ્યું, 'ચન્દ્રપ્પા, જવા દો. સ્ત્રીજાત છે. હરામખોરે પૈસાની લાલચ આપી હશે !' ચન્દ્રેગૌડા ત્યાં જ ચબૂતરાના ખૂણે બેસી ગયા. કિટ્ટીએ લાંબો ઊંડો શ્વાસ લીધો. દેવીને ત્યાં બેસવાનું કહીને સીતારામપ્પાએ કેંચને બોલાવ્યો.

એક વાર પુનઃ બૂમ પાડી. બધી બાજુ ખામોશી છવાઈ ગઈ. કેંચ ઠાઠથી ઊભો થઈને આગળ આવી ગયો. કેંચની ધૃષ્ટતા જોઈને ચન્દ્રેગૌડાને એને ભોંય પછાડીને કચડી નાખવાની ઇચ્છા થઈ. 'ન્યાય' માટે બેઠેલા વડીલોની સામે હાથ ન જોડનાર કેંચની ધૃષ્ટતાનું કારણ હોસૂરના શિવગંગા અને કોજોમને પુટ્ટસ્વામીની જ ચાલબાજી જાણીને ચન્દ્રેગૌડા લાલપીળા થઈ ગયા. બુંદેમાદને ઈશારાથી બોલાવીને આંબલીની સોટી લાવવા કહ્યું. મનોમન વિચાર્યું : 'આજે જો મેં આ સાલ્લાઓની મસ્તી ન ઉતારી તો હું મારા બાપની પેદાશ નહીં.' પુનઃ નિર્દયતાથી એના તરફ જોયું. બુંદેમાદ આનંદથી આંબલીની સોટી લેવા ચાલ્યો ગયો. માદને કેંચ પર ગુસ્સો હતો. 'સાલ્લાની બરાબર ધુલાઈ થાય તો સારું.' વળી મનમાં વિચાર્યું : 'મારી ન બનતાં દેવી કેંચની થઈ ગઈ. હવે ગમે તે રીતે પણ એક વાર હાથ સાફ કરવાનો મળશે.'

કેંચના કારણે જ દેવીની આ દુર્દશઆા થઈ રહી છે એ જાણીને કિટ્ટીને તેના પર ક્રોધ આવી ગયો. તેથી કેંચ આવતાં જ તે હોઠ ચાવીને વિચારવા લાગ્યો કે તેની ધુલાઈ થવી જ જોઈએ. મામા કશું જ બોલતા નહોતા. કિટ્ટીને અચરજ થતું હતું. બેઠેલા માણસોને બહુ ગુસ્સો આવતો હતો. દોડ્ડગૌડાનો પુત્ર રુદ્ર તો લાલપીળો થઈ રહ્યો હતો. બેઠા બેઠા જ એની મુઠ્ઠીઓ બિડાઈ ગઈ હતી. આંબલીની ઢગલો સોટીઓ લાવીને બુંદેમાદે આગળ મૂકી દીધી. બધા લોકોને લાગ્યું કે આજે તેની સારી એવી વર્ષગાંઠ ઉજવાઈ જશે.

આંબલીની ઢગલો સોટીઓ જોઈને કેંચ પણ કંપી ગયો. 'પરંતુ હોસૂરના શિવગંગા અને કોજોમ ને પુટ્ટસ્વામી તો છે. પછી શેનો ડર ?' એવું વિચારીને એણે સાહસ ભેગું કર્યું.

સીતારામપ્પાએ પૂછ્યું, 'કેંચ, કાલે તું અને દેવી બન્ને ચપ્પલસેંડની ઝાડીમાં સૂતા હતા, શું એ સાચું છે ?' સાહસ ભેગું કર્યું હતું છતાં આંબલીની સોટીઓ જોઈને તેના મનમાં બીક ઊભી થઈ રહી હતી. એ બોલ્યો : 'તે પોતે જ આવી ગઈ. હું શું કરું ?' પૂછવાથી દેવી બોલી, 'ના રે, હું તો શૌચ માટે ગઈ હતી. તે મને ખેંચીને લઈ ગયો હતો. છીંટની સાડી અપાવવાનું કહ્યું હતું.' કેંચની તરફ ફરીને ચન્દ્રેગૌડાએ કહ્યું, 'બેટા, કેમ ન અપાવે ! ઘરના નોકર છિનાળના દીકરાઓમાં સામેલ થઈ ગયા છે.' ગૌડાની તરફ ન જોતાં ચબૂતરા પર બેઠેલા, પોતાની તરફ ઘૂરક્તા શિવગંગા અને પુટ્ટસ્વામીની તરફ જોયું. એમણે ફરી આંખો પટપટાવી.

દોડ્ડગૌડાની સાથે વાતચીત કરીને સીતારામપ્પા નિર્ણય પર આવી ગયા હતા. બોલ્યા, 'જો, કેંચ જે થવાનું હતું તે થઈ ગયું. એટલું જ નહીં, તેં કોપ્પલની ઇજ્જત હોસૂરની સામે ધૂળમાં મેળવી દીધી છે. તેં પંચની સામે હાથ પણ જોડ્યા નથી. સીધો આવીને ઊભો રહી ગયો.' ચંદ્રેગૌડાએ કહ્યું, 'તે શું કામ જોડે ? એઠું ખાઈને ચરબી ચડી ગઈ છે.' કેંચે તરત જ કહ્યું, 'જવા દો, હું તમારા ઘરે કદી નથી આવ્યો ને !' અત્યાર સુધી રોકી રાખેલો ચન્દ્રેગૌડાનો ગુસ્સો ઊકળી ઊઠ્યો. તેમણે નીચે પડેલી આંબલીની સોટી ઉપાડીને ધડાધડ ચાર ફટકારી દીધી. કેંચ ઊભો ઊભો થર

થર કાંપવા લાગ્યો. તરત સીતારામપ્પાએ ચબૂતરા પરથી ઊતરીને કહ્યું, 'બસ કરો, ચંદ્રપ્પા.' પછી કેંચને પૂછ્યું, 'જો, કેંચ, અમારી વાત માનીશ કે નહીં ?' કેંચની આંખોમાં પાણી આવ્યાં. કિટ્ટીને અત્યાર સુધી કેંચ પર ગુસ્સો હતો, પરંતુ મામાના મારથી કાંપતા કેંચને જોઈને તેનો ક્રોધ પીગળી ગયો. તેણે તેની તરફ જોયું. મામાના હાથમાં હજુ સુધી સોટી હતી.

દોડ્ડગૌડાની પાસે બેઠેલા પૂજારીએ જોરથી કહ્યું, 'ના, કેંચનું કર્મ જોતાં એને સજા થવી જ જોઈએ. વળી તે અકડાઈથી વાતો કરે છે.' પૂજારીની વાત સાંભળીને તેને પહેલાંની જેમ હસવું જ આવ્યું, પરંતુ ગુસ્સો ચડ્યો. 'કાલીની સાથે પૂજારીના શયનની વાત કહેવા બદલ તો મામાએ એને પીટ્યો હતો. આજે કેંચ અને દેવીના સેંડની ઓઠમાં શયન પર એની ધુલાઈ થઈ રહી છે. પૂજારી પણ એવી જ રીતે સૂતા હતા ને ! તો પછી લોકો તેને કેમ નથી પીટતા ?' તે વિચારવા લાગ્યો. તે પૂજારી અને મામાના ચહેરા તરફ જોઈને મનોમન તેમને ગાળો દેવા લાગ્યો.

સીતારામપ્પાની વાત સાંભળીને કેંચે કહ્યું, 'કહો, માલિક !' ત્યારે તેણે કહ્યું, 'જો કેંચ, એવું કહી દે કે મેં જે કર્યું તે ખોટું કામ હતું અને પંચાયતને પચીસ રૂપિયા દંડ ભરી દે.' દોડ્ડગૌડાએ કહ્યું, 'બરાબર છે, માલિક જેમ કહે તેમ કર.' કેંચે કહ્યું, 'મારી પાસે પૈસા નથી.'

'એને સાડી લાવી આપવાના છે, કેમ ?' ચન્દ્રેગૌડાએ પૂછ્યું તો કેંચ તેની તરફ એકીટસે જોવા લાગ્યો. 'મારા મોંઢા સામે શું જોઈ રહ્યો છું ?' તે ગુસ્સામાં ઊભો થયો તો હોસૂરના શિવગંગા ધૃષ્ટતાથી આગળ આવીને બોલ્યો, 'મૂકો, આવો ન્યાય અમે બહુ જોયો છે ! ન્યાય કરનાર તો પહેલાં સ્વયં ન્યાયથી રહે !' તે હજુ બોલી જ રહ્યો હતો કે ચન્દ્રેગૌડાએ પૂછ્યું, 'તું પૂછનાર કોણ ?' શિવગંગા અકડાઈથી બોલ્યો, 'એ મારા ઘરમાં નોકર છે, તેથી મને પૂછવાનો હક છે.' ચંદ્રેગૌડા દાંત કચકચાવીને બોલ્યા, 'શું કહ્યું, હક છે ? એ મારા ગામનો માણસ છે. હોસૂરનો ખેલ અહીં નહીં ચાલે. આજે જો એ ભૂલ નહીં કબૂલે તો જોઉં છું.' શિવગંગાએ એની પરવા ન કરી. ચન્નોરુ, પુટુસ્વામી અને હોસૂરના ત્રણ-ચાર વધુ માણસો ચબૂતરેથી ઊતરીને ઊભા થઈ ગયા હતા. 'ચાલ કેંચ ! એમની ઇચ્છા થાય તો કોર્ટમાં આવીને લડે.' શિવગંગાના આવા કથનથી કેંચ ચાલવા માંડ્યો. ચન્દ્રેગૌડા રાક્ષસ બની ગયા. જે હાથમાં આંબલીની સોટી હતી તે કાંપી રહ્યો હતો. લાગતું હતું કે, જાણે હમણાં જ ડગમગીને પડી જશે. એણે હોઠ દબાવીને શિવગંગા તરફ જોયું. 'કોની કૂખેથી આવ્યો છું, શિવગંગા, હું એ વિચારીને કે 'ચાલો જવા દો.' ચૂપ થઈ ગયો તો તું આટલો આગળ વધી ગયો ! એ શું તારી બૈરીનો યાર છે ?' શિવગંગાએ કહ્યું, 'સંભાળીને બોલ. આથી આગળ વધવું બરાબર નથી.' રુદ્ર પોતાના માણસો સાથે બાંય ચડાવીને ઊભો થઈ ગયો. બેઠેલા બધા માણસો ઊભા થઈ ગયા. બસ, હવે મારામારી શરૂ થઈ એવું વિચારીને લોકો એમને શાંત પાડવા બરાડવા માંડ્યા. કિટ્ટી ઊભો થઈ ગયો. માણસોની દીવાલ એની સામે ઊભી થઈ ગઈ. જંગલી વૃક્ષના મોટા મોટા થડ જેવી જાંઘ વચ્ચેથી નીકળીને એ જોવા લાગ્યો. શિવગંગાને ખેંચીને બેસાડવામાં આવતો હતો. ચન્દ્રેગૌડાનો ક્રોધ કેંચ પર ઊકળી ઊઠ્યો. કેંચ આંખો ફાડીને જોઈ રહ્યો હતો. હારેલી વ્યક્તિની જેમ બધા લોકો એના પર તૂટી પડ્યા. 'આ બધું તારા કારણે થયું છે, બેટા.' કહેતાં સહુ એની ચામડી ઉતારવા માટે એના પર તૂટી પડ્યા. વચ્ચે પડવાની કોઈની હિંમત ન ચાલી. માર સહન ન થવાને કારણે કેંચ અચાનક ગૌડના પગે પડીને કહેવા લાગ્યો, 'ભૂલ થઈ ગઈ, માલિક.' કિટ્ટીને લાગ્યું કે જાણે એનાં આંતરડાં મોં સુધી આવી ગયાં હોય ! એણે આંખ બંધ કરી દીધી. એનું હૃદય ધબકી રહ્યું હતું. માણસોની વચ્ચેથી નીકળીને તે નાગીના ઘરના ચબૂતરા સુધી આવી ગયો. કોઈ એની તરફ જોતું નહોતું. બધા એ બાજુ આંખો ફાડીને જોતા હતા.

શિવગંગા આખા ચબૂતરાને માથે લઈને બરાડ્યો, 'સાલ્લા... બધા જ છિનાળની ઓલાદ છે. વેશ્યાની કમાઈ ખાનારા છે, કોણ નથી જાણતું ? ગાળો દેવા બદલ ચન્દ્રેગૌડાએ શિવગંગાને પણ ઝૂડી નાખ્યો. ચન્નોરુ અને પુટુસ્વામી બન્ને ક્રોધમાં આગળ આવી ગયા, પરંતુ તેની પાછળ ઊભેલા રુદ્ર અને તેના સાથીઓને જોઈને રોકાઈ ગયા. 'છોડો ચન્દ્રેગૌડા. આખરે મૂર્ખ છોકરાઓ છે. એમની સાથે તમે કેમ તમને ખરાબ કરો છો.' એમ કહીને સીતારામપ્પાએ એનો હાથ પકડીને કહ્યું, 'ગમે તેવું કહો, તમે નહીં માનો.' એને ચૂપ કરીને બેસાડવામાં આવ્યો. કિટ્ટી ચબૂતરેથી કૂદીને આગળ આવીને જોવા લાગ્યો. દેવી ક્યાંય ન દેખાઈ. કેંચ પીપળાવાળા ચબૂતરાએ પીઠ ટેકવીને બેઠો હતો. પહેલાં સાંભળેલી રાક્ષસોની વાર્તાઓ કિટ્ટીને યાદ આવી ગઈ.

એ ડરી ગયો. ચબૂતરા પર ચડીને નાગીની નાનીના કામળામાં ઘૂસી ગયો. કાન ફાડી નાખે તેવા અવાજો. ત્યાં સુધી સિલ અદૃશ્ય હતો, પરન્તુ અચાનક પ્રકટ થયો. 'ઘરે જવું છે, ચલો કિટપ્પા.' કિટ્ટીને ડર લાગતો હતો. ચબૂતરેથી નીચે ઊતરતાં એ ધ્રૂજતો હતો. એ સિલની સાથે ચાલ્યો ગયો. દોડ્ડગૌડા અને સીતારામપ્પા બધાંને શાંત કરતા હતા. શિવગંગાના ટેકેદારો શિવગંગાને ખેંચીને લઈ ગયા. શિવગંગા બકી રહ્યો હતો, 'બેટાઓને બતાવી દઈશ. હું કોણ છું તે બતાવી દઈશ.' પીપળાના ચબૂતરે ટેકો દઈને બેઠેલા કેંચને તેણે કહ્યું, 'ઊભો થા કેંચ !' કેંચ બેસી રહ્યો. એ ન હલ્યો, ન ડગ્યો. 'મર, છિનાળની ઓલાદ !' કહીને બધા ચાલવા માંડ્યા. કિટ્ટી અને સિલ ધીરે ધીરે ઘર તરફ નીકળી પડ્યા.

ધીમે ધીમે ચોકમાં શોર ઓછો થવા લાગ્યો. લાલટેનની રોશનીમાં હોસૂરના લોકોના પગ દેખાઈ રહ્યા હતા. ગલીમાં

ફેલાયેલા કીચડમાં ચપચપ પગ મૂકીને જતા એ વળાંકે અદશ્ય થઈ ગયા. કિટ્ટીને દેવીની યાદ આવી ગઈ. મનમાં વિચાર્યું કે, મામીને કહી દે. ચબૂતરાની નીચે બેઠેલો કૈંચ રોઈ રહ્યો હતો. તેણે વિચાર્યું કે 'તેની ચામડી ઊતરી ગઈ હશે. કૈંચ મરી ગયો તો ?' આવું વિચારતાં એ ગભરાઈ ગયો. પાછળ 'કુચ...કુ..ચ...' કરતું કોઈ આવી રહ્યું હતું. એણે ગભરાઈને પાછું વળીને જોયું. ભૂતની જેમ મોન્ન આગળ આવી ગયો. સિલે કહ્યું, 'હત્ત તારી જાતના. મર. કૈંચના શરીરમાંથી લોહી નીકળી રહ્યું છે.' સાંભળીને કિટ્ટીને રડવું આવી ગયું. કૈંચની ધુલાઈ વખતે કોઈ આગળ નહીં આવેલું, તેને લાગેલું કે બધા દુષ્ટ છે. જે કંઈ જોયું હતું, ઘરે આવીને મામીને સંભળાવવા લાગ્યો તો એની આંખમાં આંસુ ઊભરાઈ રહ્યાં હતાં.

'બિચારી દેવીએ એવું કેમ કર્યું હતું ?'

'શું ખૂબ મારવામાં આવી હતી દેવીને, કિટ્ટી ?' મામીએ પૂછ્યું.

'દેવીને તો એક જ વાર માર પડ્યો.. કૈંચને જ...' કિટ્ટીએ કહ્યું. તે કશુંક વધુ પણ બતાવવા ઇચ્છતો હતો, પરંતુ મામીએ કહ્યું, 'જવા દે.' કિટ્ટી મામીની પથારીમાં સૂઈ ગયો. એના કાનમાં ચોકની બૂમરાડ ગુંજી રહી હતી. અનેકાનેક યાદો. દાદીની વાર્તાઓ. રાક્ષસી મારપીટ. રોવા-કૂટવાનું. ભયંકર અટ્ટહાસ્ય કરનાર માણસોના ચહેરાઓ. કિટ્ટીએ મામીના પેટ પર હાથ મૂકી દીધો હતો.

એ વિચારતો હતો, 'મામી હોત તો કદાચ એ લોકોને માર ન પડત.

મામાએ કેટલીય વાર મામીને મારી'તી. એ જો ત્યાં આવી ગઈ હોત તો એને પણ આંબલીની સોટીથી માર પડત... તો ? શું પાસે રહેનારને પણ માર પડે ?' એ ગભરાઈને મામીને બાઝી પડ્યો.

થોડીક વાર પછી મામાનો ઊંચો અવાજ સંભળાયો. ઝડપથી ઊઠીને મામીનો પાલવ પકડીને તે પણ સાથેસાથે ચાલવા લાગ્યો. મામીએ બારણું ખોલ્યું કે મામાએ અંદર આવીને કહ્યું, 'જરા પાણી આપ.' પછી તે ઓસરીમાં પાથરેલા પલંગ પર બેસી ગયો. સાથે આવેલા માણસો સાથે વાત કરતા રહ્યા. પછી પલંગથી નીચે ઉતરીને કહ્યું, 'અહીં જ પથારી પાથરી દો' મામી પલંગ પર પથારી પાથરીને બારણે ઊભી રહી. કિટ્ટી ઊંઘને કારણે થાકેલો હતો. તે એકલો જ પથારીમાં સૂઈ ગયો. માણસો બહાર વાતો કરતા હતા. મામી ઘણીબધી વાર પછી પાસે આવીને સૂતી, કિટ્ટીને કશો જ ખ્યાલ ન આવ્યો. ❑


અનુસંધાન] ઈશાન [પૃ. ૨૧૮ પરથી

પસાર થતો મુખ્ય માર્ગ છે જેના પર વિવિધ વ્યાપારી, સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિનાં સ્થાનો સ્થપાય અને વિકસે. આ રસ્તા પર સૌથી વધુ અવરજવર રહે. આવા રસ્તા પર આવેલી જમીનો તેના વ્યૂહાત્મક સ્થાનને કારણે વધુ મોંઘી હોય અને તેથી તેના પર આવાસ-સંકુલ ઓછાં જોવા મળે. જોકે આ મુખ્ય રસ્તાની બંને બાજુ—સમરાંગણ સૂત્રધાર પ્રમાણે—પગદંડીની જરૂર ન રહે તે વાત વાજબી નથી લાગતી. મહારથ્યા એ આજના સંદર્ભમાં શહેરનો ઉપમુખ્ય માર્ગ ગણાય જેના પર શહેરના જે તે વિભાગમાં સ્થાનિક સ્તરે નાના પાયે વ્યાપારી, વ્યાવસાયી કે સામાજિક સંસ્થાઓ સ્થપાય. આવા માર્ગ પર વિકેન્દ્રિત થયેલી આવી પ્રવૃત્તિના વિકાસથી અવરજવર પણ વધુ રહે. ઉપરથ્યાને આજના સંદર્ભમાં સ્થાનિક માર્ગ કહી શકાય, જે શહેરના જુદાજુદા વિસ્તારને નાના ખંડમાં વિભાજિત કરે. આવા પ્રત્યેક નાના ખંડમાં કાં તો આવાસ-સંકુલ યા તો ચોક્કસ સામાજિક પ્રવૃત્તિ માટેના મકાનનું આયોજન થઈ શકે. જોકે સ્થાનિક માર્ગ પર સ્થપાતી આવી સામાજિક સંસ્થાઓ સામાન્ય રીતે સમગ્ર શહેરના પરિપ્રેક્ષ્યમાં નહીં પરંતુ સ્થાનિક સ્તરે જ કાર્યરત હોય છે. સ્થાનિક માર્ગ પર જીવનજરૂરિયાતની ચીજવસ્તુનો વ્યાપાર પણ સંભવી શકે. સ્થાનિક માર્ગ વડે શહેરના દરેક વિભાગને જરૂરિયાત પ્રમાણે વિભાજિત કરી શકાય. જંઘાપથ એ આજના સંદર્ભમાં ફૂટપાથ છે. સમરાંગણ સૂત્રધારમાં ઉપરથ્યાની અર્થાત્ સ્થાનિક માર્ગની બંને બાજુ જ જંઘાપથ સૂચિત કરાઈ છે જે સાંપ્રત પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય નથી. આજની જરૂરિયાત પ્રમાણે શહેરના પ્રત્યેક નાનામોટા રસ્તાની બંને તરફ ફૂટપાથ હોવી જોઈએ અને ઘણીવાર જે-તે માર્ગ પર વિકસેલી પ્રવૃત્તિઓ અનુસાર ફૂટપાથની પહોળાઈ વાહન-વ્યવહારના માર્ગની પહોળાઈથી વધુ હોય તે જરૂરી બને છે. ઘણી વાર શહેરના કેટલાક માર્ગો તો માત્ર રાહદારી માટે અનામત રાખવા પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે. ઘંટામાર્ગ એ આજના સંદર્ભમાં રીંગ રોડ છે. આ રીંગ રોડથી શહેરની મધ્યમાંથી પસાર થતો બિનજરૂરી ટ્રાફિક અન્ય માર્ગે વાળી શકાય છે. વળી, શહેરના બહારના વિસ્તારો સાથેનો સંપર્ક પણ આ રીંગ રોડ દ્વારા સ્થાપિત થતો હોય છે.

કૌટિલ્ય દ્વારા સૂચિત કરાયેલા માર્ગ આયોજન પ્રમાણે રાજા ભોજે પણ ગ્રીડ આયર્ન રચના પ્રમાણેનું નગર-આયોજન સૂચવ્યું છે, જેમાં ચોક્કસ ક્રમમાં માર્ગની શ્રેણિબદ્ધ રચના યથાર્થ રીતે સ્વીકારાઈ છે.

સમરાંગણ સૂત્રધારમાં સૂચવ્યા પ્રમાણે નગરની ચારે તરફ આકૃત્તિમાં દર્શાવ્યા પ્રમાણે પ્રાકાર, પરીખા, અટ્ટાલક તથા વપ્રનું આયોજન નગરની સુરક્ષા માટે જરૂરી છે. સુરક્ષાના આવા પ્રબંધમાં છિદ્ર તરીકે ભાખાતા દ્વાર દ્વારા નગરનો બહારના પ્રદેશ સાથેનો સંબંધ નિર્ધારિત થતો. આવા દ્વારને સુરક્ષાની દૃષ્ટિએ સલામત બનાવવાની સાથે તેને પ્રતોલી જેવા બાંધકામ દ્વારા શણગારવાની જરૂરિયાત પર પણ રાજા ભોજે ભાર મૂક્યો છે. સમરાંગણ સૂત્રધારમાં વિવિધ પ્રકારની વ્યાવસાયિક પ્રવૃત્તિઓ આચરતા લોકો માટે જુદાજુદા પ્રકારના નગર-આકાર સૂચિત કરાયા છે જેમાં તર્ક કરતાં સ્વૈર કલ્પના વધુ છે. ❑

કલાવાર્તા



કલાકાર અમૃતલાલ વેગડને પુરસ્કાર

કુમારના વાચકો શ્રી અમૃતલાલ વેગડનાં ચિત્રો તથા લેખોથી પરિચિત છે જ. જબલપુરમાં શાસકીય કલાનિકેતનમાં પાંત્રીસ વર્ષ સુધી અધ્યાપનકાર્ય કર્યા પછી ૧૯૮૮માં એમણે સેવાનિવૃત્તિ લીધી છે. નર્મદા નદીના પ્રગાઢ ચાહક હોઈ ૧૯૭૭થી એમણે નર્મદાની પરકમ્મા કરવા માંડી અને પ્રતિવર્ષ ગ્રીષ્મ તથા દશેરા-દીપાવલીની રજાઓમાં એ ક્રમ જારી રાખ્યો. આ રીતે એમણે ગ્યારીઘાટથી આરંભ કરી નર્મદાના ઉદ્‌ગમ સ્થાન અમરકંટક સુધી, પછી અમરકંટકથી નર્મદાના સાગરસંગમ સુધી, ત્યાંથી સમુદ્ર પાર કરી નર્મદાના ઉત્તર તટથી પુનઃ વળતી પદયાત્રા કરી છે. આમ, ૧૮૦૦ કિ.મી.ની એમની આ પદયાત્રા પૂર્ણ થવામાં છેલ્લા ૩૫૦ કિ.મી. હવે બાકી છે અને એને માટે આજે ૬૭ વર્ષની વયે પણ તેઓ અત્યધિક ઉત્સાહ ધરાવે છે. આમાં શૂલપાણની ખતરનાક ઝાડીમાં પણ તેઓએ યાત્રા કરી છે કે જ્યાં સામાન્યતઃ એ વિસ્તારના ભીલોની ઝૂંટઝપટ ને લૂંટફાટના ભયથી લગભગ ૮૦ માઈલ જેટલો યાત્રામાર્ગ ઘણા પરકમ્માવાસીઓ છોડી દે છે. શ્રી વેગડ જ્યારે શેષ યાત્રા પૂરી કરી લેશે ત્યારે કદાચ તેઓ આ અતિ કઠીન પદયાત્રા પૂરી કરનાર એકમાત્ર કલાકાર–લેખક હશે. કારણ હવે નર્મદા પર બરગીબંધ બની જતાં અને સરદાર સરોવર તૈયાર થઈ ગયા પછી નર્મદાનું વાસ્તવિક સ્વરૂપ જ ફેરવાઈ જઈ પરિક્રમાનો અર્થ જ બદલાઈ જશે.

કલાકાર હોવા સાથે પોતે એક અચ્છા લેખક પણ હોઈ એમણે પોતાની આ સુદીર્ઘ યાત્રાનું સચિત્ર વર્ણન પહેલાં 'અખંડ આનંદ'માં અને પછી 'જન્મભૂમિ પ્રવાસી'માં લખેલું છે. વાચકોમાં તે ઘણો સારો આવકાર પામેલું. હિંદી ભાષામાં તો 'સૌંદર્ય કી નદી – નર્મદા' નામે એ યાત્રાકથા પ્રકટ પણ થઈ ગઈ છે, એટલું જ નહિ, મધ્યપ્રદેશ, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના 'દિવ્ય પુરસ્કાર' દ્વારા પુરસ્કૃત પણ થઈ છે. હિન્દી સાહિત્યનાં ઉલ્લેખનીય પુસ્તકોમાં પણ એનો સમાવેશ થયો છે, અને હમણાં આ એપ્રિલમાં મધ્યપ્રદેશ સાહિત્ય પરિષદ (રાજ્યની સાહિત્ય અકાદમી)ના 'પદુમલાલ પુન્નાલાલ બક્ષી પુરસ્કાર'થી એને સમ્માનિત કરવામાં આવ્યું છે. (શ્રી વેગડ હિન્દી તેમજ ગુજરાતી બંને ભાષામાં લખે છે.) આ પુરસ્કારમાં એમને એક પ્રશસ્તિ પત્ર સાથે અગિયાર હજાર રૂપિયાની રકમ આપવામાં આવી હતી. ભોપલના વિશાળ રવીન્દ્રભવનમાં હિન્દીના વિખ્યાત કવિ શ્રી શિવમંગલસિંહ 'સુમન'ના હસ્તે એમને આ પુરસ્કાર અર્પણ કરવામાં આવેલો.

'સૌંદર્ય કી નદી નર્મદા' શ્રી વેગડની ૧૮૦૦ કિ.મી. લાંબી નર્મદાની પરિક્રમાની અદ્‌ભુત કથા છે. કોઈ પણ સ્તરના વાચકને જકડી રાખવા જેટલી એ સક્ષમ રોચક કથા છે. નર્મદાનાં વિવિધ રૂપોના પોતાની ભીતર સંભળાએલા પડઘાની વિસ્મયકારી અનુભૂતિને એમણે સરળ ગંભીર ભાષામાં અભિવ્યક્ત કરી છે.

નર્મદા પ્રત્યેના એમના પ્રગાઢ પ્રેમની અનુભૂતિને વ્યક્ત કરતાં બે સુંદર રંગીન કોલાજચિત્ર ગયા વર્ષે 'કુમાર'માં આપણે જોયાં અને એક લેખ પણ. આ સાથે એમનાં એવાં જ સુંદર બીજાં ચિત્રો પણ જોઈએ.

ઈ.સ. ૧૯૨૮ની ૩ ઑક્ટોબરે મધ્યપ્રદેશમાં નર્મદાકાંઠે જ વસેલા જબલપુરમાં શ્રી વેગડનો જન્મ થયો. પિતા કચ્છ અંજારના નાનકડા ગામ કુંભારિયાથી વ્યવસાયાર્થે જબલપુર આવી વસેલા. અમૃતલાલે પ્રાથમિક શિક્ષણ વતનમાં જ લીધેલું અને પછી મધ્યપ્રદેશના સાગર વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતક થયા. ૧૯૪૮માં તેઓ શાંતિનિકેતન ગયા અને ત્યાં શ્રી નન્દલાલ વસુ જેવી કલાવિભૂતિ પાસે ચિત્રકલાનો અભ્યાસ કર્યો. ત્યાંથી આવ્યા બાદ તેઓ જબલપુરમાં જ શાસકીય કલાનિકેતનમાં અધ્યાપક નિયુક્ત થયા અને ત્યાં પાંત્રીસ વર્ષ સુધી સફળ શિક્ષકીય જીવન ગાળી ૧૯૮૮માં એમણે સેવાનિવૃત્તિ લીધી છે.

હિન્દીમાં પાંચ અને ગુજરાતીમાં એમનાં ત્રણ પુસ્તકો પ્રકટ થયાં છે. આમાંથી 'બાપુ સૂરજ કે દોસ્ત' ભારત સરકાર તથા સમાજકલ્યાણ મંત્રાલય દ્વારા પુરસ્કૃત થયેલું. બીજું 'ભારત મેરા દેશ' બાલસાહિત્યના શ્રેષ્ઠ પ્રકાશન તરીકે રાષ્ટ્રિય શૈક્ષિક અનુસંધાન એવં પ્રશિક્ષણ પરિષદ, દિલ્હી દ્વારા અને ત્રીજું 'સૌંદર્ય કી નદી નર્મદા' મધ્યપ્રદેશની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના 'દિવ્ય સમ્માન' પામવા ઉપરાંત હમણાં પદુમલાલ પુન્નાલાલ બક્ષી પુરસ્કાર પામ્યું.

મધ્યપ્રદેશ કલા પરિષદ-ભોપાલના ૧૯૮૧ અને ૧૯૮૬માં શ્રેષ્ઠ ચિત્રકલા પુરસ્કાર પામવા ઉપરાંત, ભોપાલ, ઇન્દોર, કલકત્તા, મુંબઈમાં એમનાં એકલ






નર્મદાનો તટ

ડાબી બાજુ : નર્મદાપ્રદેશના આદિવાસીઓ

અમૃતલાલ વેગડના બે સ્કેચ

કલાપ્રદર્શનો યોજાયાં; ઇલાહાબાદ અને રાજમહેન્દ્રીની કલાશિબિરોમાં એમણે ભાગ લીધેલો છે. હાલમાં લેખનકાર્ય થોડું ઘટાડી તેઓ ખૂબ ચિત્રો બનાવે છે. નર્મદાનું એમને એટલું બધું આકર્ષણ છે કે તેના સૌન્દર્યનો પચાર-પ્રસાર એ જાણે એમનો એકમાત્ર ઉદ્દેશ છે. હાલમાં એમનાં ચિત્રોમાં પણ જાણે નર્મદા જ કેન્દ્રસ્થાને દેખાય છે.

એમની ચિત્રશૈલીમાં રંગોની તાજગી અને રંગાયોજનની સૂઝસમજ તેમજ સ્કેચમાં પાત્ર, પરિસર અને વિષયપસંદગી ધ્યાનાર્હ બની રહે છે. સ્કેચમાં જે પાત્ર આદિને તે ઉપસાવવા માગતા હોય છે તેને બરાબર ન્યાય આપી રહે છે. મુખ્યત્વે ગ્રામપ્રકૃતિ અને ગ્રામજીવન એમના આ પ્રકારના સ્કેચમાં વિષયભૂત બને છે ત્યારે તેમનો અસલી અનુભવ કલારૂપ પામે છે. ભાવકોને માટે તેમનાં એકરંગી, બહુરંગી ચિત્રો કે સ્કેચ નયનોત્સવનું તાજગીભર્યું નજરાણું બની રહે છે. - **બિ. ટાંક**



શ્રી વેગડનાં બે કોલાજ ચિત્રો

ડાબી બાજુ : નર્મદાનો એક ઘાટ

નીચે : ગાયકો



સાહિત્યસંપર્ક

આયોનેસ્કોની ચિરવિદાય



આ સદીના છઠ્ઠા દાયકામાં જેમનાં નાટકોએ વિશ્વભરના નાટ્યરસિયાંનું અપૂર્વ ધ્યાન ખેંચ્યું હતું તે યુજીન આયોનેસ્કોનું માર્ચના અંતમાં અવસાન થતાં યુરોપના નાટ્યસર્જન ક્ષેત્રે એક પ્રતિભાશાળી સર્જકની ખોટ વર્તાશે. એમનો જન્મ ઈ.સ. ૧૯૧૨માં રૂમાનિયન પિતા અને ફ્રેન્ચ માતાને ત્યાં થયો હતો. એમનું કૌશોર્ય-કૌમાર્ય અને ત્યાં સુધીનું બધું શિક્ષણ ફ્રાન્સમાં તરુણવયે બુડાપેસ્ટમા વસવાનું બન્યું અને ૧૯૨૫થી ૧૯૩૮ સુધીનાં વર્ષો રૂમાનિયામાં પસાર કર્યાં. ત્યાં રહ્યે રહ્યે એમણે ફ્રેન્ચ ભાષા શિક્ષકની લાયકાત મેળવી. ૧૯૩૬માં એમણે લગ્ન કર્યું. ૧૯૩૮માં તેઓ પૅરિસમાં સ્થિર થયા અને ૧૯૩૯માં શિષ્યવૃત્તિ મેળવી શોધપ્રબંધ તૈયાર કરવા લાગ્યા. આરંભનાં વર્ષોમાં મૂફવાચન કરી ગુજારો કર્યો.

સાથેસાથે એમણે રૂમાનિયન કવિતા અને વિવેચનના ક્ષેત્રમાં પોતાની કલમ ચલાવી, પરન્તુ એમને સફળતા તો મળી પ્રથમ વિશ્વયુદ્ધ પછી જ. નાટ્યસર્જનનો એમનો પ્રયોગ ધીમેધીમે ધ્યાનાકર્ષક બની રહ્યો. એમની ગણના શરૂઆતમાં આદામોવ અને બૅકેટ સાથે થવા લાગી, જો કે આયોનેસ્કોના નાટ્યસર્જનમાં આદમોવ અને બૅકેટ સાથે સાદૃશ્ય કરતાં જુદાપણું વધારે માત્રામાં હતું.

એમનું પહેલું નાટક 'ધ બોલ્ડ પ્રાઈમ ડોના' ૧૯૪૮માં લખાયું અને ૧૯૫૦માં નાનકડા થીએટરમાં ભજવાયું, પરન્તુ એણે લોકોનું બહુ ધ્યાન ખેંચ્યું નહીં, પરન્તુ એમનું 'ધ ચૅર્સ' નાટક ૧૯૫૦માં રચાયું અને એણે એમને નૂતન નાટ્યજગતમાં જાણીતા કર્યા. હવે તેમનાં અગાઉનાં નાટકોની સર્જનાત્મકતા અને વૈશિષ્ટ્યનો ખ્યાલ આવ્યો કે એમણે પોતાનાં સર્જનોથી પ્રતિનાટ્યની આબોહવા રચી આપી. એમનાં અન્ય સિદ્ધ નાટકો છે : 'વિક્ટિમ્સ ઑફ ડ્યૂટિ' (૧૯૫૨), 'આમેદેઈ' (૧૯૫૩), 'ધ કિલર' (૧૯૫૯), 'રાઈનોસેરસ (૧૯૫૯) અને 'એક્ઝિટ ધ કિંગ' (૧૯૬૨). એમની છેલ્લી નાટ્યકૃતિ 'મૅન વિથ બૅગ્સ' ૧૯૭૭માં રચાઈ હતી. એમની નવલકથા 'લે સોલિત્તેર' ૧૯૭૩માં લખાઈ હતી અને તેના પરથી 'લા વાઝ' નામક ફિલ્મ તૈયાર થએલી, જેમાં તેમણે પ્રધાન ભૂમિકા પણ ભજવેલી.

એમની નાટ્યશૈલી ઍબ્સર્ડ થીએટરની છે. તત્કાલીન ચીલાચાલુ અને લપટી લીસી પડી ગયેલી ભાષા સામેનું એમનાં નાટકોમાં બંડ એ એમની શૈલીગત વિશેષતા છે, તો તે વખતના બુર્જવા સમાજની રૂઢ પરંપરાઓ અને અર્થહીન વ્યવહારો પ્રત્યેનો કટાક્ષમય આક્રોશ ચૈતસિક વિસંગતિઓ દ્વારા નાટ્યાલેખ પામ્યો છે. તત્કાલીન વાસ્તવલક્ષી રંગમંચ પ્રવૃત્તિ સામે વિસંગતિઓથી ભરપૂર એમની નાટ્યવિધામાં અતિવાસ્તવવાદ અને અપ્રતિનિધાનની પ્રયુક્તિઓ ધ્યાનાર્હ બની રહી. એમણે પોતાનાં નાટકોમાં માનવ-સંબંધોની વિલક્ષણતા, નિરર્થક વાગ્વ્યવહાર, સ્વપ્નશીલ સંકુલ મનોઘટનાઓ વગેરેના નિરૂપણ દ્વારા માનવજીવનની હતાશા અને વરવાપણાને ચિત્રિત કર્યાં છે. આમાંથી એક પ્રકારનું વિભિષણ હાસ્ય પ્રકટે છે; પણ એની પાછળ ભારોભાર કરુણતા અને કરુણા છે. યુદ્ધોત્તર યુરોપીય માનવ-જીવનને ઍબ્સર્ડની રાહે આલેખવાનો એમનો ભગીરથ અને ભવ્ય પુરુષાર્થ એમને એ દિશાના ટોચના નાટ્ય-સર્જક તરીકે પ્રસ્થાપિત કરી આપે છે. ભાષા દ્વારા જ પ્રતિભાષા અને નાટક દ્વારા જ પ્રતિ-નાટકનો એમનો સિદ્ધ પ્રસિદ્ધ પ્રયોગ લાંબો કાળ ભૂલ્યો ભુલાશે નહિ. - **ધી. ૫.**

અવલોકન

જનક્ષત્રિયનો ઈતિહાસ

હૈહયવંશના ક્ષત્રિય રાજવી સહસ્રાર્જુન કાર્તવીર્ય સાથે જ્યારે જમદગ્નિ ઋષિના પુત્ર પરશુરામનો સંઘર્ષ થયો ત્યારે સહસ્રાર્જુનને હણ્યા પછી પરશુરામે સમગ્ર ક્ષત્રિયોનો સંહાર કરવા માંડ્યો. એમાંથી બચવા કેટલાક ક્ષત્રિયોએ સૂર્યની ઉપાસના કરી પોતાના રક્ષણ માટે પ્રાર્થના કરી, અને સૂર્યદેવે એમને ક્ષાત્રકર્મનો ત્યાગ કરી વિધવિધ કલાકારીગરીના વ્યવસાય અપનાવી પોતે ક્ષત્રિય નથી એવું બતાવી પરશુરામથી બચવાનો પ્રયાસ કરવા સૂચવ્યું. આ રીતે વિવિધ વ્યવસાય અપનાવીને રહેલા ક્ષત્રિયો તે જનક્ષત્રિયો. જનશાળી તરીકે પણ તેઓ ઓળખાતા, આ જનક્ષત્રિય શબ્દ પાછળ વેદકાળ સુધી લંબાતો એક મહાપરાક્રમી પ્રજાનો ઇતિહાસ છે. જુદાજુદા કાળે આ પ્રજા જુદાંજુદાં નામે ઓળખાતી હતી, પણ એક નામને બીજા નામ સાથે જોડતી ઇતિહાસની કડીઓ વિસરાતી જઈ એમની તેજસ્વી તવારીખ ભુલાઈ ગઈ. આ જ જનક્ષત્રિયો મહાભારતના પાંડવોના કુરુકુળના વંશજો છે અને કુરુકુળ એ વેદકાળના મહાપ્રતાપી ભરતકુળની જ એક શાખા હતી. હજારો વર્ષના એ સળંગ ઇતિહાસની ખૂટતી કડીઓને વેદ, ધર્મશાસ્ત્રો, મહાભારત, પુરાણો અને પ્રાચીન ગ્રંથોમાંથી પ્રમાણભૂત

પુરાવાઓ રૂપી સાંધણથી જોડીને સળંગ સાંકળરૂપે રજૂ કરવાનો આ પુસ્તકમાં પુરુષાર્થ જોવા મળે છે.

આ કાર્યમાં તેના લેખક (સ્વ.) બી. જી. વાઘેલાએ અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી ભાષાના ૭૭ જેટલા પ્રમાણગ્રંથો તથા અન્ય લેખસંદર્ભોનો ઉપયોગ કરી પુસ્તકને પ્રમાણભૂત બનાવ્યું છે. આ બધા ગ્રંથોની યાદી પણ એમણે આપી છે, જે આ વિષયમાં રસ ધરાવનારને પણ ઉપયોગી બની શકે. વળી, સોલંકી, વાઘેલા, પરમાર, ચાવડા, પઢિયાર, ગોહેલ, ચૌહાણ, ચોંડાગર, રાઠોડ, વાજા, વાઢેર, યાદવ, વાળા, સોઢા, વડે અને મારૂ અટકોનો ઇતિહાસ પણ તેમણે સમાવ્યો છે.

જ્ઞાતિઓના ઇતિહાસ અને આ પ્રકારના સંશોધનમાં રસ ધરાવતા સૌને માટે ઉપયોગી એવું આ પ્રકાશન જનક્ષત્રિયો વિશે ઘણી નવી અને પ્રમાણભૂત માહિતી પૂરી પાડે છે. શ્રી વાઘેલાની પુણ્યસ્મૃતિમાં સૂર્યકાન્તાબહેન દેસાઈ (અક્ષરકિરણ, ૬, સુદર્શન સોસાયટી, નં-૨, નારણપુરા, અમદાવાદ-૧૩) દ્વારા પ્રકાશિત આ ડિમાઈ સાઈઝનાં ૧૦૯ પાનાંનું મબલખ માહિતીપૂર્ણ પુસ્તક હાલ તો લગભગ અપ્રાપ્ય હોઈ મેળવી શકાય તો અવશ્ય વાંચવા જેવું છે. ❑

પ્રાપ્ત પ્રકાશનો

લોકમિલાપ ટ્રસ્ટનાં ત્રણ પ્રકાશનો

કુરબાનીની કથાઓ : 'કથા ઉ કાહિની' નામનું શ્રી રવીન્દ્રનાથ ઠાકુરનું એક પુસ્તક છે. તેમાં એમણે તવારીખમાંથી સ્વાર્પણને ત્યાગનાં સુંદર ભાવના-પ્રસંગો વીણીને પોતાનાં ઓજસ્વી પદ્યમય કથાગીતો રૂપે આલેખ્યાં છે. આ કથાગીતોમાંથી ચૂંટેલાં અઢારની ઘટનાઓને સ્વ. શ્રી મેઘાણીએ ગદ્યમાં ઉતારીને ૧૯૨૨માં પ્રકટ કરેલી. એ પછી તો તેની સાત આવૃત્તિઓ અને આઠ પુનર્મુદ્રણો થયાં. ૧૯૭૭માં આઠમી આવૃત્તિ અને તેનાં ચાર પુનર્મુદ્રણો થયાં જે તેની લોકપ્રિયતાનાં દ્યોતક છે.

(પૃ. ૯૬, કિંમત રૂ. ૫/-)

અણનમ માથાં : વીરતા અને ખાનદાનીની પ્રેરણા પાતી સ્વ. શ્રી મેઘાણીની વાર્તાઓના સંગ્રહ 'સૌરાષ્ટ્રની રસધાર'ના પાંચ ભાગમાંથી ચૂંટેલી પાંચ સુંદર વાર્તાઓ. (પૃ.૪૭, કિં. રૂ. ૪/-)

નાના થૈને રે ! : સ્વ. શ્રી મેઘાણીનાં પચ્ચીસ સુંદર બાળગીતો. (પૃ. ૪૫, કિં. રૂ. ૪/-) (આ ત્રણ સંગ્રહોનો સંપુટ ક્રાઉન સાઈઝમાં, પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. નં. ૨૩, સરદારનગર, ભાવનગર ૩૬૪ ૦૦૨

પરિચય ટ્રસ્ટની ત્રણ પુસ્તિકાઓ

યુરોપનું એકીકરણ : વાદ-વિવાદ છોડીને આર્થિક તથા રાજકીય રીતે આજે થઈ રહેલું યુરોપનું એકીકરણ એ સમગ્ર જગતના રાજકીય અને આર્થિક ઇતિહાસની એક અપૂર્વ ઘટના છે. આ એકીકરણ પાછળની ભૂમિકા, એની નાણાવ્યવસ્થા અને ચલણ, એની ભારત પર પડતી અસર અને આ યુરોપીય સંઘની સંસ્થાઓ વગેરેની માહિતી આપતી પુસ્તિકા. લેખક : **હેમન્તકુમાર શાહ.**

ઍસિડ રેઈન : પૃથ્વી સમક્ષ ઊભી થએલી ને થઈ રહેલી કુદરતની અનેક વિકરાળ સમસ્યાઓમાંની એક 'ઍસિડ રેઈન' વિષેની વિગતે સમજ આપવા સાથે તેની સામેના શક્ય ઉપાયોનો ખ્યાલ આપતી પુસ્તિકા.

- અરુણકુમાર મ. દવે.

ચાર વેદો : આપણી હજારો વર્ષ જૂની સંસ્કૃતિના ઉગમસ્થાન આપણા આ સૌથી પુરાણા ગ્રંથો - ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદનો પરિચય આપતી પુસ્તિકા

- જ્યોત્સ્ના તન્ના.

(પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમૉરીઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્નીરોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨. દરેક પુસ્તિકાની કિં. રૂ. ૪/-

સરિતાઓના સાન્નિધ્યમાં : ગુજરાતની લોકમાતા સરિતાઓના પોતાના પ્રવાસ-લેખોથી 'કુમાર'ના વાચકોમાં સવિશેષ જાણીતા શ્રી રામપ્રસાદ શુક્લની એ પદયાત્રાઓના લેખોના સંગ્રહ. આ બારેય લેખો પ્રવાસવર્ણન બની ન રહેતાં જે તે નદીપટની ઐતિહાસિક અને ભૌગોલિક એવી અનેક નવી માહિતી સાથે એ નદીના પ્રવાહપટમાં વસતા લોકોનો પણ પરિચય આપે છે. (ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૪, કિં. રૂ. ૬૦/- પ્રકાશક : રામપ્રસાદ શુક્લ, ૯, નૂતન સોસાયટી, પાલડી, અમદાવાદ-૭

જગતજનની મા અંબાજી : પુરાણપ્રસિદ્ધ અંબાજી માતાના ગુજરાતની ઉત્તરે આવેલા લગભગ ૮૦૦ વર્ષ પુરાણા અંબાજી મંદિરને જીર્ણોદ્ધાર પછી તાજેતરમાં ખુલ્લું મૂકવામાં આવ્યું તે નિમિત્તે ત્યાંના ટ્રસ્ટે જે પરિચયપુસ્તિકા પ્રકટ કરી છે તેમાં અંબાજીમાતાની આદ્યકથા, તેના પૌરાણિક અને સમસામયિક ઉલ્લેખો વગેરેનો શ્રદ્ધેય નિર્દેશ કરી આ ટ્રસ્ટની સમાજલક્ષી પ્રવૃત્તિઓનો પણ ચિતાર આપવામાં આવ્યો છે. પૂરેપૂરી પુસ્તિકા આર્ટ પેપર પર કમ્પ્યૂટર કંપોઝ દ્વારા સુઘડ રીતે છપાએલી છે. અનેક તસવીરોથી ભરપૂર આ પુસ્તિકા જિજ્ઞાસુઓ અને શ્રદ્ધાવાનોને ઉપયોગી થઈ પડે તેવી છે. (રોયલ કદના ૩૨ પૃષ્ઠ, ચારરંગી છપાઈ, રૂ. ૨૧, તૈયાર કરનાર : રતિલાલ સાં. નાયક અને કૌશિક અમીન, પ્રકા. શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન. ટ્રસ્ટ, અંબાજી) ❑

અનુસંધાન] **વાચકો** [પૃ. ૨૦૨ પરથી

અહીં કવિના જન્મદિન અંગે ૭મી મેના દિવસે સંવર્ધના-સમારોહ યોજવામાં આવ્યો હતો. આ અનુષ્ઠાનમાં ચૈનિક દાર્શનિક, અધ્યાપક ડૉ. હોશિએ પૌરોહિત્ય કર્યું હતું, અને તેમણે પેકિંગ ક્રિસેન્ટ મૂન સોસાયટી તરફથી કવિને 'ચૂ-ચેન-તાન' ઉપાધિ અર્પણ કરી હતી, જેનો અર્થ છે ભારતનું 'મેઘ-મંદ્રિત-પ્રભાત'. આ ઉપરાંત કવિના સાથીઓએ પણ જુદું અનુષ્ઠાન યોજ્યું હતું. કાલિદાસ નાગ મહાશયે નાનું એવું સ્વરચિત કાવ્ય વાંચ્યું હતું. નંદલાલ બસુએ પ્રસંગોચિત ચિત્ર અર્પણ કર્યું હતું, જ્યારે ક્ષિતિમોહન સેને કાવ્ય અને કવિને ઉદ્દેશીને પ્રશસ્તિશ્લોક રચી ભાવવાહી રીતે વાંચ્યો હતો. - મોહનદાસ પટેલ (અમદાવાદ)




પૃથ્વીની પુત્રી સીતાનું અગ્નિસ્નાન સ્મરાવતું
અગ્નિસ્નાન કરે પૃથ્વી સદા વૈશાખ-ચૈત્રમાં !
અત્યુગ્ર સાર્વભૌમત્વ ગ્રીષ્માગ્નિનું બધે ફરે
નિત્ય વૈરી મહા વારિપટો પે તાપ વિસ્તરે.

પ્રજારામ રાવળ

ડૉ. એ. પી. મિત્રા

લંડનની રૉયલ સોસાયટીના ફેલો નિયુક્ત થવું તે એક પ્રકારનું આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ સન્માન ગણાય છે જે અત્યંત ઉચ્ચકોટિના વિજ્ઞાનીને જ પ્રાપ્ત થાય છે. આ શ્રેષ્ઠ સન્માન જેઓ મેળવી ચૂક્યા છે તેમ જ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ - નવી દિલ્હીના ડાયરેક્ટર જનરલનું પદ જેમણે શોભાવ્યું છે તેવા પ્રસિદ્ધ અને પ્રતિભાસંપન્ન આધુનિક ભારતીય વિજ્ઞાની ડૉ. એ. પી. મિત્રાનો જન્મ ઈ.સ. ૧૯૨૭માં થયો હતો.

ડૉ. એ. પી. મિત્રાનું પૂરું નામ ડૉ. અશેષ પ્રસાદ મિત્રા છે. તેમણે કલકત્તાની બંગભાષી કૉલેજમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. પ્રેસિડન્સી કોલેજ-કલકત્તામાં તેઓ ભૌતિકશાસ્ત્રમાં એમ.એસસી. થયા. પ્રો. એસ. કે. મિત્રા (એફ.આર.એસ.)ના માર્ગદર્શન નીચે કલકત્તા યુનિવર્સિટીમાંથી ઈ.સ. ૧૯૫૫માં ભૌતિકશાસ્ત્રમાં જ ડૉક્ટરેટની પદવી મેળવી, એટલું જ નહીં, પ્રો. એસ. કે. મિત્રા (રોયલ સોસાયટીના ફેલો)ની દેખરેખ નીચે જ આયનમંડલીય સંશોધન-શાળામાંથી તેમના વૈજ્ઞાનિક જીવનની શરૂઆત પણ થઈ. પછી તેઓ ઑસ્ટ્રેલિયામાં સિડનીના રાષ્ટ્રમંડળના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંગઠનના રેડિયો ભૌતિકશાસ્ત્રના જૂથમાં જોડાયા. ત્યાર બાદ તેઓ ઈ.સ. ૧૯૫૧માં કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઇન્સ્ટિટ્યૂટમાં રિસર્ચ ઑર્ગેનાઈઝેશનના રેડિયો ફિઝીક્સ વિભાગમાં ઑસ્ટ્રેલિયા ખાતે ફેલો નિયુક્ત થયા. ઈ.સ. ૧૯૫૨થી ૧૯૫૪ સુધી તેઓ અમેરિકાની પેન્સિલવેન્યા સ્ટેટ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ અને એસોસિયેટ પ્રોફેસર રહ્યા. ઈ.સ. ૧૯૫૪માં કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ રિસર્ચ સંસ્થામાં રેડિયો રિસર્ચ કમિટીમાં સેક્રેટરી બન્યા. ત્યાર બાદ તેઓ રેડિયો પ્રોપેગેશન એકમના અધ્યક્ષ તરીકે પણ નિમણૂક પામ્યા. ઈ.સ. ૧૯૫૪માં જ સ્વદેશ આવ્યા. રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળા - નવી દિલ્હીમાં કાર્ય કર્યું. ત્યાં રેડિયો-વિજ્ઞાન સ્કૂલની સ્થાપના કરી. આજે આ સ્કૂલને ખૂબ જ પ્રસિદ્ધિ મળી છે, એટલું જ નહીં, તેમના નેતૃત્વ નીચે આયન-



ટ્યુનિશિયામાં કેરવાન એ એક મહત્ત્વનું નગર છે. નવમી સદીમાં દક્ષિણ યુરોપના દેશો સામેનાં મુસ્લિમ ધર્મયુદ્ધોનું એ કેન્દ્ર હતું, અને હજીયે તે પૂર્વ મઘરબમાં મુસ્લિમોનું પવિત્ર યાત્રાધામ ગણાય છે. ઈ.સ. ૬૭૦માં સીદી અકબાએ કેરવાનની સ્થાપના કરેલી. અહીંની મોટી મસ્જિદ બહુ પવિત્ર ગણાય છે. એના વિશાળ પ્રાર્થના કક્ષમાં ૧૫૦ જેટલા સ્તંભો છે જે રોમન અને બાઈઝેન્ટાઈન કાળના ટ્યુનશિયાનાં વિવિધ સ્થળોએથી એકઠા કરેલા છે. આ મસ્જિદમાં એક વિશાળ ઝુમ્મર છે જે ટ્યુનિશિયાના પ્રમુખ હબીબ બુર્ગીબાએ ભેટ આપેલું. દુનિયાનું એ આ પ્રકારનું સૌથી મોટું ઝુમ્મર ગણાય છે. આ ઝુમ્મરના કેન્દ્રની બરાબર નીચેથી લીધેલો આ ફોટોગ્રાફ છે.

મંડલીય ભૌતિકશાસ્ત્રમાં ઘણા ભારતીય વિજ્ઞાનીઓએ અગત્યનાં સંશોધનો પણ કર્યાં છે.

ડૉ. એ. પી. મિત્રાએ ઈ.સ. ૧૯૬૬થી ૧૯૭૩ સુધી નૅશનલ ફિઝિક્સ લૅબોરેટરીમાં સેવા આપી. તેમાં તેઓએ ડેપ્યુટી ડાયરેક્ટરનું પદ પણ શોભાવ્યું. ઈ.સ. ૧૯૭૪થી ૧૯૮૧ સુધી તેઓએ વિજ્ઞાની તરીકે કાર્ય બજાવ્યું. પછી એપ્રિલ, ઈ.સ. ૧૯૮૨થી ફેબ્રુઆરી, ૧૯૮૬ સુધી નૅશનલ ફિઝિક્સ લૅબોરેટરીના ડાયરેક્ટર તરીકે સેવા આપી.

ડૉ. એ. પી. મિત્રા કૉસ્મિક રેડિયો નોઈઝ ટેક્નીકના જન્મદાતા છે. આ અંગે સોલાર ફિઝીક્સ લૅબોરેટરીમાં તેમણે એક ખાસ વિભાગ બનાવ્યો. આપણે જાણીએ છીએ કે હાલમાં

કૉસ્મિક રેડિયો નોઈઝ ટેક્નીકનો આયન-મંડલીય સંશોધનોમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે.

આ ઉપરાંત પર્યાવરણ, રેડિયો સંદેશાવ્યવહાર, આયનોસ્ફિયર ફિઝીક્સ, વાતાવરણીય રસાયણશાસ્ત્ર તેમ જ અવકાશીય સંશોધનો વગેરે અનેક ક્ષેત્રોમાં તેઓનું સંશોધનકાર્ય ખૂબ જ વિખ્યાતિ પામ્યું છે, એટલું જ નહીં, વાયુમંડલીય રસાયણ સંશોધનમાં વિશ્વમાં આગળ પડતા વિજ્ઞાનીઓમાંના તેઓ એકમાત્ર ભારતીય વિજ્ઞાની છે. તેમણે વાતાવરણના ડી-રિજિયન વિશે કેટલાક પ્રયોગો કર્યા. આયનો અને ન્યુટ્રલ રસાયણશાસ્ત્ર વિશે અભ્યાસ કર્યો. તેમણે નાઈટ્રિક ઑક્સાઈડ આયનોસ્ફિયરમાં કઈ રીતે અસર કરે છે તેની માહિતી મેળવી. વાતાવરણમાં રોજિંદી ઘટનાઓ, પ્રદૂષણ અને વાતાવરણીય અસ્થિરતા તેમ જ ઑટોસ્ટિક રડાર અંગેની જાણકારી વિશ્વ સમક્ષ મૂકનાર તેઓ સૌપ્રથમ વિજ્ઞાની છે.

ભારતના વિકિરણ વિજ્ઞાનના સંશોધનના વિકાસમાં ડૉ. એ. પી. મિત્રાનો મહત્ત્વનો ફાળો છે. લગભગ ૩૨ વર્ષ પહેલાં તેઓ ભારતીય આંતરરાષ્ટ્રીય ભૂ-ભૌતિકશાસ્ત્ર વર્ષના કાર્યક્રમના માર્ગદર્શક રહ્યા હતા. તેમણે ત્રણ દસકા સુધી આયન-મંડલ ઉપર સંશોધનકાર્ય કર્યું છે. તેમણે અલ્પકોણીય ઉપગ્રહ રેડિયો બીકન અધિગ્રહણ, સૂક્ષ્મ તરંગ વિકિરણમિતિ, સૂક્ષ્મ બેરોગ્રાફ, ઉચ્ચ-આવૃતિ ડોપ્લર પ્રયોગ દ્વારા ભારતમાં ક્ષોભમંડલીય વિકિરણ સંશોધનની શરૂઆત કરાવી. તેમણે ભારતીય 'સમય'નો વિકાસ તથા આવૃતિ માનકોની વૃદ્ધિને પ્રોત્સાહિત કરી છે. તેઓએ ગ્રીન હાઉસ ઇફેક્ટ તેમ જ ઓઝોન સ્તરમાં પડેલાં ગાબડાં અને તેમાં થતી ક્લોરોકાર્બનની અસરને ખૂબ જ સારી રીતે સમજાવ્યા. વાતાવરણના ફેરફારોથી વરસાદની અનિયમિતતા, મિથેન વાયુના વધુ પ્રમાણથી થતી આડઅસરો અને તેના ઉપર નિયંત્રણ કેમ કરવું એ બાબતે પોતાના ઉમદા વિચારો વિશ્વ સમક્ષ મૂક્યા છે.

ડૉ. એ. પી. મિત્રાએ ઈ.સ. ૧૯૭૮થી ૧૯૮૦ સુધી જવાહર નેહરુ ફેલોશિપ મેળવી હતી. આ ઉપરાંત તેઓ પોતાનાં અનેક વિશિષ્ટ સંશોધનો માટે કેટલીય સંસ્થાઓ દ્વારા વિભિન્ન સન્માનો અને પુરસ્કારો વડે સન્માનિત થયા છે. જેમ કે, તેઓને ઈ.સ. ૧૯૫૫માં કલકત્તા વિશ્વવિદ્યાલય દ્વારા સુવર્ણચંદ્રક તથા પ્રેમચંદ રાયચંદ પુરસ્કાર, ઈ.સ. ૧૯૬૮માં ઇન્સા ચંદ્રક, ઈ.સ. ૧૯૮૨માં યુ.જી.સી. દ્વારા પ્રો. સી. વી. રામન પુરસ્કાર, ૧૯૮૨માં જ ફિક્કી પુરસ્કાર, ૧૯૬૮માં શાંતિ સ્વરૂપ ભટ્નાગર મેમોરિયલ પુરસ્કાર, ૧૯૮૭માં શ્રી ઓમપ્રકાશ ભાસિન્ ફાઉન્ડેશન ફૉર સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી પુરસ્કાર, ઇલેક્ટ્રોનિક અને ટેલિકૉમ્યુનિકેશન માટે પુરસ્કાર... વગેરે અનેક પુરસ્કારો મળ્યા. સાથે સાથે ઘણાં સન્માનો પણ પ્રાપ્ત કર્યાં છે. જેમ કે, ઈ.સ. ૧૯૬૧માં તેઓ ઇન્ડિયન નૅશનલ સાયન્સ અકાદમીના ફેલો નિમાયા. તેઓ ઈ.સ. ૧૯૬૩માં ઇન્ટર-નેશનલ અકાદમી ઑફ ઍસ્ટ્રોનિકમાં સભ્ય બન્યા. ઈ.સ. ૧૯૭૫માં કમિશન 'જી' ઇન્ટર નેશનલ સાયન્ટિફિક રેડિયો યુનિયનના વાઈસ-ચૅરમૅન હતા. ઈ.સ. ૧૯૭૮ અને ૧૯૮૧માં તથા ૧૯૮૪-૮૭ સુધી આ સંસ્થાના પ્રમુખ રહ્યા. ઈ.સ. ૧૯૭૫માં તેઓ ઇન્ડિયન અકાદમી ઑફ સાયન્સમાં ફેલો નિમાયા. ઇન્ટર નેશનલ ઑફ રેડિયો સાયન્સના અધ્યક્ષપદે નિયુક્તિ પામનારા તેઓ પ્રથમ ભારતીય તથા બીજા નંબરના એશિયાઈ વિજ્ઞાની છે. ઈ.સ. ૧૯૮૮માં તેઓ થર્ડ વર્લ્ડ ઍકેડેમી ઑફ સાયન્સમાં ફેલો અને ઈ.સ. ૧૯૮૮માં જ રૉયલ સોસાયટીના પણ ફેલો નિમાયા.

ડૉ. એ. પી. મિત્રાએ જે રેડિયો સંચાર પ્રાગતિકનો પ્રારંભ કર્યો છે તે દેશના સમગ્ર વિકિરણ ટ્રાન્સપોર્ટ સંગઠનો માટે ખૂબ જ લાભદાયી છે. તેઓએ જે એસોસિયેટ રિજિયોનલ વૉર્નિંગ સેન્ટરની સ્થાપના કરી છે તેની મદદથી પૂરા ભારતીય ઉપ-મહાદ્વીપોમાં સૌર અને ભૂ-ભૌતિકશાસ્ત્રીય આંકડાઓનું ખૂબ જ ઝડપથી પ્રસારણ થઈ શકે છે.

ડૉ. એ. પી. મિત્રાએ અત્યાર સુધીમાં લગભગ ૧૬૦થી વધુ સંશોધન-પત્રો પ્રસિદ્ધ કર્યા છે. આ ઉપરાંત તેમણે સૂર્યમાંથી ઉત્પન્ન થતી ઉષ્મા-જ્વાળાઓ વાતાવરણના બંધારણમાં કઈ રીતે અસર કરે છે તે બાબતે રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરી એક સુંદર પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. આ પુસ્તકનો રશિયન ભાષામાં અનુવાદ પણ થયો છે. વધુમાં તેમણે આંતરરાષ્ટ્રીય સ્પેસ રિસર્ચ વૉલ્યૂમ-૮નું સંકલન પણ કર્યું છે.

તેઓ રાષ્ટ્રીય વિજ્ઞાન અકાદમીના સન્માનિત ફેલો છે. આંતરરાષ્ટ્રીય અંતરિક્ષયાન વિજ્ઞાન અકાદમીના પણ છે. ૨૬ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૬થી તેઓ કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ રિસર્ચના ડાયરેક્ટર જનરલ તરીકે પોતાની ઉત્તમ સેવા બજાવી રહ્યા છે.

ડૉ. એ. પી. મિત્રા ભારતનું ગૌરવ છે. હાલમાં તેઓ પર્યાવરણ ઉપર તેમનું સંશોધનકાર્ય કરી રહ્યા છે. આપણે ઇચ્છીએ કે પર્યાવરણ તેમને સર્વ પ્રકારે ઇચ્છિત તંદુરસ્તી સાથે દીર્ઘ આયુષ્ય બક્ષે કે જેથી આ ગૌરવવન્તા આધુનિક ભારતીય વિજ્ઞાની, ભારતને તથા સમગ્ર વિશ્વને પોતાની વિશિષ્ટ શક્તિઓનું જ્ઞાનપ્રદાન કરતા રહે તેવી. - **મોહનભાઈ એચ. વિરોજા**

સુખની શોધ

સુખની શોધ ન હોય એવો કોઈ માણસ જડવો મુશ્કેલ છે. તન સ્વચ્છ હોય, મન સ્વસ્થ હોય અને જીવન સુવાસિત હોય તો જ સુખનું વિમાન જીવનભૂમિ પર ઉતરાણ કરી શકે. સુખી થવું એ તો માણસનો જીવનસિદ્ધ અધિકાર છે. સાચું સુખ શેમાં, તે શોધવું એ એનો ધર્મ છે અને નિર્મળ સુખ પામવું એમાં એના

(અનુસંધાન પૃ. ૨૨૨ ઉપર)

> સુખી જીવન મળે તો નીર સમ કલરવ કરી વહેજે !
> વિપત્તિનો પવન જો વાય તો પર્વત બની રહેજે !
> ગની દહીંવાળા

> ઘણના ઘા નહિ,
> પણ નાચતા કૂદતા જળનું સંગીત
> કાંકરાને સુંવાળા બનાવે છે.
> **રવીન્દ્રનાથ ઠાકુર**

વિશ્વના મહાન દાર્શનિક સૉક્રેટીસના જીવનનો આ પ્રસંગ છે. તેઓ જેલમાં હતા ત્યારે તેમના શિષ્ય ક્રીટોએ જણાવ્યું કે જેલમાંથી ભાગી છૂટવાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે અને ચોકિયાત સૈનિકને ફોડી નાખ્યો છે. બીજા દિવસે ક્રીટોએ ફરી સૉક્રેટીસને જેલમાંથી નાસી જવા જણાવ્યું.

આ સાંભળી સૉક્રેટીસે શિષ્ય ક્રીટોને કહ્યું કે રાત્રે ઍથેન્સ નગરીના કાયદાઓ સાથે સ્વપ્નમાં પોતાને વાર્તાલાપ થયો હતો. કાયદાઓ પૂછતાં હતા. 'સૉક્રેટીસ, તને અમે ક્યાંય ન નડ્યા, અને હવે તને અમે તરછોડવા જેવા લાગ્યા ?'

શિષ્ય ક્રીટો સંવાદનો મર્મ પામી ગયો કે ભૌતિક જીવનનાં થોડાં વર્ષો વધુ જીવવા મહાત્મા સૉક્રેટીસ કાયદાઓનું ઉલ્લંઘન કરનાર નથી. કેવી અજબની નાગરિકતા અને કાનૂનપ્રિયતા ! ક્યાં આજની આપણી ડગલે ને પગલે કાયદા-કાનૂનોનો ભંગ કરવાની હીન મનોવૃત્તિ !

અમદાવાદની એક શાળા રિપબ્લિકન હાઈસ્કૂલના સીનિયર ક્લાર્ક શેખ નિઝામુદીન જમાલુદીન હિજરી સન ૧૪૦૮ની મહોરમના પહેલા દિવસ (તા. ૨૭ ઑગસ્ટ, ૧૯૮૭)થી ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને રોજા રાખવા માંડેલા તે આજ લગભગ આઠ વર્ષે પણ હજુ ચાલુ જ છે.

ખાંડેલાં મરચાં કે હળદરની બરણીમાં આખા મીઠાના ગાંગડા મૂકવાથી તેમાં જિવાત પડશે નહિ.

ચલણી નોટો પર પડેલા ચીકણા ડાઘને નવસાર અને ચૂનાના મિશ્રણને ગરમ કરવાથી નીકળતા વાયુ વડે દૂર કરી શકાશે.

ગણિતગમ્મત : ૨૦૭૯ રકમને તમે ૩, ૭, ૯ અને ૧૧ વડે ભાગી શકો. આ રકમને ઊલટાવીને ૯૭૦૨ને પણ તમે ૧૧, ૯, ૭ અને ૩ વડે ભાગી શકશો.

સામાન્ય રીતે મનુષ્યની આંખ પ્રત્યેક વ્યક્તિમાં સરખા જ કદની હોય છે, લગભગ ૨૪ મી.મી.ની

પોસ્ટલ સ્ટૅમ્પનો શોધક ઇંગ્લેંડના બર્મિંગહામનો સર રોનાલ્ડ હિલ ૧૨ વર્ષની નાની વયે ગણિતશિક્ષક બન્યો હતો.

હેલસિલાસી યુનિવર્સિટીના એક કર્મચારીને અચાનક વાળ ગણવાની ધૂન ઊપડી. એણે પોતાના વાળ કપાવ્યા પછી ગણવાના શરૂ કરી દીધા. ચાર વર્ષમાં પોતાના બધા વાળ ગણી નાખ્યા. એની કુલ સંખ્યા ૧,૧૨,૫૦૩ થઈ હતી.

ઑસ્ટ્રેલિયામાં કોલા નામની જાતિનાં રીંછ થાય છે. ઉનાળામાં તે પોતાના મોંમાં ઉત્પન્ન થતાં લાલ પ્રવાહીને પોતાના શરીર પર ઘસીને બહારની ગરમીથી રક્ષણ મેળવે છે.

અમેરિકામાં 'ફિલિટરિઝકેવ સિસ્ટમ' નામની ગુફા આવેલી છે. દુનિયાની તે લાંબામાં લાંબી ગુફા છે. તેની લંબાઈ ૭૩ માઈલ છે.

લંડનની કાઉન્ટેસ હારકોર્ટનો રત્નજડિત હાર હરાજીમાં ૨૮ મિલિયન ડૉલરમાં વેચાયો હતો.

પિત્તની ઊલટી થતી હોય તો ખાવાનો સોડા ત્રણ-ચાર ગ્રામ અને તેટલી જ દળેલી ખાંડની ફાકી બબ્બે કલાકે લેવાથી રાહત થશે.

ભીંડાનું શાક ચીકણું ના બને તે માટેતેમાં રાંધતી વખતે લીંબુ નીચોવવું.

શરદી અને સળખમ થયાં હોય તો હળદરનો ધુમાડો લેવાથી રાહત અનુભવશો.

તુલસી, સુખડ અને લીમડાનાં પત્તાંનો કપાળ પર લેપ કરવાથી માથાનો દુખાવો મટે છે.

યમનના રાજવીએએ પોતાના શાહી કોટની પાછળ ૬૦ ફૂટ લાંબો પટ્ટો ઝૂલતો રખાવેલો. આ પટ્ટો જમીન પર ઘસડાય નહિ તે માટે ૫૦ નોકરો તેને ઉપાડી ચાલતા હતા.

સફેદ ચિત્તો દુનિયામાં સૌપ્રથમ આસામમાંથી મળી આવ્યો હતો.



કલાકણિકા : કાષ્ટમાં કૌશલભરી આંટીઘૂંટીવાળી ભાત કોતરેલી પ્રાચીન ચીનની એક ફૂલદાની.



નદી કિનારે • ૧૯૩૫માં ભરૂચથી શુકલતીર્થ જતાં માર્ગમાં જોવા મળેલું એક સુંદર દૃશ્ય (ફોટો : મણિભાઈ મિસ્ત્રી)